
# જૂલે વર્ન

# ડોલ્ફિન

અનુવાદ : જીગર શાહ



ઉત્તમ
સાહિત્યનું પ્રતીક

૧૯૨૬થી

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook



જૂલે વર્નની આ કૃતિ **'ડોલ્ફિન'** ૧૮૬૧થી ૧૮૬૫ સુધી અમેરિકામાં થયેલા ભયંકર ગૃહયુદ્ધને પશ્ચાદ્‌ભૂમિકામાં રાખીને લખાઈ છે. અમેરિકાના તે સમયના ઈતિહાસ તથા તે સ્થળની ભૂગોળના પરિપ્રેક્ષ્યમાં સાહસ અને પ્રેમની આ અદ્‌ભુત કથાનું આલેખન થયું છે.

૧૬મી સદીથી જ યુરોપના કેટલાક દેશો દ્વારા આફ્રિકી ગુલામોનો વેપાર અમેરિકામાં થતો હતો. ૧૭૭૬માં અમેરિકાની આઝાદી બાદ એક આખો વર્ગ આ ગુલામીપ્રથાની નાબૂદી ઈચ્છતો હતો, પરંતુ અમેરિકાના ઘણા પ્રમુખોના પ્રયત્નો છતાં રાજકીય તેમ જ આર્થિક કારણોને લીધે એ શક્ય બન્યું ન હતું. આખરે ૧૮૬૧માં અમેરિકાના ૧૬મા પ્રમુખ અબ્રાહમ લિંકને સત્તા પર આવતા વિધિવત ગુલામી નાબૂદી ધારાની જાહેરાત કરી. તેને કારણે સમગ્ર અમેરિકા ઉત્તરના અને દક્ષિણના અનુક્રમે ગુલામી નાબૂદી અને ગુલામી ચાલુ રાખવાના હિમાયતીઓ વચ્ચે બે ભાગમાં વહેંચાઈ ગયું. અમેરિકી સરકારે એ બાબતે નમતું ન જોખતા સમગ્ર અમેરિકા આંતરવિગ્રહની જવાળાઓમાં લપેટાઈ ગયો. સતત ૪ વર્ષ સુધી ચાલેલા આ યુદ્ધમાં લાખો લોકોનું લોહી રેડાયું. છેવટે ઉત્તરના રાજ્યોની અમેરિકી સરકાર ગુલામીપ્રથા નાબૂદીના અમલમાં સફળ રહી, પરંતુ તેની કિંમત પ્રમુખ અબ્રાહમ લિંકને પોતાના જાનથી ચૂકવવી પડી હતી. ૧૮૬૫માં લિંકનની હત્યા થઈ ત્યારે બંધારણ અને કાયદાઓ મુજબ તો ગુલામી નાબૂદ થઈ હતી. છતાં શ્વેત અને અશ્વેતો વચ્ચેના ભેદભાવ આજે ૧૫૦ કરતા પણ વધુ વર્ષે સંપૂર્ણ રીતે મટી ગયો છે એમ કહી શકાય નહીં.

જૂલે વર્નની આ નવલમાં અંગ્રેજોની લાલચુ વેપારીવૃત્તિના દર્શન પણ ખૂબ સારી રીતે થયા છે. આર્થિક લાભ ખાતર કંઈ પણ કરી છૂટવાનું અંગ્રેજ પ્રજાનું માનસ આ નવલમાં જૂલે વર્ને ખૂબ જ સારી રીતે ગૂંથી લીધું છે.

# ડોલ્ફિન

# જૂલે વર્ન

**અનુવાદ :** જીગર શાહ


**આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.**

**પુસ્તક, પ્રકાશક અને વિક્રેતા**

૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ,
અર્થબાગ,
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ',
રૉયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩
Web : www.rrsheth.com
E-mail : sales@rrsheth.com

**DOLFIN,** Adventure Story
Originally Written by JULES VERNE in French
as ***LES FORCEURS DE BLOCUS***
Translated into Gujarati by Jigar Shah
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai ☐ Ahmedabad

ISBN :

© R. R. Sheth & Co. Pvt. Ltd., 2010

**પ્રકાશક**

ભગતભાઈ ભુરાલાલ શેઠ

**આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.**

મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧

Visit us at : www.rrsheth.com
E-mail : sales@rrsheth.com

# **અર્પણ**

સાહિત્ય જગતમાં પદાર્પણની પ્રેરણાદાયીની,

પ્રાધ્યાપિકા **સુમતિબહેન નાયકને**

# પ્રસ્તાવના

૧૮૨૮ના ફેબ્રુઆરીની ૮મી તારીખે ફ્રાન્સના નાનકડા બંદર નાન્ટીસમાં જૂલે વર્નનો (Jules Gabriel Varne) જન્મ થયો હતો. તેમના પિતા જાણીતા કાયદાશાસ્ત્રી હતા. પિતાની ઇચ્છાથી જૂલે વર્ન પણ કાયદાશાસ્ત્રના અભ્યાસમાં જોડાયા, પરંતુ કાયદાના વિષય કરતા તેમને સમુદ્રના સાહસોમાં રસ વધુ હતો. લેખનની શરૂઆત તેમણે કાવ્યો, નવલિકા, નાટકોથી કરી. નવલકથાઓ પણ લખી. ૧૮૬૩માં પ્રકાશિત થયેલી તેમની પ્રથમ કથા 'ફાઇવ વિક્સ ઇન બલૂન'એ તેમને મોટી સફળતા અપાવી. કથા લેખનની પ્રવૃત્તિ તેમના સમગ્ર જીવન દરમિયાન ચાલુ રહી. પરિણામે ૧૦૦થી વધુ કથાઓ લખી. દુનિયાના મોટા ભાગના દેશોના પ્રવાસને કેન્દ્રમાં રાખીને સાહસ સાથે સાથે જે તે દેશોના ઇતિહાસ, ભૂગોળ, રાજકરાણ અને ત્યાંની સંસ્કૃતિને પણ તે કથાઓમાં વણી લીધા. તે ઉપરાંત તે સમયમાં કલ્પી પણ ન શકાય તેવા વિજ્ઞાનના સિદ્ધાંતો, સાધનો અને વાહનોના ઉપયોગ પર આધારીત એ કથાઓ હતી. તેમની પ્રથમ સાહસકથા બાદ તેમણે 'જર્ની ટુ ધ સેન્ટર ઑફ ધી અર્થ' (૧૮૬૪), '૨૦,૦૦૦ લીગ્સ અંડર ધ સી' (૧૮૭૦), 'એરાઉન્ડ ધ વર્લ્ડ ઇન ૮૦ ડેઇઝ' (૧૮૭૩) જેવી વિશ્વવિખ્યાત કથાઓ આપી.

જૂલે વર્નની આ નવલકથાઓમાં તેમણે વિજ્ઞાનની કલ્પનાઓ તેમ જ તે અંગેના નિયમોનું એટલું સૂક્ષ્મ દર્શન કરાવ્યું છે કે તેમના જીવનકાળના ૧૫૦ વર્ષો બાદ પણ દુનિયાભરના સાહિત્યરસિકો તેમને વિજ્ઞાનકથાઓના પિતામહ તરીકે ઓળખે છે. ૨૪મી માર્ચ, ૧૯૦૫ના રોજ તેમનું અવસાન થયું ત્યાં સુધી તેમનું સાહિત્યક્ષેત્રે આ પ્રદાન ચાલુ જ રહ્યું. જૂલે વર્નની કથાઓ ઉપરથી એમના મૃત્યુ બાદ અનેક ફિલ્મોનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. જૂલે વર્નનું તમામ સાહિત્ય સર્જન એમની માતૃભાષા ફ્રેન્ચમાં થયું હતું, પરંતુ તેની મોટા ભાગની કૃતિઓનો અંગ્રેજી અનુવાદ ઇંગ્લેન્ડના પ્રકાશકો તરફથી સાથે સાથે જ બહાર પડતા હતા. તેમના લેખનની શરૂઆત પછી આજે ૧૫૦ વર્ષે પણ જૂલે વર્ન વિશ્વના સૌથી વધુ વંચાતા લેખકોમાંના એક ગણાવી શકાય.

જૂલે વર્નને જીવનમાં સૌપ્રથમ વાંચવાનો મોકો ૧૫ વર્ષની ઉંમરે મને મળ્યો. તેમની પ્રથમ વાંચેલી નવલ ૮૦ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા (Around the world in ૮૦ days) એ ત્યારે જ જૂલે વર્નની એક અજબ છાપ મગજ પર છોડી હતી, પરંતુ ત્યારે જૂલે વર્નના વધુ પુસ્તકો ગુજરાતીમાં પ્રાપ્ય ન હોવાથી વધુ વાંચવાનો મોકો મળી શક્યો ન હતો. ત્યાર બાદના ૧૦ વર્ષ બાદ જૂલે વર્નની અન્ય કથાઓ પણ ગુજરાતીમાં પ્રાપ્ત બનતા તેની શ્રેષ્ઠ કૃતિઓ વાંચી શક્યો. છેલ્લાં ૪ વર્ષમાં જૂલે વર્નની લગભગ ૫ નવલકથાઓનો ગુજરાતીમાં ભાવાનુવાદ કરનાર શ્રી દોલતભાઈ નાયકને મળવાનું

થયું. જેને પરિણામે જૂલે વર્નની અન્ય કૃતિઓ પણ અંગ્રેજી અને ગુજરાતીમાં વાંચવાનો મને મોકો મળ્યો. ગુજરાતી ભાષાના સાહિત્ય રસિકોને જૂલે વર્નની અન્ય સારી કથાઓને ગુજરાતીમાં આપવાની મને પ્રેરણા મળી. દોલતભાઈ નાયકના માર્ગદર્શન હેઠળ જૂલે વર્નની લઘુનવલ *'LES FORCEURS DE BLOCUS' (The Block- ade Runner)* ને 'ડોલ્ફિન'ના નામે વાચકો સામે મૂકવાનું શક્ય બન્યું છે. એ માટે હું આનંદની લાગણી અનુભવું છું.

જૂલે વર્નની આ લઘુનવલ 'ડોલ્ફિન' ૧૮૬૧થી ૧૮૬૫ સુધી અમેરિકામાં થયેલા ભયંકર ગૃહયુદ્ધને પશ્ચાદ્‌ભૂમિકામાં રાખીને લખાઈ છે. અમેરિકાના તે સમયના ઇતિહાસ તથા તે સ્થળની ભૂગોળના પરિપ્રેક્ષ્યમાં સાહસ અને પ્રેમની આ અદ્‌ભુત કથાનું આલેખન થયું છે.

૧૬મી સદીથી જ યુરોપના કેટલાક દેશો દ્વારા આફ્રિકી ગુલામોનો વેપાર અમેરિકામાં થતો હતો. ૧૭૭૬માં અમેરિકાની આઝાદી બાદ એક આખો વર્ગ આ ગુલામીપ્રથાની નાબૂદી ઇચ્છતો હતો, પરંતુ અમેરિકાના ઘણા પ્રમુખોના પ્રયત્નો છતાં રાજકીય તેમ જ આર્થિક કારણોને લીધે એ શક્ય બન્યું ન હતું. જોકે ગુલામી મુક્તિ માટેની ભૂમિકા પ્રથમ પ્રમુખ વૉશિંગ્ટનના સમયથી જ બંધાવાની શરૂઆત થઈ હતી. આખરે ૧૮૬૧માં અમેરિકાના ૧૬મા પ્રમુખ અબ્રાહમ લિંકને સત્તા પર આવતા વિધિવત ગુલામી નાબૂદી ધારાની જાહેરાત કરી. તેને કારણે સમગ્ર અમેરિકા ઉત્તરના અને દક્ષિણના અનુક્રમે ગુલામી નાબૂદી અને ગુલામી ચાલુ રાખવાના હિમાયતીઓ વચ્ચે બે ભાગમાં વહેંચાઈ ગયું. દક્ષિણી રાજ્યો કોઈ પણ કિંમતે આવી ગુલામી નાબૂદી સ્વીકારવા તૈયાર ન હતા. ત્યાંના રૂઢિવાદી યુરોપિયન વસાહતીઓને તેમના કપાસ અને મકાઈના ખેતરમાં મફતના ભાવે મજૂરી કરાવવા ગુલામની જરૂર હોઈ આવી ગુલામી નાબૂદીનો વિરોધ કરી તેમણે જુદા દેશની સ્થાપના કરી અને અમેરિકાથી સ્વતંત્ર હોવાની જાહેરાત કરી. રાજધાની વૉશિંગ્ટન સ્થિત ફેડરલ અમેરિકી સરકારે એ બાબતે નમતું ન જોખતા સમગ્ર અમેરિકા આંતરવિગ્રહની જ્વાળાઓમાં લપેટાઈ ગયો. સતત ૪ વર્ષ સુધી ચાલેલા આ યુદ્ધમાં લાખો લોકોનું લોહી રેડાયું. છેવટે ઉત્તરના રાજ્યોની અમેરિકી સરકાર ગુલામીપ્રથા નાબૂદીના અમલમાં સફળ રહી, પરંતુ તેની કિંમત પ્રમુખ અબ્રાહમ લિંકને પોતાના જાનથી ચૂકવવી પડી હતી. ૧૮૬૫માં લિંકનની હત્યા થઈ ત્યારે બંધારણ અને કાયદાઓ મુજબ તો ગુલામી નાબૂદ થઈ હતી. છતાં શ્વેત અને અશ્વેતો વચ્ચેના ભેદભાવ આજે ૧૫૦ કરતા પણ વધુ વર્ષે સંપૂર્ણ રીતે મટી ગયો છે એમ કહી શકાય નહીં.

અશ્વેત ગુલામોને ગુલામીપ્રથાની નાબૂદી બાદ લગભગ ૧૦૦ વર્ષે મતાધિકાર અપાયો. અશ્વેતોના અધિકારો માટે લડત ચલાવનારા અશ્વેત નેતા માર્ટીન લ્યુથર કિંગમાં બહુ મોટી આશા હતી, પરંતુ તેમનું ખૂન થતા તે પ્રયાસ ત્યાં જ અધૂરો રહ્યો.

હતો. અત્યાર સુધી અમેરિકાના પ્રમુખપદ માટે કોઈ આશ્વેત ઉમેદવાર બની શકે તે માટે ઘણા પ્રયાસો થયા હતા, પરંતુ તેમાં કોઈને સફળતા મળી ન હતી.

જોકે ૨૦૦૯થી અમેરિકાના પ્રમુખપદે આરુઢ થનાર બરાક ઓબામાએ પ્રમુખપદની ચૂંટણીમાં તેમના ગોરા પ્રતિસ્પર્ધી જ્હોન મૅકેઇનને હરાવી ઇતિહાસ રચ્યો છે. અમેરિકાની આઝાદીની બે સદી કરતા પણ વધુ સમય બાદ અમેરિકાના ૪૪મા અને પ્રથમ અશ્વેત પ્રમુખ બનેલા બરાક ઓબામા આ શ્વેત-અશ્વેતોના ભેદભાવને સંપૂર્ણ નાબૂદ કરવામાં કેટલે અંશે સફળ રહે છે તેની ગવાહી સમય જ આપી શકશે.

જૂલે વર્નની આ નવલમાં અંગ્રેજોની લાલચુ વેપારીવૃત્તિના દર્શન પણ ખૂબ સારી રીતે થયા છે. આર્થિક લાભ ખાતર કંઈ પણ કરી છૂટવાનું અંગ્રેજ પ્રજાનું માનસ આ નવલમાં જૂલે વર્ને ખૂબ જ સારી રીતે ગૂંથી લીધું છે.

અંતે હું શ્રી દોલતભાઈ નાયકનો આભાર વ્યક્ત કરું છું કે જેમની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ આ કથાનો ગુજરાતીમાં અનુવાદ કરી શક્યો. અનુવાદમાં તેમના સૂચનો અને સુધારા વિના આ કથાનું લેખનકાર્ય શક્ય બન્યું ન હોત. તેમના વિશાળજ્ઞાન અને અંગ્રેજી ભાષા પરની અનેરી પકડનો લાભ મને મળી શક્યો તે બદલ હું પોતાને સદ્‌ભાગી ગણીશ. તેમના દ્વારા અનુવાદીત થયેલી જૂલે વર્નની અન્ય નવલકથાઓને કારણે ગુજરાતી વાચકો જૂલે વર્નને ગુજરાતીમાં માણી શક્યા. ૧૮૫૭માં ખેલાયેલા આપણા પ્રથમ સશસ્ત્ર સંઘર્ષના બે પ્રધાન પાત્રો નાના સાહેબ પેશ્વા અને કર્નલ મનરો વચ્ચેની વેરની વસૂલાતની અદ્‌ભુત કથા steam houseનો એમણે કરેલો ભાવાનુવાદ 'અગ્નિરથ' મુખ્ય છે. અગ્નિરથ ઉપરાંત તેમણે જૂલે વર્નની ૪ અન્ય કથાઓના ગુજરાતીમાં ભાવાનુવાદ કર્યો છે. તેમનાં પત્ની સુમતિબહેન નાયકના ગુજરાતી ભાષા પરના પ્રભુત્વને પરિણામે આ કથાની જોડણી તથા ભાષા અંગેના સૂચનો બદલ તેમનો પણ આભારી છું.

મારા આ પ્રથમ પ્રયાસને વાચકો સ્વીકારશે તેવી મનોકામના.

**જીગર શાહ**

**(M.com LLB)**

૨૮-૧૧-૦૯
ઇ-૫૦૧, સેન્ટ પાર્ક સોસોયટી
ગુજરાત ગૅસ સર્કલ, અડાજણ, સુરત
મો. ૯૪૨૬૭ ૭૭૦૦૧
E-mail : jhs143in@yahoo.co.in

## કિશોરો માટે વર્ષોથી લોકપ્રિય પુસ્તકો

# સાહસકથાઓ

[અરધી સદી પહેલાં કલ્પેલી આ વૈજ્ઞાનિક વાર્તાઓ આજે તો સત્યસૃષ્ટિમાં ઊતરેલી જોઈ શકાય છે.]

### જૂલે વર્ન

સાહસિકોની સૃષ્ટિ

સાગરસમ્રાટ

પાતાળપ્રવેશ

સોનેરી ધૂમકેતુનો પીછો

કાળા સૂરજના રહેવાસી

અગ્નિરથ

૮૦ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા

મિખાઇલ સ્ટ્રગોવ

લાઇટહાઉસ

તરતું મહાનગર

ડૉલ્ફિન

### રૉબર્ટ લુઈ સ્ટીવન્સન

ખજાનાની શોધમાં

## અનુક્રમણિકા


૧. ડોલ્ફિન

૨. પ્રથમ સફરે

૩. હેલીબર્ટનું રહસ્ય

૪. ક્રોકસ્ટોનની કરામત

૫. ઇરોક્વોઇસનો હુમલો

૬. સુલિવાન ટાપુની ચેનલ

૭. ચાર્લસ્ટનના બારામાં

૮. મુક્તિ

૯. બે જ્વાળાઓની વચ્ચે

૧૦. સંત મંગો

# ડોલ્ફિન

## ૧

૧૮૧૨માં સ્કોટલૅન્ડની ક્લાઇડ નદીનાં પાણીમાં વરાળયંત્રથી ચાલતું વિશ્વનું પ્રથમ ફેરીજહાજ (સ્ટીમર) કોમેટે પ્રવાસ ખોડ્યો અને જહાજવિદ્યા ક્ષેત્રે એક નવી જ ક્રાંતિનાં પગરણ થયાં.

કોમેટના ૬ માઇલ[I] પ્રતિ કલાકની ઝડપે ખેડેલ ગ્લાસગોથી ગ્રીનોક વચ્ચેના આ પ્રવાસે જૂની પેઢીનાં જહાજોની મુખ્ય મર્યાદા દૂર કરી હતી. સામાન્યત: કોમેટથી આગળની પેઢીનાં જહાજો સઢવાળાં હતાં, એમણે પોતાની ગતિ માટે હવાની દિશા પર આધાર રાખવો પડતો. આ મર્યાદા સ્ટીમરના આવિષ્કારથી દૂર થઈ હતી, કારણ સ્પષ્ટ હતું. સ્ટીમરની ગતિનો મુખ્ય આધાર તેનાં વરાળયંત્રો પર હતો.

કોમેટના એ પ્રથમ ક્રાંતિકારી પ્રવાસને લગભગ પાંચ દાયકા જેટલો સમય વીતી ગયો હતો. ત્યાર પછી તો ક્લાઇડ નદીમાં આવી સેંકડો સ્ટીમરોની રોજિંદી અવરજવર રહેતી હતી. એનું મુખ્ય કારણ હતું ગ્લાસગોનું બંદર. સ્કોટલેન્ડનું એ સૌથી મોટું શહેર અને મુખ્ય વેપારી મથક હતું. પરિણામે અહીં આવી સ્ટીમરોની અવરજવર બહુ મોટા પ્રમાણમાં રહેતી હતી. એ ઉપરાંત ક્લાઇડ નદીમાં નવી પેઢીની આવી સ્ટીમરોનાં બાંધકામ માટેના અનેક જહાજવાડાઓ પણ વિકસ્યા હતા. ગ્લાસગોવાસીઓ માટે આવી સ્ટીમરો એ કોઈ કુતૂહલનો વિષય રહ્યો ન હતો, કારણ કે આવી અવરજવર એમના જીવનનો એક ભાગ હતી.

પરંતુ ૩જી ડિસેમ્બર, ૧૮૬૨ના દિવસે ક્લાઇડ નદીના કાંઠે ચહલપહલ મચી હતી. ગ્લાસગોની ગલીઓમાંથી માત્ર ખલાસીઓ જ નહીં, પરંતુ વેપારીઓ, ઉત્પાદકોથી માંડી સ્ત્રીઓ અને બાળકો પણ મેસર્સ ટોડ અને મૅકગ્રેગર કંપનીની માલિકીના કેલ્વીન જહાજવાડા તરફ જઈ રહ્યાં હતાં. આ જહાજવાડા પાસે વિશાળ જનમેદની એકઠી થઈ હતી. જહાજવાડામાં કામદારો પોતપોતાના કામમાં વ્યસ્ત હતા.

'મેસર્સ ટોડ અને મૅકગ્રેગર' એ ગ્લાસગોની નાનામોટા જહાજો બાંધનારી જૂની અને પ્રતિષ્ઠિત કંપની હતી. જેનો મુખ્ય વ્યવસાય આવી સ્ટીમરોનાં બાંધકામનો હતો. આ જહાજવાડામાં આ કંપનીએ અત્યાર સુધીમાં અનેક સ્ટીમરોનું નિર્માણ કર્યું હતું. આજે પણ ડોલ્ફિન નામની નવી સ્ટીમરને એના બાંધકામની ગોદીમાંથી ક્લાઇડનાં પાણીમાં તરતી મુકવાની હતી. આમ તો આવી ઘટના ગ્લાસગોવાસીઓ માટે નવી ગણાય તેવી નહોતી. તો પછી આ વિશાળ જનમેદની એકઠી થવાનું મુખ્ય કારણ શું હોઈ શકે ? આ નવી સ્ટીમરનું બાંધકામ આ પેઢીએ કયા હેતુથી કર્યું હતું એ અંગે કોઈ માહિતી

તેમના દ્વારા અપાઈ નહોતી અને લોકોની શંકા માટે એ જ તો મુખ્ય મુદ્દો હતો. ખરેખર જોવા જઈએ તો એમાં એવી કોઈ જ વિશિષ્ટતા ન હતી.

ડોલ્ફિન ૧૫૦૦ ટનનું[(II)] એક મહાકાય અને ભવ્ય જહાજ હતું. તેની ઝડપને મહત્તમ રાખવાના હેતુ માટે જરૂરી બધી જ વ્યવસ્થા કરવામાં આવી હતી. ૫૦૦ હોર્સપાવર [(III)]નાં બે શક્તિશાળી એન્જિનોના વિશાળ પિસ્ટનો તેનાં તળિયાં નીચે આવેલા બે મહાકાય પંખાઓને ફેરવતા હતા. આ બંને પંખાઓ એકબીજાથી સંપૂર્ણ સ્વતંત્ર રીતે કાર્ય કરતા હતા. એન્જિન ચલાવવા માટે જરૂરી વરાળ ઉત્પન્ન કરનારાં બૉઇલરોમાં ઇંધણ તરીકે કોલસાનો ઉપયોગ થતો. એના ધુમાડાને બહાર કાઢવા બે ચીમનીઓ હતી. એ ઉપરાંત બે કૂવાસ્તંભો ધરાવતું ડોલ્ફિન પહેલી જ નજરે કોઈ પણ જહાજપ્રેમીને આકર્ષે તેવું લાગી રહ્યું હતું. સ્ટીમરના પાછલા ભાગમાં સુવર્ણ અક્ષરોથી લખાયેલું ડોલ્ફિન નામ ઊગતા સૂર્યના પ્રકાશમાં ઝળહળી રહ્યું હતું. ડોલ્ફિનનું તળિયું અન્ય જહાજોની સરખામણીમાં વધુ સપાટ હતું જેથી ડોલ્ફિન ગમે તેવાં છીછરાં પાણીમાં પણ સરળતાથી પ્રવાસ કરી શકે તેમ હતી. ત્યાં આવેલા ઘણા લોકોને શંકા હતી કે આવું વિશાળકાય જહાજ ક્લાઇડની છીછરી સામુદ્રધૂનીમાં ઉતારવું લગભગ અશક્ય જેવું છે, પરંતુ તે માટેની સંપૂર્ણ તકનીકી તૈયારીઓ મેસર્સ ટોડ અને મૅકગ્રેગર કંપનીએ આટોપી લીધી હતી. તેમણે અગાઉ આનાથી પણ વધુ વજનનાં જહાજો આ જ નદીનાં પાણીમાં તરતાં મૂક્યાં હતાં.

જે વિશાળકાય તળિયાં પર ડોલ્ફિન બાંધવામાં આવ્યું હતું તેને પ્રાણી જન્ય ચરબી જેવા તૈલી અને ચિકણા પદાર્થો લગાડવામાં આવ્યા હતા. જેથી ડોલ્ફિન સરળતાથી તેના પર સરકી શકે. કામદારો હથોડાઓ વડે ડોલ્ફિનના ચોક્કસ ભાગ ઉપર પ્રહાર કરી રહ્યા હતા જેથી ડોલ્ફિનને નદીનાં પાણી તરફ ધકેલી શકાય. ઉચ્ચાલનો વડે ડોલ્ફિન જેના પર બાંધવામાં આવ્યું હતું તેને પણ સહેજ ઊંચું કરવા પ્રયત્નો થઈ રહ્યા હતા. બધા કામદારોના એક તાલે થતા આ પ્રયત્નોને પરિણામે તળિયું સહેજ ઊંચકાયું અને ડોલ્ફિન ચિકણા તૈલી પદાર્થોને લીધે ધીમે ધીમે નદી તરફ સરકવા લાગ્યું. થોડી જ ક્ષણોમાં ક્લાઇડનાં પાણીમાં પછડાટની સાથે જ ડોલ્ફિનના તૂતકથી છેડા સુધીનો ભાગ વજ્રાઘાત થયો હોય તેમ દરુજી ઉઠ્યો. ડોલ્ફિન પાણીમાં થોડું ડૂબી તરત ઉપર આવવા લાગ્યું. તે થોડું આમતેમ હાલકડોલક પણ થતું હતું. પ્રથમ વખત આવું દૃશ્યજોનારને તો એવું જ લાગે કે જાણે આ સ્ટીમર હમણાં ડૂબી જશે. જો તેનાં લંગરે તેને સંતુલિત રાખ્યું ન હોત તો એ ગોવામના લાકડાંના ડક્કા [(IV)] સાથે જરૂર અથડાઈ ગયું હોત.

થોડી જ ક્ષણોમાં ડોલ્ફિન ક્લાઇડનાં પાણીમાં સ્થિર થઈ ગઈ. પાણીમાં તેના આ સફળ અવતરણને લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું, કેટલાક પોતાના હાથ ઊંચા કરીને હર્ષોલ્લાસથી પોકારો પાડી રહ્યા હતા, પરંતુ આ પોકારો પાછળના

કારણની કોઈને માહિતી ન હતી. ડોલ્ફિન અંગે લોકોની ઉત્સુકતા તેનાં વિશિષ્ટ પ્રકારના બાંધકામ તથા તેની સફરના હેતુ અંગેની હતી. એ બંને બાબતો સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવી હતી. દરેક વ્યક્તિને તેની રહસ્યમય સફર અંગે જાણવામાં વધુ રસ હતો. લોકોની માન્યતા હતી કે એ સમયે અમેરિકામાં ચાલી રહેલા ભયંકર ગૃહયુદ્ધમાં જોડાવા ડોલ્ફિન જઈ રહી હતી. આમ, અમેરિકાની એ સમયની ડામાડોળ રાજકીય પરિસ્થિતિએ ડોલ્ફિનમાં લોકોનો રસ વધાર્યો હતો.

૧૮૬૦માં અમેરિકાના ૧૬માં પ્રમુખ બનેલા અબ્રાહમ લિંકન સત્તા પર આવતા જ તેમણે ગુલામીપ્રથા નાબૂદીધારાની જાહેરાત કરી. એ કારણે સમગ્ર અમેરિકા, ઉત્તરનાં રાજ્યો અને દક્ષિણનાં રાજ્યો એમ બે ભાગમાં વહેંચાઈ ગયું. દક્ષિણનાં રાજ્યો કોઈ પણ કિંમતે આ ગુલામીપ્રથા નાબૂદીધારો સ્વીકારવા તૈયાર નહોતા. તેમણે આવી ગુલામીપ્રથા પોતાનાં રાજ્યોમાં ચાલુ રાખવા હિમાયત કરી, પરંતુ પાટનગર વૉશિંગ્ટન સહિતનાં ઉત્તરનાં રાજ્યો ગુલામીપ્રથા નાબૂદીના હિમાયતી હતા. જેના વિરુદ્ધમાં દક્ષિણનાં રાજ્યોએ પોતાના સ્વતંત્ર રાજ્યોનો મહાસંઘ (કૉનફેડરેટ્સ સ્ટેટ્સ ઑફ અમેરિકા) નામથી ડેવીસ જેફરસનની આગેવાનીમાં અલગ સંગઠન રચ્યું. ગુલામી નાબૂદીના હિમાયતી ઉત્તરનાં રાજ્યોનું સંઘરાજ્ય યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમરિકા તો હતું જ, પણ આ વિવાદને કારણે તેઓ ફેડરલ સ્ટેટ્સ તરીકે ઓળખાયાં. આ વિવાદે હિંસક સ્વરૂપ પકડી લીધું અને ૧૨મી એપ્રિલ, ૧૮૬૧ના રોજ કૉનફેડરેટ્સના હુમલાએ સમગ્ર અમેરિકાને આંતરવિગ્રહની જ્વાળાઓમાં ધકેલી દીધું. દોઢ વર્ષથી વધુ સમય વીતી જવા છતાં આ આંતરવિગ્રહનો કોઈ અંત દેખાતો ન હતો. આંતરવિગ્રહોમાં હજારો લોકોનું લોહી રેડાઈ ચૂક્યું હતું અને બીજા હજુ કેટલાનો ભોગ લેવાશે એ કળવું મુશ્કેલ હતું. આંતરવિગ્રહે અમેરિકાના અર્થતંત્રને ગંભીર ક્ષતિ પહોંચાડી હતી અને તેની અસર માત્ર અમેરિકા પૂરતી સીમિત ન રહેતા સમગ્ર વિશ્વ ઉપર પડી હતી. ઉત્તરી રાજ્યના ફેડરલ નૌકાદળે દક્ષિણી રાજ્યોની પુરવઠા હરોળ કાપી નાખી તેમની કરોડરજ્જુ ભાંગી નાખવા અમેરિકાનાં મુખ્ય દક્ષિણી બંદરોની નાકાબંધી કરી હતી.

અમેરિકી રાજ્યો વચ્ચે ચાલતા આ આંતરવિગ્રહને પરિણામે ત્યાં હાજર લોકોમાં એવી માન્યતા હતી કે ડોલ્ફિન એ યુદ્ધના હેતુથી જ બંધાયું હતું, પરંતુ આ અંગે કોઈ પાસે વિશ્વાસપાત્ર માહિતી ન હતી. બધા તુક્કા અને અનુમાનો જ લગાવી રહ્યા હતા. લોકોના ટોળામાંથી એક વ્યક્તિએ મોટા અવાજે કહ્યું,

‘‘હું ખાતરીપૂર્વક કહી શકું છું કે ડોલ્ફિનનું બાંધકામ અમેરિકાના દક્ષિણના કૉનફેડરેટ્સ રાજ્યોના નૌકાદળ માટે જ થયું છે.’’

એનાથી વિરુદ્ધના અવાજો પણ ટોળામાંથી સંભળાતા હતા,

‘‘જો હું ખોટો પડું તો ૫૦૦ પાઉન્ડ હારી જવા તૈયાર છું, ડોલ્ફિનનું બાંધકામ ફેડરલ નૌકાદળ માટે જ કરવામાં આવ્યું છે.’’

જ્યારે કેટલાક લોકો તેને સામાન્ય વેપારી જહાજમાં ખપાવવા પ્રયત્ન કરી રહ્યા હતા. પરંતુ કોઈની પણ પાસે સત્તાવાર કે વિશ્વાસપાત્ર માહિતી ન હતી. આવી માહિતી તો પ્લેફેર એન્ડ કંપનીના માલિક વિન્સેન્ટ પ્લેફેર અથવા તેની ખાસ અંગત વ્યક્તિ જ આપી શકે તેમ હતી. પ્લેફેર એ ગ્લાસગોનું જૂનું, પ્રતિષ્ઠિત અને આર્થિક રીતે સદ્ધર □□દ્યોગિક એકમ હતું. ગ્લાસગોના ધંધાકીય વિકાસમાં એનો મોટો ફાળો હતો. અમેરિકાના વર્જીનિયા અને મૅરીલેન્ડ સાથે સૌ પ્રથમ તમાકુનો વેપાર આ પેઢીએ જ શરૂ કર્યો હતો અને એ હેતુ માટે ગ્લાસગોમાં મોટાં ગોદામો બાંધ્યાં હતાં. આ □□દ્યોગિક પેઢી તેના □□દ્યોગિક હેતુઓ માટે ગમે તેવી જોખમી યોજનાઓ અને અશક્ય લાગતાં કાર્યોને પણ પાર પાડવા હંમેશા કટિબદ્ધ રહેતી.

આ પેઢીની સફળતા અને તેની ગમે તેવી કપરી સ્થિતિમાં માર્ગ કાઢવાની શક્તિ તેના માલિક વિન્સેન્ટ પ્લેફેરને આભારી હતી. વિન્સેન્ટ પ્લેફેર પચાસની ઉંમરના એક સફળ અને અનુભવી વેપારી હતા. આ પેઢીને આગળ વધારવા માટે તેઓ હંમેશા તત્પર રહેતા, ગમે તેવા જોખમી દાવ રમવામાં પાછી પાની કરે તેમ ન હતા. તેમને આ પેઢીના વિકાસ સિવાય બીજા કશામાં રસ નહોતો. તે એક પ્રામાણિક અને દેશ પ્રત્યે નિષ્ઠાવાન વ્યક્તિ હતા. તેથી જ તેમને બ્રિટિશ સરકાર તરફથી પણ પૂરતો સહયોગ મળી રહેતો હતો. શ્રીમાન વિન્સેન્ટ પ્લેફેરે આ ડોલ્ફિન તેમના ભત્રીજા જેમ્સ પ્લેફેર માટે જ બંધાવી હતી.

જેમ્સ પ્લેફેર ૩૦ વર્ષની ઉંમરનો એક સાહસિક યુવાન હતો. બ્રિટનના દરિયાપારના અન્ય દેશો સાથે વેપારી જહાજી કાફલાનો તે એક સાહસિક અને સફળ વેપારી હતો. સવા છ ફૂટની ઊંચાઈ, મધ્યમ શારીરિક બાંધો અને તેના મોઢા પરનું તેજ એના તરવરતા યૌવનની પ્રતીતિ કરાવતું હતું. વેપારમાં સફળતા મેળવવા ગમે તેવાં જોખમો ઉઠાવી તેને પાર પાડવાં તે હંમેશા તૈયાર રહેતો.

એક દિવસ કપ્તાન જેમ્સ પ્લેફેર અને તેના અંકલ વિન્સેન્ટ પ્લેફેર ગ્લાસગોના બજારમાં આવેલી એક કૉફીની દુકાનમાં બેઠા હતા. જેમ્સ આજે એના કાકા વિન્સેન્ટને કંઈ કહેવા ઉત્સુક દેખાતો હતો.

જેમ્સે આતુરતાપૂર્વક એક અમેરિકી સામયિક વિન્સેન્ટને આપી પોતાની યોજના ખુલ્લી પાડતા જણાવ્યું :

‘‘અંકલ વિન્સેન્ટ, એક જ મહિનાના ટૂંકા સમયમાં ૨૦ લાખ પાઉન્ડ કમાવવાની મારી પાસે એક સાહસી યોજના છે...!’’

“અને એમાં જોખમની માત્રા…?” અંકલ વિન્સેન્ટે પૂછ્યું.

“બહુ ખાસ નહીં… એક જહાજ અને તેમાં ભરેલા માલ જેટલું જ.”

“અન્ય કંઈ જોખમ ?”

“હા, અન્ય જોખમમાં જહાજના કપ્તાન અને તેના ખલાસીઓ ગણી શકાય, પણ તેનું કંઈ બહુ મહત્ત્વ નથી. મારી સંપૂર્ણ યોજના આ પ્રમાણે છે…” તેમ કહી જેમ્સ પ્લેફેર પેલાં સામયિકો અને ન્યૂઝપેપર તરફ ધ્યાન દોરતા આગળ બોલ્યો,

“તમે હેરાલ્ડ ટાઇમ્સ અને રિચમોન્ડ ઇન્કવાયરી જેવાં અમેરિકી ન્યૂઝપેપરમાં ત્યાંનાં ગૃહયુદ્ધો પરના અહેવાલો વાંચ્યા ?”

“એક વખત વાંચ્યા છે.” વિન્સેન્ટે જેમ્સને કહ્યું.

“તમે પણ મારી જેમ એવું માનો છો કે અમેરિકાનું આ ગૃહયુદ્ધ લાંબુ ચાલશે ?”

“મને લાગે છે કે એ ઘણું લાંબું ચાલશે. ટૂંક સમયમાં તેનો કોઈ અંત દેખાતો નથી. તને તો ખબર જ છે કે આ ગૃહયુદ્ધ માત્ર અમેરિકાના જ નહીં, પરંતુ બ્રિટનના અર્થતંત્રને પણ કેવી ગંભીર અસર પહોંચાડી રહ્યું છે. આપણા ગ્લાસગો શહેર માટે તો ખાસ. આપણી આ પ્લેફેર એન્ડ કંપનીને તો વેપારમાં ભારે નુકસાન થયું છે. એમાંથી બહાર આવવા માટે હમણાં તો કોઈ જ રસ્તો મને દેખાતો નથી.”

“હું પણ તમને આપણી કંપનીની સ્થિતિ વિશે જ કહું છું.” કપ્તાન જેમ્સે વિન્સેન્ટ પ્લેફેરની વાતમાં સૂર પુરાવતા કહ્યું.

“અમેરિકાનાં આ ગૃહયુદ્ધની પડી રહેલી વિપરીત અસરની મને ચિંતા થાય છે. જેમ્સ, મને આ ગુલામીપ્રથાના હિમાયતીઓ અને તેને નાબૂદ કરવા માગતા તેના વિરોધીઓ બંનેમાંથી કોઈમાં પણ રતિભાર રસ નથી. તેઓ જીવે કે મરે મને કંઈ જ પડી નથી. આપણી આ કંપની તો એટલી સધ્ધર છે કે એ વંટોળમાં ગમે તેમ ટકી જશે, પરંતુ મને આ શહેર અને આ દેશના અર્થતંત્રની ચિંતા છે. જો આવી પરિસ્થિતિ વધુ થોડો સમય ચાલુ રહી તો આપણે ખતમ થઈ જઈશું. તેમાંથી બહાર આવવું આપણા માટે લગભગ અશક્ય બની જશે.”

વિન્સેન્ટ પ્લેફેરની આર્થિક બાબતો અંગેની ચિંતા અકારણ ન હતી. ગ્લાસગો શહેર એ કાપડ ઉત્પાદનનું બહુ મોટું કેન્દ્ર હતું. ગ્લાસગોમાં આવા કાપડના ઉત્પાદન માટે ૨૫,૦૦૦ હાથશાળનાં યંત્રો કાર્યરત હતાં. એના ઉપર દૈનિક આશરે ૬,૨૫,૦૦૦ વાર [(V)] જેટલા કાપડનું ઉત્પાદન થતું હતું. વાર્ષિક ૫૦૦ લાખ પાઉન્ડ જેટલું એનું મૂલ્ય થાય. આ કાપડનો ઉપયોગ માત્ર ગ્લાસગો કે સ્કોટલેન્ડ પૂરતો મર્યાદિત ન રહેતા તેની મોટા પ્રમાણમાં નિકાસ પણ કરવામાં આવતી હતી, પરંતુ અમેરિકી ગૃહયુદ્ધને

પરિણામે આ ઉદ્યોગને ગંભીર નુકસાન થયું હતું. કાપડના ઉત્પાદનમાં કાચા માલ તરીકે વપરાતું રૂ સામાન્ય રીતે દક્ષિણી અમેરિકાનાં બંદરોથી આયાત કરવામાં આવતું હતું. ગૃહયુદ્ધમાં ફેડરલ નૌકાદળે દક્ષિણી રાજ્યોના બંદરોની કરેલી નાકાબંધીને કારણે આવો કાચોમાલ આવતો બંધ થઈ ગયો હતો. જેથી આવા કાચામાલની ખૂબ મોટી તંગી ઊભી થઈ હતી. કારખાનાં ચલાવવાં ગમે તે ભોગે કાચો માલ મેળવવા માગતા કારખાનેદારોએ આવી તંગીને કારણે અનેકગણા ભાવો ચૂકવવા પડતા હતા. કાચામાલની આવી કારમી અછતને લીધે અનેક કારખાનાં બંધ થઈ રહ્યાં હતાં. તેમાં કામ કરતા અનેક કામદારો બેકાર બની જતા હજારો લોકોના ઘરો ચૂલા સળગાવાનું પણ ચૂકી જાય તેવી સ્થિતિ ઉદ્ભવી હતી.

શહેર તથા દેશના અર્થતંત્રની આવી સ્થિતિને પરિણામે જ જેમ્સના મગજમાં આવી યોજના આકાર લઈ રહી હતી.

''હું અમેરિકા જઈશ અને ત્યાંથી રૂની ગાંસડીઓ લઈને આવીશ. એના માટે મારે ભલે ગમે તેટલું જોખમ ઉઠાવવું પડે અને રૂની ગમે તેવી કિંમત પણ કેમ ન ચૂકવવી પડે.'' જેમ્સે કહ્યું.

જેમ્સ પણ તેના કાકા વિન્સેન્ટ પ્લેફેરની જેમ એક વેપારી હતો. તેના મગજમાં હતું કે અમેરિકામાં યુદ્ધની પરિસ્થિતિને પરિણામે જીવન જરૂરિયાતની વસ્તુઓ અને દારૂગોળાની માગ હંમેશા રહેતી હતી. તેથી બદલામાં આપી શકાય તેવી વસ્તુઓ તે અમેરિકા લઈ જવા માગતો હતો, જેના ત્યાં અછતને કારણે ભાવ પણ સારા ઊપજે તેમ હતા.

''જેમ્સ ! આપણી પાસે વિશ્વની સૌથી ઝડપથી ગતિ કરતી સ્ટીમર હોય તો પણ આપણે ધારીએ તેટલું તે આસાન નહીં જ હોય.''

''અંકલ, હું માનું છું કે એ કામ એટલું બધું મુશ્કેલ પણ નથી. વર્તમાન જહાજો કરતાં આપણી પાસે વધુ ઝડપથી ગતિ કરતું અને વધુ સામાન ભરી શકાય તેવું અત્યાધુનિક જહાજ હોવું જોઈએ, બસ. એવા જહાજના કપ્તાન તરીકે હું જવાબદારી સંભાળીશ. અહીંથી દારૂગોળો, કપડાં અને જીવનજરૂરિયાતની વસ્તુઓ સ્ટીમરમાં ભરીને હું ત્યાં લઈ જઈશ. ત્યાં આવી વસ્તુઓની અછત પ્રવર્તે છે તેથી ત્યાં તેના સારા ભાવ આપણને મળશે.''

''હું પણ એમ જ માનું છું કે તને આ માલસામાનના સારા ભાવ પણ મળશે અને ત્યાંથી લાવવાની રૂની ગાંસડીઓના સોદામાં સારો ભાવતાલ પણ કરી શકાશે. તેઓ તને તે ખૂબ જ નીચા ભાવે આપશે.'' અંકલ વિન્સેન્ટ બોલ્યા.

‘‘પરંતુ આ બધું તો જ શક્ય છે, જો તું ત્યાં હેમખેમ પહોંચી શકે. ફેડરલ નૌકાદળે બહુ કડક જાપ્તો રાખ્યો છે.’’

‘‘મારી પાસે એક સારી સ્ટીમર હોય તો હું તે કરી શકીશ એવો મને વિશ્વાસ છે. મારા એ ઝડપી જહાજથી હું સમગ્ર ફેડરલ નૌકાદળને પાછળ પાડી દઈશ.’’

‘‘માની લે કે તારી ઇચ્છા મુજબની ઝડપવાળું જહાજ બની જાય, પણ પછી શું ? તારા એ જહાજ માટે ખલાસીઓ તો છે નહીં. એવા ખલાસીઓ બહુ ઓછા હશે જે આવી સ્થિતિમાં અમેરિકા આવવા તૈયાર થાય.’’

‘‘ઓહ ! તમે તેની ચિંતા છોડો. માણસો તો મળી રહેશે અને એમ પણ મારે બહુ ખલાસીઓની જરૂર નથી. માત્ર સ્ટીમર ચલાવવા જરૂરી ખલાસીઓ બહુ થઈ ગયા. હું કોઈ યુદ્ધ જહાજનો કપ્તાન નથી અને મારે ફેડરલ નૌકાદળ સાથે કોઈ યુદ્ધ નથી કરવાનું કે મારે મોટી સંખ્યામાં ખલાસીઓની જરૂર પડે. મારે તો માત્ર નૌકાદળની મનવારોને આપણા જહાજની ઝડપથી મહાત કરવાની છે. તેમનાથી યોગ્ય અંતર જળવાઈ રહે એટલે પત્યું.’’

‘‘વિશ્વની સૌથી ઝડપી સ્ટીમર અને તારા જેવો તેનો કપ્તાન હોય તો તું આરામથી અમેરિકી નૌકાદળને હરાવી શકીશ એની મને ગળા સુધી ખાતરી છે, પણ તું દક્ષિણ અમેરિકાના કયા બંદર પર જવા માગે છે તે તો તેં મને જણાવ્યું જ નહીં !! મને વિશ્વાસ છે કે તેના વિશે પણ તેં વિચારી જ લીધું હશે.’’

‘‘હા, અમેરિકી નૌકાદળે દક્ષિણનાં રાજ્યોનાં મહત્ત્વનાં બંદરોની નાકાબંધી કર્યાં બાદ ન્યૂ ઓરલેન્સ, વિલ્મિંગ્ટન અને સવાના જેવાં બંદરોમાં તો અત્યાર સુધી ઘણી સ્ટીમરો અમેરિકી નૌકાદળની ઘેરાબંધી તોડીને પહોંચી ગઈ છે, પરંતુ ચાર્લસ્ટન એકમાત્ર એવું બંદર છે કે જ્યાં હજુ સુધી કોઈ પણ બ્રિટિશ જહાજ પહોંચી શક્યું નથી. તેથી હું ચાર્લસ્ટનની પસંદગી કરીશ. હજી સુધી ત્યાં કોઈ મદદ પહોંચી નહીં હોવાને કારણે ત્યાં વસ્તુઓ અને દારૂગોળાની અછત પણ વધુ હશે. આ બંદર વ્યૂહાત્મક દૃષ્ટિએ પણ આપણી સ્ટીમર માટે વધુ સુરક્ષિત રહેશે એવી મારી ગણતરી છે. જો એક વાર અમેરિકી નૌકાદળની ઘેરાબંધી તોડી ચાર્લસ્ટન બંદરના પ્રવેશદ્વાર જેવી ખાડીમાં પ્રવેશ થઈ ગયો તો અમેરિકી મનવારો તે ખાડીમાં ઘૂસી આપણો પીછો કરી શકશે નહીં. આ ખાડીનાં તળિયાં પ્રમાણમાં છીછરાં છે જેમાં આપણી સપાટ તળિયાંવાળી સ્ટીમર સરળતાથી તરી શકશે, પરંતુ અમેરિકી નૌકાદળની મનવારો એવાં છીછરાં પાણીમાં પ્રવેશી શકશે નહીં. આ તૈયારી સાથે ચાર્લસ્ટન બંદરે જવાનું મેં નક્કી કર્યું છે.’’

વિન્સેન્ટ પ્લેફેરે કહ્યું, ‘‘રૂની ગાંસડીઓ માટે પણ ચાર્લસ્ટન બંદર જ શ્રેષ્ઠ રહેશે. તેની આજુબાજુના વિસ્તારોમાં રૂનું ઉત્પાદન ખૂબ જ મોટા પ્રમાણમાં થાય છે.

ત્યાં રૂનું ઉત્પાદન એટલું બધું વધારે છે કે તેઓ વધારાનું રૂ ઘણી વખત બાળી નાખે છે તેથી તું ત્યાં આવી ગાંસડીઓનો સોદો સરળતાથી અને નીચા ભાવે પતાવી શકીશ.''

''અંકલ, તમારે આવી સ્ટીમરનું બાંધકામ આપણી આવી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કરાવવાનું છે.''

''હા, પણ જેમ્સ, તું ક્યારે આ સાહસી સફર પર જવા માગે છે ?''

''એ માટે શિયાળાની લાંબી અને અંધારી રાતોની હું રાહ જોઈ રહ્યો છું. અમેરિકી નૌકાદળથી આપણી સ્ટીમરનું સ્થાન છતું ન થાય તે માટે એવી તકેદારી જરૂરી છે.''

''જેવી તારી ઇચ્છા, મને તારામાં પૂરો વિશ્વાસ છે કે તું સફળ થઈને પાછો ફરીશ.''

કાકા અને ભત્રીજા વચ્ચે થયેલી આ વાત અને વ્યવસ્થા બાદ માત્ર પાંચ મહિનામાં જ વિશ્વની સૌથી ઝડપી સ્ટીમર ડોલ્ફિન તરતી મૂકવામાં આવી, પરંતુ એની સફરનો હેતુ તથા અંતિમ પડાવની ફક્ત આ બે વેપારીઓને જ જાણકારી હતી.

❒

*_ ૧ માઇલ = ૧૬૦૯ મીટર અથવા ૧.૬૧ કિ.મી.

(II) ૧ ટન = ૧૦૦૦ કિ.ગ્રા.

(III) હોર્સપાવર = બ્રિટિશ માપનનું એક એકમ.
૧ બૉઇલર હોર્સપાવર = ૯.૮૦૯૫ કિલોવૉટ.
૧ કિલોવૉટ = ૧૫.૬૫ કિ.ગ્રા. પાણીને ૧૦૦° સેલ્સિયસ તાપમાને ઉકાળવા માટે જોઈતી ઊર્જા.

(IV) ડક્કો : ઊંડા પાણીવાળી નદીને કાંઠે કે સમુદ્રને કાંઠે પાણીમાં લંબાવેલું માલસામાન ઉતારવા, ચઢાવવા માટેનું બાંધકામ.

(V) ૧ યાર્ડ = ૩ ફૂટ અથવા ૯૧ સેન્ટીમીટર

# પ્રથમ સફરે

## ૨

ડોલ્ફિન તેની પ્રથમ સફર માટે ઝડપથી સજ્જ થઈ રહી હતી. સફર માટે જરૂરી લગભગ તમામ તૈયારીઓ પૂરી કરી દેવામાં આવી હતી. ડિસેમ્બરના મધ્યમાં ક્લાઇડ નદીમાં તેની અજમાયશી સફર પણ કરવામાં આવી, જેમાં તેનાં દરેક યંત્ર તાલ મિલાવી યોગ્ય રીતે કાર્ય કરતાં હતાં. ડોલ્ફિનના વેગ માપતા કાંટાએ તેની ઝડપનો આંકડો ૧૭ માઇલ પ્રતિ કલાક દર્શાવ્યો અને કપ્તાન જેમ્સ અને વિન્સેન્ટ પ્લેફેરની ખુશીનો પાર ન રહ્યો. અગાઉ કોઈ સ્ટીમરે આટલી ઝડપે ગતિ કરી ન હતી. આમ ઝડપની બાબતમાં ડોલ્ફિન વિશ્વની કોઈ પણ સ્ટીમર કરતા સવાઈ સાબિત થવાની હતી અને જેમ્સને પણ એમ જ જોઈતું હતું. જરૂર પડે સઢ ચઢાવા વાપરી શકાય તે માટે ડોલ્ફિનને બે કૂવાસ્તંભો પણ હતા, પરંતુ તે એક બિનજરૂરી વૈભવ જ હતો, કેમ કે ગતિ માટે ડોલ્ફિને સઢ પર આધાર રાખવાનો ન હતો, તેની ઝડપનો મુખ્ય આધાર તો તેના ૫૦૦ હોર્સપાવરનાં બે શક્તિશાળી એન્જિનો ઉપર જ હતો.

૨૫મી ડિસેમ્બર નાતાલના દિવસે સફરના અંતિમ ચરણની તૈયારીઓ શરૂ થઈ. ગ્લાસગો નદી ઉપરના પુલ પાસે આવેલા ડક્કા પાસે ડોલ્ફિન લાંગરવામાં આવી હતી. ત્યાંના ડક્કા ઉપર મોટા પ્રમાણમાં માલસામાન એકઠો કરવામાં આવ્યો હતો. જેમાં જીવનજરૂરિયાતની વસ્તુઓ, કપડાં અને દારૂગોળો હતાં, જે ડોલ્ફિને અમેરિકા લઈ જવાનાં હતાં. જ્યાં આવી વસ્તુઓની અછતને પરિણામે સારા ભાવ ઉપજી શકે તેમ હતા. કામદારો બધો માલસામાન ડોલ્ફિનના ભંડકિયામાં ભરી રહ્યા હતા.

ડોલ્ફિનની સફર માટે ચાલી રહેલી આવી તૈયારીઓને કારણે પ્લેફેર એન્ડ કંપની માટે મુખ્ય પ્રશ્ન હતો તેના પ્રવાસ અંગેની ગુપ્તતા જાળવવાનો. એની માહિતી જાહેર થવાનો ભય હંમેશા તેમને સતાવતો હતો. જો આવી માહિતી અમેરિકાના નૌકાદળને પ્રાપ્ત થાય તો ડોલ્ફિન માટે આ સફર ખૂબ જ મુશ્કેલ બને તેમ હતી. સદ્ભાગ્યે છેલ્લા થોડા દિવસોથી અમેરિકી નૌકાદળનું એક પણ જહાજ બ્રિટનના જળવિસ્તારમાં દેખાયું ન હતું. તે તેમને મન થોડી સંતોષકારક વાત હતી. આ સફરની ગુપ્તતા જાળવી રાખવા માટે જ જેમ્સે પોતાના ખલાસીઓની પસંદગી પણ બાકી રાખી હતી. જો તેમની વહેલી પસંદગી કરવામાં આવે તો વાત વહેલી ફેલાઈ જવાની સંભાવના રહેલી હતી. કારણ કે ખલાસીઓની પસંદગીનો મુખ્ય પ્રશ્ન જ આ હતો, ખલાસીઓને ભરતી વખતે જણાવવું જરૂરી હતું કે તેઓ ક્યાં જઈ રહ્યા છે અને તેથી જ સફરની ગુપ્તતા જાળવી રાખવાનું કામ મુશ્કેલ હતું. ખોટું બોલીને પણ તેમને આવી સફરે લઈ જઈ શકાય તેમ ન હતું. સફર જોખમી હતી અને જ્યાં જીવન અને મરણ દાવ ઉપર હોય

ત્યારે ખોટું બોલીને ખલાસીઓને લઈ જવામાં સૌથી મોટો ભય તેમના તરફના બળવાનો હતો. જેમ્સે તે પ્રશ્ન પણ સરળતાથી ઉકેલી નાખ્યો. તેણે ખલાસીઓને અપાતા સરેરાશ પગાર કરતા બમણો પગાર અને નફામાં ભાગ આપવાની આકર્ષક શરત મૂકી. પરિણામે માત્ર ૨૪ કલાકમાં જ બ્રિટનની મહારાણીની વૈભવી વિહારનૌકાને પણ શોભાવી શકે તેવા ૩૦ ચુનંદા નાવિકોની ભરતી થઈ શકી.

ડોલ્ફિનના પ્રસ્થાન માટે ૩જી જાન્યુઆરીનો દિવસ નક્કી કરવામાં આવ્યો હતો. એમાં લઈ જવાનો જરૂરી માલસામાન, કપડાં, દારૂગોળો અને અન્ય જીવનજરૂરિયાતની વસ્તુઓ તો ૩૧મી ડિસેમ્બર પહેલાં જ તેના ભંડકિયામાં ગોઠવાઈ ચૂકી હતી.

કપ્તાન જેમ્સ ડોલ્ફિનની તૈયારીઓ ઉપર એક અંતિમ દૃષ્ટિ નાખવા માટે ૨જી જાન્યુઆરીના રોજ ડોલ્ફિનના તૂતક પર ગયા અને દરેક તૈયારીઓ બરાબર રીતે થઈ છે કે કેમ તે અંગે ચકાસણી કરી રહ્યા હતા. તે સમયે શરીરે સશક્ત બાંધાનો, પઠ્ઠા જેવો દેખાતો એક માણસ જહાજમાં દાખલ થયો. પોતે કપ્તાન જેમ્સને મળવા માગે છે. તેમ સ્થળ ઉપરના નાવિકને જણાવ્યું. એ માણસ તેને કપ્તાન પાસે લઈ આવ્યો.

જેમ્સને મળવા આવેલો એ માણસ શારીરિક રીતે હરક્યુલીસ જેવો વિશાળ ભૂજાઓવાળો અને રતાશ પડતા તંદુરસ્ત ચહેરાવાળો હતો. સ્વભાવે રમૂજી લાગતો અને પોતાનામાં જ ખોવાયેલો લાગતો આ માણસ બુદ્ધિશાળી અને વિનોદી હોય તેવો જણાતો હતો. તેના મોં પરથી એ કોઈ ખલાસી હોય તેવું જણાતું નહોતું. સાગરગામી જિંદગીનો કોઈ અનુભવ હોય તેવું પણ લાગતું ન હતું. તેમ છતાં તેણે ડોલ્ફિનના કૂવાસ્તંભ સામે નજર નાંખી અનુભવી નાવિક હોય તેવા હાવભાવ સાથે કપ્તાન જેમ્સને મળવા આગળ વધ્યો. નવો આવેલો માણસ અને તેને લઈને આવનાર કર્મચારી કપ્તાન જેમ્સ પ્લેફેરની સામે આવી ઊભા રહ્યા. કપ્તાન તરફ ઇશારો કરીને કર્મચારી પોતાના કામ તરફ પાછો વળ્યો.

કપ્તાન જેમ્સ સામે જોઈ તે બોલ્યો, ‘‘આપ કપ્તાન જેમ્સ પ્લેફેર છો ?’’

‘‘હા, હું જ ડોલ્ફિનનો કપ્તાન છું. બોલો, તમારે શું કામ છે ?’’

‘‘હું તમારા જહાજમાં ખલાસી તરીકે જોડાવા માગું છું.’’

‘‘પણ મેં મારા બધા જ માણસોની પસંદગી કરી લીધી છે અને હવે મારે વધારે કોઈ માણસની જરૂર નથી.’’

‘‘એમાં એકાદ માણસ વધારે હશે તો કંઈ બહુ ફેર નહી પડે. એકાદ માણસના વજનથી ડોલ્ફિન ડૂબી નહી જાય અને તમને મારા જેવો ખલાસી મળશે પણ નહી.’’ આગંતુક વિશ્વાસથી બોલ્યો.

થોડી ક્ષણો માટે કપ્તાન પોતાની નજરથી આ નવા માણસને, માપી રહ્યા અને બોલ્યા, ''તો, તને પોતાના પર આટલો બધો વિશ્વાસ છે ?''

''બેશક ! દરેક વ્યક્તિને પોતાના પર વિશ્વાસ હોવો જ જોઈએ.''

''પણ તું છે કોણ ?''

''હું એક અનુભવી ખલાસી છું. આવી અનેક સફરો હું ખેડી ચૂક્યો છું અને હવે તમારી સેવામાં રહેવા ઇચ્છું છું. મારું નામ ક્રોકસ્ટોન છે.''

''પણ ગ્લાસગોના બારામાં બીજાં પણ ઘણાં જહાજો લાંગરેલાં છે અને જેમ્સ પ્લેફેર જેવા કપ્તાનો પણ ત્યાં છે. તું ત્યાં જઈ શકે છે, અહીં જ કેમ આવ્યો ?''

''બીજી સ્ટીમરો તો ઘણી છે, પણ તે સ્ટીમરના કપ્તાન જેમ્સ પ્લેફેર નથી. હું તમારા જેવા બહાદુર, સાહસી અને નીડર કપ્તાનના હાથ નીચે કામ કરવા માગું છું.''

''પણ મને તારી જરૂર નથી. તું જઈ શકે છે.''

''સાહેબ, એક સારા કપ્તાનને હંમેશા સારા અને સશક્ત ખલાસીઓની જરૂર પડતી જ હોય છે અને તમને પણ છે. જે હું પૂરી કરી શકું એમ છું. તમને વિશ્વાસ ન હોય તો તમારા ત્રણ-ચાર ચુનંદા ખલાસીઓને બોલાવી ચકાસી લો. હું એકલો જ બધાનો સામનો કરી શકું છું. એ ઉપરાંત મારી દૃષ્ટિ પણ ખૂબ સતેજ છે, સામાન્ય કોઈ પણ વ્યક્તિ કરતા દૂર સુધી મારી દૃષ્ટિ પહોંચી શકે છે.''

''એ બધાની જરૂર નથી. સમય આવતા જ એ બધું જાતે જ સાબિત થઈ જશે.'' જેમ્સ આટલું કહેતા ધ્યાનથી એની સામે જોઈ રહ્યા હતા. તેની ઊંચાઈ અને શારીરિક બાંધો અને બાંધા પરથી લાગી રહ્યું હતું કે તેના દાવાઓ ખોટા ન હતા.

''કયાં કયાં સ્થળોની તે દરિયાઈ સફર કરી છે ?''

''દરેક સ્થળે થોડી થોડી.''

''તને ખબર છે, ડોલ્ફિન ક્યાંની સફરે જવાની છે ?''

''ખબર છે, અને તેની આ સાહસી અને મહત્ત્વાકાંક્ષી સફરે જ મને એના ખલાસી તરીકે જોડાવા આકર્ષિત કર્યો છે.''

''સારું, તારા જેવા સશક્ત દેખાતા માણસને હું છોડી શકીશ નહીં. જા, જઈને ઉપકપ્તાનને મળી લે અને ડોલ્ફિનના કર્મચારી તરીકે તારું નામ નોંધાવી દે.'' જેમ્સે કહ્યું.

કપ્તાનની ધારણા હતી કે નવો માણસ દોડતો ઉપકપ્તાનને મળવા જશે, પરંતુ તેમણે જોયું કે ક્રોકસ્ટોન થોડો વિચારમાં ખોવાયેલો હતો અને તેનું ધ્યાન ન હોય તે

રીતે જ ત્યાં ઊભો હતો. એને હજી ત્યાં ઊભેલો જોઈને કપ્તાને એને સચેત કર્યો, ‘‘તું સાંભળે છે, હું શું કહું છું ?’’

‘‘હા, કપ્તાન હું સાંભળું છું, પણ મારે તમને એક વાત કહેવી છે.’’

‘‘હવે શું છે ? તું હવે મારો સમય બગાડી રહ્યો છે. મારા માટે એક એક ક્ષણ મહત્ત્વની છે. આવતી કાલે આ સ્ટીમર ઉપાડવાની છે અને મારે એની તૈયારીઓ બરાબર છે કે નહી તેની હજુ એક વાર ચકાસણી કરવાની છે.’’

‘‘મારે તમને એક નાની વાત કહેવાની છે. એમાં હું તમારો બહુ સમય નહી લઉં. તમારી માત્ર થોડી પળો લઈશ. મારો એક ભત્રીજો છે.’’

‘‘હા, અને એને એક રમૂજી કાકો પણ છે. બરાબર !’’ જેમ્સે મજાકિયા સ્વરે કહ્યું.

ક્રોકસ્ટોન હસી પડ્યો.

‘તારી વાતો પૂરી થઈ ગઈ હોય તો હું જાઉં ?‘’’ કપ્તાન જેમ્સે કહ્યું.

‘‘મારે આપને એટલું જ કહેવાનું છે કે કાકાને જે કામે સેવામાં લીધો છે તે સાથે તેના ભત્રીજાને પણ તમારા જહાજના કર્મચારી તરીકે સ્વીકારો.’’

‘‘ઓહ ! હવે તેને પણ સાથે લેવાનો !’’ થોડી ક્ષણો વિચારીને કપ્તાને આગળ ચલાવ્યું, ‘‘ઠીક છે, પણ તારો આ ભત્રીજો કરે છે શું ?’’

‘‘મારો એ ભત્રીજો પંદર વર્ષની ઉંમરનો છોકરો છે. તેને સાગરગામી નાવિક બનવામાં રસ છે અને હું તેને આ સફરમાં જરૂરી તાલીમ આપવા માગું છું. મને ખાતરી છે કે એક દિવસ તે બાહોશ ખલાસી બની શકશે. તેથી આ સફરમાં હું તેને મારી સાથે લઈ જવા માગું છું અને એમ પણ હું એને અહી એકલો મૂકી શકું એમ નથી. એની ઉંમર નાની છે અને એનું દુનિયામાં મારા સિવાય બીજું કોઈ નથી.’’

‘‘ક્રોકસ્ટોન, તને શું લાગે છે ? ડોલ્ફિન એ નવા છોકરડાઓને કૅબિનબૉયની તાલીમ આપતી કોઈ શાળા છે ? તને ખબર નથી આપણે એક જોખમી પ્રવાસે જવાનું છે ?’’ કપ્તાને ગુસ્સામાં બરાડો પડ્યો.

‘‘કૅબિનબૉય તરીકે સેવા આપતાં છોકરાઓ માટે એવું ઘસાતું નહી બોલવા મારી આપને વિનંતી છે. સાહેબ, આપને ખબર હશે જ કે ઍડમિરલ નેલ્સન અને ઍડમિરલ ફ્રેન્કલીન જેવા મહાન જળસેનાધ્યક્ષો કૅબિનબૉય જ હતા. સાહેબ, મારું એટલું માન રાખો. મારા ભત્રીજાને સાથે લેવા દો તો તમારો આભાર.’’

થોડી ક્ષણ વિચારીને કપ્તાન બોલ્યા,

“મને તારી વાત કરવાની રીતભાત પસંદ આવી છે, જા તારા ભત્રીજાને લઈ આવ અને એક કલાકમાં પાછો આવી જા. આપણે વહેલી સવારે ડોલ્ફિનનું લંગર ઉપાડવાનું છે.”

ક્રોકસ્ટોનને વધુ કંઈ કહેવાની જરૂર પણ ન હતી. તેણે કઢંગી રીતે કપ્તાનનો આભાર વ્યક્ત કર્યો અને જહાજના તૂતક પરથી તરત જ દોડયો. ઉપકપ્તાનને મળીને પોતાનું અને ભત્રીજાનું નામ કર્મચારીઓની યાદીમાં નોંધાવી દીધું અને ઝડપથી ડોલ્ફિનમાંથી બહાર નીકળી ગયો.

એકાદ કલાકમાં જ સફરની તૈયારી કરી પોતાના સામાન અને ભત્રીજાને લઈને ક્રોકસ્ટોન જહાજ પર આવી ગયો. ચૌદ-પંદર વર્ષનો એનો આ ભત્રીજો સાવ નાજુક શરીરનો અને શરમાળ પ્રકૃતિનો દેખાતો હતો. ભત્રીજો કાકા જેવો સશક્ત અને ખડતલ શરીરવાળો નહોતો. કાકાનું દૃઢમનોબળ પણ એની પાસે ન હતું. અહીંના માહોલથી ભત્રીજો ડરી ગયો હોય તેવું લાગતા ક્રોકસ્ટોન તેને આશ્વાસન તેમ જ હિંમત આપતો હતો.

“અહીં ડરવાનું કોઈ કારણ નથી. કોઈ આપણને ખાઈ જવાનું નથી. પાછા ફરવું હોય તો હજી પણ આપણી પાસે સમય છે.”

“ના...ના.... !” ભત્રીજાએ જવાબ આપ્યો અને હિંમત કેળવતા એણે ઈશ્વરને યાદ કર્યો, “ઈશ્વર આપણી રક્ષા કરશે.”

બીજા દિવસે વહેલી સવારે ૫.૦૦ વાગ્યાના સુમારે ડોલ્ફિનનાં બંને એન્જિનોમાં અગ્નિ પેટાવવામાં આવ્યો. બૉઇલરમાં વરાળનો ભરાવો થવો શરૂ થઈ ગયો હતો. સમગ્ર જહાજમાં હળવી દરુજારી પ્રસરી ગઈ. તેની ચીમનીઓમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવાની શરૂઆત થઈ ગઈ. નાવિકો બૉઇલરની ભઠ્ઠીઓમાં વધુ ને વધુ કોલસા નાખી રહ્યા હતા. ડોલ્ફિનની પહેલી સફરની શરૂઆતની અંતિમ ઘડીઓ પાસે આવી ગઈ હતી.

બંદરના ડક્કા ઉપર તેમ જ ગ્લાસગોની ક્લાઇડ નદીનાં પુલ ઉપર લોકોની વિશાળ ભીડ એકઠી થઈ હતી. તેઓ ડોલ્ફિનના પ્રથમ પ્રવાસ માટે શુભેચ્છા પાઠવવા આવ્યા હતા. તેમાં ડોલ્ફિનના નાવિકોનાં સગાં-સંબંધીઓ પણ હતાં. આ ટોળામાં ‘પ્લેફેર એન્ડ કંપની’ના માલિક શ્રીમાન વિન્સેન્ટ પ્લેફેર પણ જેમ્સને અલવિદા કહેવા તથા શુભેચ્છા પાઠવવા આવ્યા હતા. તેઓ પુલ ઉપરથી પોતાનો હાથ ઊંચો કરી બૂમો પાડી રહ્યા હતા.

“અલવિદા... જેમ્સ...! તારા લક્ષ્યસ્થાને ઝડપથી પહોંચી જા અને તેનાથી પણ વધુ ઝડપે પાછો આવ. મને ખાતરી છે કે આ કાર્યમાં તું સફળ થશે જ. સંજોગો ગમે તેવા

હોય, તું તેનો ભોગ બનીશ નહી. જહાજમાનાં માલસામાનનો સારો ભાવ મેળવજે, એ સોદાને વધુ ને વધુ લાભદાયી બનાવજે. તારા આ અંકલની શુભેચ્છાઓ અને શાબાશી તારી સાથે જ છે.''

જોકે એમને પણ ખબર હતી કે આ અવાજ જેમ્સ સુધી પહોંચતો ન હતો, પણ તે ખૂબ ઉત્સાહમાં હતા અને તેને શુભેચ્છા આપતા હોય તેમ બૂમો પાડી રહ્યા હતા.

આ સમયે ક્રોકસ્ટોન અને તેનો ભત્રીજો જ્હોન સ્ટીંગ્સ જહાજના તૂતક પર જ ઊભા હતા.

''ખરેખર સારી વ્યવસ્થા થઈ છે. બપોરે બે વાગ્યા પહેલાં આટલાંટિક મહાસાગરમાં આપણે પહોંચી જઈશું. આટલી બધી અનુકૂળતાઓ સાથે શરૂ થયેલી આપણી આ સફર મને ખાતરી છે કે સફળ રહેશે જ.''

જ્હોને જવાબમાં એક પણ શબ્દ ઉચ્ચાર્યા વગર ક્રોકસ્ટોનનો હાથ દબાવીને મોઢાના હાવભાવથી જ સંમતિ દર્શાવી.

કપ્તાન જેમ્સ પ્લેફેરે ડોલ્ફિનના પ્રસ્થાન માટેનો આદેશ આપ્યો અને તેના મદદનીશ ઉપકપ્તાન મેથ્યુને પૂછ્યું,

''બૉઇલરમાં વરાળનું દબાણ યોગ્ય છે ને ?''

''હા...જી...'' મેથ્યુએ એકાક્ષરી ઉત્તર આપ્યો.

''તો પછી સ્ટીમરનું લંગર ઉપાડી લેવામાં આવે.''

જેમ્સના આદેશ સાથે જ ખલાસીઓએ લંગરને ઉપર ખેંચી લીધું. ધીમેથી ગતિમાં આવેલું ડોલ્ફિર ડક્કામાંથી આગળ વધ્યું અને થોડી જ મિનિટોમાં બંદરનાં અન્ય જહાજો પાસેથી પસાર થતું, બંદર પર શુભેચ્છા પાઠવવા આવેલા લોકોની દૃષ્ટિથી અદૃશ્ય થયું.

લોથરની પહાડીઓમાંથી નીકળતી અને ૧૭૬ કિ.મી. લાંબી ક્લાઇડ નદી એ સ્કોટલેન્ડની ત્રીજી સૌથી મોટી નદી હતી. એને વિશે એવું કહેવાતું હતું કે આ નદી માનવો દ્વારા બનાવવામાં આવી છે. ૬૦ વર્ષોથી ડ્રેજિંગ દ્વારા એનું તળિયું અને કિનારાઓ ઊંડા તથા પહોળા કરવાની કામગીરી સતત ચાલી રહી હતી. પરિણામે એનું તળિયું ૧૫ ફૂટ જેટલું ઊંડું બન્યું હતું અને ડક્કાથી શહેર વચ્ચેનો એનો પટ ત્રણ ગણો પહોળો બન્યો હતો. ડોલ્ફિનની ગતિથી નદીના પાણીમાં ઉઠેલા તરંગો ઉપર ગ્લાસગો બંદરમાં ઊભેલાં અન્ય જહાજો ડોલતાં હતાં. બંને કાંઠાઓ ઉપર આવેલાં કારખાનાંની ચીમનીઓમાંથી કાળો ધુમાડો નીકળવો શરૂ થઈ ગયો હતો. થોડા માઇલ આગળ જતા વરાળયંત્રના શોધક જેમ્સવૉટના જન્મસ્થળ ગ્રિનોકને અંતિમ સલામ ભરતી ડોલ્ફિન

ધીમે ધીમે આગળ વધી. કેન્ટાયરની ભૂશિર વટાવતા જ આગળ નદીનો પટ બે ગણો પહોળો બન્યો. નદીના કઠિન જળમાર્ગમાંથી સહીસલામત રીતે ડોલ્ફિનને દોરીને સમુદ્ર સુધી લાવનાર પાયલોટ માટે પાછા વળવાનો સમય આવ્યો. જહાજની આગળ તરી રહેલી પાયલોટ નૌકા પાયલોટને પરત લઈ જવા તૈયાર જ હતી. સુકાન ડોલ્ફિનના કપ્તાનને સોંપી પાયલોટ રવાના થયો. એ સાથે જ જહાજનું સુકાન અને સંચાલન હવે કપ્તાન જેમ્સના હાથમાં આવ્યું. ક્લાઇડના મુખ પાસેનો ભાગ વધુ પહોળો અને ઊંડાઈવાળો હતો. ક્લાઇડના મુખ પાસે આવેલા ત્રણ મુખ્ય ટાપુઓ બ્યૂટ, ક્યુબ્રા અને સૌથી મોટો ટાપુ અરાન પસાર થયા. ડોલ્ફિન હવે સમુદ્રના પાણીમાં હતી. કપ્તાને ઉત્તરી આયરલેન્ડ તરફથી પસાર થતો ઓછો જાણીતો માર્ગ પસંદ કર્યો અને લગભગ બપોર સુધીમાં તો યુરોપની ભૂમિનો છેલ્લો ભાગ પણ દેખાતો બંધ થયો. ડોલ્ફિન હવે ખુલ્લા આટલાંટિક મહાસાગરમાં હતી.

❒

# હેલીબર્ટનું રહસ્ય

## 3

આટલાંટિક મહાસાગર શાંત હતો. વાતાવરણમાં ધુમ્મસ છવાયું હતું. ડોલ્ફિનના શિસ્તબદ્ધ અને આજ્ઞાપાલક ખલાસીઓ પોતપોતાનાં કામમાં વ્યસ્ત હતા. મોટા ભાગના ખલાસીઓ વેપારી હતા. તેઓ ભલે અમેરિકાની ગૃહયુદ્ધ સ્થિતિ તરફ જઈ રહ્યા હતા, પરંતુ તેઓ યુદ્ધજહાજના નૌસૈનિકો ન જ હતા. આ સ્થિતિ તરફ જવાનો તેમનો હેતુ કોઈ જીતી લીધેલી નવી જમીન પર પોતાના દેશનો રાષ્ટ્રધ્વજ લહેરાવવાનો ન હતો કે ન હતો દેશના ધ્વજની રક્ષા કરવાનો. માત્ર આ જોખમી સ્થિતિમાં જઈ વેપાર દ્વારા વધુ કમાણી કરવાની જ તેમની મુરાદ હતી. આવી જોખમી સ્થિતિમાં જવાનું હોવા છતાં તેમની પાસે બચાવ માટે કોઈ શસ્ત્રો ન હતાં. ડોલ્ફિનમાં જૂની ઢબની માત્ર  બે સ્વિવેલ તોપો[(VI)] હતી. આવી તોપો દ્વારા અમેરિકી નૌકાદળને પડકારવું કે તેની સાથે યુદ્ધ કરવું અશક્ય હતું. તેણે તો અમેરિકી નૌકાદળ સામે પોતાના રક્ષણ માટે પોતાની ઝડપ પર જ આધાર રાખવાનો હતો અને અમેરિકી નૌકાદળની પ્રહાર ક્ષમતાથી બહાર રહીને જ પોતાની સલામતી જાળવવાની હતી.

આટલાંટિકમાં પશ્ચિમ તરફ આગળ વધતી ડોલ્ફિન બ્રિટનની દરિયાઈ સીમાઓ ઓળંગી ચૂકી હતી. હવે એ આંતરરાષ્ટ્રીય જળવિસ્તારમાં હતી. સ્કોટલેન્ડ છોડ્યા પછી તેને બ્રિટન કે અન્ય કોઈ પણ દેશના જહાજના દર્શન થયા ન હતા. તેને સૌથી મોટો ભય અમેરિકી નૌકાદળ તરફથી જ હતો. અમેરિકી નૌકાદળના કોઈ પણ જહાજને ડોલ્ફિનની સફર અંગે શંકા ઊપજતા તેના પર હુમલો કરી તેને સમુદ્રના તળિયે પહોંચાડે તેવી શક્યતા છેવટ સુધી રહેવાની હતી.

જાન્યુઆરીની શરૂઆત હતી. શિયાળાની રાત્રે તાપમાનનો પારો શૂન્ય નીચે જતો રહેતો હતો. આવી હાડ થીજાવનારી ઠંડીમાં પણ સમુદ્ર પર નજર રાખવાની કડક સૂચના કપ્તાને આપી હતી. એક વ્યક્તિ હંમેશા જહાજના આગલા મુખ્ય કૂવાસ્તંભ પર ઊંચાઈએ બનાવેલી બેઠક પરથી સમુદ્રમાં ચારે બાજુ દૃષ્ટિ રાખતી હતી. ક્ષિતિજ ઉપર કોઈ જહાજ કે અન્ય હિલચાલ જણાય એટલે તેણે તરત જ કપ્તાનને જણાવવાનું હતું.

સાંજના સમયે કપ્તાન જેમ્સ તૂતક પર આવ્યા. પ્રથમ અધિકારી એવા મેથ્યુને જણાવ્યું,

‘‘કોઈ પણ ખલાસીને લાંબો સમય સમુદ્ર પર નજર રાખવા રાખવો નહી. થોડા થોડા સમયે ખલાસીઓની બદલી કરતા રહેજો. એક જ વ્યક્તિને લાંબો સમય આ કામ સોંપવાથી બની શકે કે ખૂબ કારમી ઠંડીને કારણે તે આ કાર્ય યોગ્ય રીતે ન કરી શકે.

તેથી ચોવીસ કલાકમાં ચાર જુદા જુદા માણસની વારાફરતી બદલી કરતા રહો. તેમાં કોઈ પણ ગફલતની આપણે ખૂબ મોટી કિંમત ચુકવવી પડે તેમ છે.''

''મને ખબર છે કપ્તાન, અને તે માટે મેં યોગ્ય વ્યવસ્થા કરી જ રાખી છે.'' મેથ્યુએ કહ્યું.

''આ કાર્ય તમે ક્રોકસ્ટોનને સોંપો. એમ પણ એણે દાવો કર્યો છે કે તેની દૃષ્ટિ ખૂબ જ સારી છે. સવારના સમયે જ્યારે ગાઢ ધુમ્મસ છવાયેલું હોય અને જ્યારે દૂર સુધી જોવું મુશ્કેલ હોય ત્યારે તેને આ કાર્ય સોંપો. જોઈએ તો ખરા તેના દાવાઓમાં કેટલો દમ છે. ચારે બાજુએ ક્ષિતિજ ઉપર કંઈ પણ અજુગતું જણાય તો તુરંત જ મને સમાચાર આપશો.''

કપ્તાન જેમ્સ એટલી સૂચના આપીને પોતાની કૅબિન તરફ ગયા.

મેથ્યુએ ક્રોકસ્ટોનને બોલાવ્યો અને કપ્તાન જેમ્સે આપેલો આદેશ એને કહી સંભળાવ્યો.

''કાલે સવારે છ વાગે તું મુખ્ય કૂવાસ્તંભ પર તારી ફરજ બજાવવા હાજર થઈ જજે.''

ક્રોકસ્ટોનને સોંપવામાં આવેલું આ કાર્ય તેને બિલકુલ પસંદ ન પડ્યું હોય તેમ તેણે મોં બગાડ્યું. ગુસ્સે ભરાયો હોય તેમ તેના મોં ઉપરનો ભાવ બદલાઈ ગયો. મેથ્યુને તે કંઈ કહેવા જાય તે પહેલા તો તેઓ આદેશ આપી બીજા સ્થળે ચાલ્યા ગયા. ક્રોકસ્ટોન પાછળ ગુસ્સામાં બબડી રહ્યો,

''આ દુનિયામાં એવી તે કઈ ચીજ છે જે મુખ્ય કૂવાસ્તંભ તરીકે ઓળખાય છે ?!''

એ જ સમયે એનો ભત્રીજો જ્હોન સ્ટીગ, તૂતક પર આવ્યો ને ક્રોકસ્ટોનને તે અંગે પૂછ્યું. ક્રોકસ્ટોને અણગમા સાથે કપ્તાન જેમ્સનો આદેશ કહી સંભળાવ્યો. સ્ટીગ્સને ક્રોકસ્ટોનને સોંપવામાં આવેલું આ કાર્ય તેને નથી ગમ્યું તે ખ્યાલ આવી ગયો. તેને સમજાવવા તેણે પ્રયત્ન પણ કર્યો,

''શું છે ? કંઈ તકલીફ છે ?''

''ના ભાઈ ના, તકલીફ તો શી હોય ? પરંતુ નાલાયક જહાજ પાણીમાંથી બહાર આવેલા કૂતરાની જેમ ફડફડાટ ઘૂમરી બોલાવે છે સાથે મારું મગજ પણ હલતું લાગે છે.'' ક્રોકસ્ટોને કંઈક અનિચ્છાએ જવાબ આપ્યો.

''વ્હાલા, ક્રોકસ્ટોન, આ બધું સહન કર્યે જ છૂટકો, પણ આ સ્થિતિ મારે કારણે જ છે.''

''સાચી વાત છે, પણ એને માટે એક શબ્દ પણ બોલીશ નહી, ભાઈ. જહોન, ઈશ્વરમાં શ્રદ્ધા રાખ. એ હંમેશા આપણી સાથે જ છે.'' ક્રોકસ્ટોને સ્વસ્થ થઈને જવાબ આપ્યો.

બંને વાતો કરતા કૅબિન પાસે આવી ગયા. ડોલ્ફિનમાં આ તેમની પ્રથમ રાત્રિ હતી. પોતાની કૅબિનમાં સૂતા પહેલા ક્રોકસ્ટોને ખાતરી કરી લીધી કે એનો યુવાન અને નાજુક ભત્રીજો એની અગવડભરી સાંકડી કૅબિનમાં સૂતો હતો કે કેમ ?

બીજા દિવસે વહેલી સવારે છ વાગે ક્રોકસ્ટોન ઊઠીને જહાજનાં તૂતક પર પહોંચી ગયો. ત્યાં હાજર ઉપકપ્તાન મેથ્યુએ કૂવાસ્તંભનાં દોરડાંઓની મદદથી ઉપર ચઢી સમુદ્રમાં ચારે બાજુ નજર રાખવા કહ્યું.

મેથ્યુના આદેશ પછી પણ ક્રોકસ્ટોનને ખ્યાલ ન આવ્યો કે તેણે શું કરવાનું હતું, પણ તેને મેથ્યુ સાથે વાત કરવાની ઇચ્છા ન હતી. તેથી કોઈ પણ પ્રકારની વધુ પૂછપરછ કર્યા વગર જહાજના પાછળના ભાગ તરફ ચાલવા માંડયો. પાછળથી મેથ્યુએ બૂમ પાડી,

''તું ક્યાં જાય છે ? ક્રોકસ્ટોન.''

ક્રોકસ્ટોને પાછળ જોયા વગર અણગમા સાથે બોલ્યો, ''તમે જ્યાં મને જવા જણાવ્યું છે ત્યાં જાઉં છું.''

''મેં તને આગલા મુખ્ય કૂવાસ્તંભ ઉપરની બેઠક પર જવાનું કહ્યું છે.''

''હું ત્યાં જ જઈ રહ્યો છું.'' નિર્લેપ ભાવે એટલું બોલીને ક્રોકસ્ટોન જહાજના પાછલા ભાગ તરફના નાના કૂવાસ્તંભ તરફ ચાલવા લાગ્યો.

આગલા દિવસના વર્તનથી જ ઉપકપ્તાન મેથ્યુને આ અજાણ્યા ખલાસી માટે પૂર્વગ્રહ તો બંધાયો જ હતો, પરંતુ અત્યારના એના વર્તનથી તો એના મગજનું બૉઇલર ફાટફાટ થવા લાગ્યું.

''મૂર્ખ, મેં તને મુખ્ય કૂવાસ્તંભની બેઠક પર જવા કહ્યું છે. તને કંઈ ખ્યાલ આવે છે ? મુખ્ય કૂવાસ્તંભ, જંગલી...!''

પોતાનાથી ઘણો ઉપરી ગણાય તેવો આ અધિકારી જાણે કંઈ બોલ્યો જ ન હોય એવી રીતે ક્રોકસ્ટોન પાછલા કૂવાસ્તંભ તરફ આગળ વધ્યો અને તેના દોરડાની સહાયથી ઉપર ચઢવા પ્રયત્ન કરવા માંડયો.

એ જોઈને મેથ્યુએ બરાડો પાડ્યો, ''નીચે, એકદમ નીચે આવી જા.''

ક્રોકસ્ટોન પર હજી કોઈ અસર પડી ન હતી. તે ધીમે ધીમે ઉપર ચઢવા પ્રયત્ન કરી રહ્યો હતો. તેની ચઢવાની રીત ઉપરથી કોઈને પણ ખ્યાલ આવે કે તેને આ અંગે

કોઈ અનુભવ જ નથી. ઉપર ચઢવામાં તેને ખૂબ મુશ્કેલી પડી રહી હતી.

ગુસ્સે ભરાયેલા મેથ્યુએ અન્ય નાવિકને બૂમ પાડી.

“જ્હોનસન... જલદી અહીં તૂતક પર આવ.”

જહાજના પ્રથમ અધિકારીના આદેશથી જ્હોનસન દોડતો ત્યાં પહોંચી ગયો.

એના તરફ જોઈ મેથ્યુ બોલી ઊઠ્યા, “મને નથી લાગતું કે આ માણસે ક્યારેય પણ સમુદ્ર પર ખલાસી તરીકે સફર કરી હોય. મને એના ઉપર શંકા છે. અનુભવી ખલાસી તરીકેના ખોટા દાવાઓ કરી તે આ જહાજ ઉપર આવ્યો છે. સૌથી પહેલા તું એની કૅબિનમાં જા. તેના સામાનની ચોકસાઈથી તપાસ કર તેમાંથી શું મળે છે. આપણને ખબર તો પડે કે જહાજ પર આવવાનો એનો હેતુ શું છે ?”

જ્હોનસન ક્રોકસ્ટોનની કૅબિન તરફ દોડ્યો.

મેથ્યુએ ગુસ્સામાં ફરી ક્રોકસ્ટોનને બૂમ પાડી.

“મૂર્ખ, અણઘડ, ઝડપથી નીચે આવી જા. મુલાયમ ચામડાની બનેલી આ ચાબુક તારી રાહ જોઈ રહી છે.”

ક્રોકસ્ટોનને હવે પાછા નીચે આવવામાં પણ તકલીફ પડી રહી હતી. તે ધીમે ધીમે નીચે ઊતરવા લાગ્યો, પરંતુ હાથમાંથી દોરડું છટકી જતા તે સીધો જહાજ ઉપર પટકાયો.

“તું તો ડોલ્ફિન પર એક કુશળ ખલાસી તરીકે આવ્યો હતો ને ?! મને નથી લાગતું કે તેં ક્યારેય કોઈ દરિયાઈ સફર કરી હોય કે આવી સફર અંગે તને જરા પણ જાણકારી હોય. તારો આ જહાજ પર આવવાનો સાચો હેતુ શો છે ? સાચું જણાવ. મને આનો જવાબ હમણાં જ જોઈએ. સીધેસીધું બોલ, નહી તો માહિતી કઢાવવાના મારી પાસે બીજા ઘણા રસ્તા છે.”

ક્રોકસ્ટોન ભોંઠો પડી ગયો. એક પણ શબ્દ ઉચ્ચાર્યા વગર ત્યાં જ પોતાની જગ્યા પર માથું નમાવી ઊભો રહી ગયો. મેથ્યુ એને વધુ કંઈ કહે તે પહેલા જ એની કૅબિન અને સામાનની તપાસ માટે ગયેલો જ્હોનસન આવી પહોંચ્યો. તેના હાથમાં કંઈક હતું.

જ્હોનસને મેથ્યુ તરફ કંઈક આગળ ધરતાં કહ્યું, “મેં ક્રોકસ્ટોનની કૅબિન અને સામાનની જડતી લીધી છે. તેમાંથી મને આ પત્રો મળ્યા છે.”

પત્રો હાથમાં લઈ મેથ્યુ તેને ધ્યાનથી ચકાસવા લાગ્યા. પત્રો કોઈક અમેરિકી હેલીબર્ટ દ્વારા લખાયા હતા. જેના પર બોસ્ટનની પોસ્ટઑફિસના સિક્કા હતા.

ગુસ્સામાં ક્રોકસ્ટોન સામે જોઈ તેણે બરાડો પાડ્યો, ‘‘ગદ્દાર... તો તું એક અમેરિકી જાસૂસ છે. અમારી જાસૂસી કરવા જૂઠ્ઠું બોલી તું આ જહાજ પર આવ્યો છે. વાંધો નહીં... તને તેનો યોગ્ય બદલો મળશે...’’

આટલું કહી ત્યાં ઊભેલા અન્ય બે ખલાસીઓ તરફ જોઈને આદેશ આપ્યો, ‘‘આ ગદ્દારને બાંધી દો’’ અને કપ્તાન જેમ્સ પ્લેફેરને બોલાવી લાવવા જહોનસનને સૂચના આપી.

કપ્તાન પ્લેફેર તરત જ ત્યાં આવી ગયા. નજીક આવતા જ મેથ્યુએ ક્રોકસ્ટોનના સામાનમાંથી મળેલા પત્રો તેની સામે ધર્યા અને બનેલી ઘટના અંગે સંપૂર્ણ હકીકત જણાવી.

ક્રોકસ્ટોનની હકીકત જાણી કપ્તાન જેમ્સ ગુસ્સાથી ભડકી ગયા. તેમ છતાં ગુસ્સાને કાબૂમાં રાખતા ક્રોકસ્ટોનની સામે જોતા પૂછ્યું, ‘‘તારે આ બાબતમાં શું કહેવું છે, ગદ્દાર...!’’

ક્રોકસ્ટોન માથું નીચું નમાવી બોલ્યો, ‘‘કંઈ નહીં.’’

‘‘તું ડોલ્ફિન પર શા હેતુથી આવ્યો હતો ?’’

‘‘એ બાબતમાં હું કંઈ જ કહી શકું એમ નથી.’’

‘‘એમ, તો હવે તું મારી પાસે શી આશા રાખે છે ?’’

‘‘કંઈ નહીં.’’

‘‘તું છે કોણ ? આ પત્રો પરથી તો તું એક અમેરિકી જ લાગે છે ?’’

આ બાબતમાં પણ ક્રોકસ્ટોને એક શબ્દ ઉચ્ચાર્યો નહીં અને પોતાનો જવાબ મૌન રહીને જ આપ્યો.

‘‘ક્રોકસ્ટોન તને શું લાગે છે ? મારી પાસે તારા મૌનને તોડાવવા માટેના ઘણા રસ્તા છે. તું તારી સંપૂર્ણ સાચી ઓળખ અને તારો આ જહાજ પર આવવાનો હેતુ તારા મોંઢે કહી દે, નહીં તો મારે મારી રીતે કામ લેવું પડશે.’’

છતાં ક્રોકસ્ટોનના મોંઢામાંથી એક શબ્દ ન નીકળતા કપ્તાનની ધીરજ ખૂટી ગઈ હતી. તે ગુસ્સામાં બોલ્યા,

‘‘પચાસ ફટકા... ચાબુકના પચાસ ફટકા લગાવો આ ગદ્દારને... હું પણ જોઉં છું કે તું ક્યાં સુધી નથી બોલતો ?’’

બે ખલાસીઓ આગળ આવ્યા. ક્રોકસ્ટોનની જર્સી કાઢી નાખી અને ત્યાં લટકાવેલી ખતરનાક ચાબુક હાથમાં લીધી. બરાબર એ જ સમયે ક્રોકસ્ટોનનો

ભત્રીજો જ્હોન સ્ટીગ્સ ઝડપથી દોડતો તૂતક પર આવ્યો. ક્રોકસ્ટોનને બાંધેલી અવસ્થામાં અને કપ્તાન જેમ્સ અને મેથ્યુને ખૂબ જ ગુસ્સામાં જોઈ એ પામી ગયો કે ન બનવા જેવું બની રહ્યું છે. કપ્તાનના હાથમાં હેલીબર્ટના પત્રો જોઈને તેને ખ્યાલ આવી ગયો હતો.

સજાનો અમલ થાય તે પહેલા જ ભત્રીજો વચ્ચે પડી કપ્તાન જેમ્સની સામે ઊભો રહી ગયો અને બોલ્યો, ''કપ્તાન.''

તેને જોતાં કપ્તાન બોલી ઊઠ્યા, ''આહ...! ક્રોકસ્ટોનનો વહાલો ભત્રીજો...!''

''હાજી ! હું જ ક્રોકસ્ટોનનો ભત્રીજો છું.'' તેણે આગળ બોલવાનું ચાલુ રાખ્યું, ''ક્રોકસ્ટોન તમને જે નથી કહેવા માગતો એ હું તમને કહીશ. આમ પણ અમે આ સત્યને બહુ લાંબો સમય છુપાવી શકીએ એવું મને લાગતું નથી. હા, ક્રોકસ્ટોન અને હું, બંને અમેરિકી છીએ. અમે ગુલામીપ્રથાના હિમાયતી દક્ષિણીરાજ્યોના વિરોધી પણ છીએ, પણ અમે ગદ્દાર નથી. અમારો આ જહાજ પર આવવાનો હેતુ જાસૂસી દ્વારા તમને અમેરિકીઓના હાથમાં સપડાવવાનો કે તમારી હિલચાલ પર નજર રાખવાનો બિલકુલ નહોતો. હું સ્વીકારું છું કે અમે જૂઠું બોલીને આ જહાજની સફરમાં જોડાયા હતા.''

જ્હોનની વાત ધ્યાનથી સાંભળતા કપ્તાને ગંભીર સ્વરે યુવાનને પૂછ્યું, ''આ રીતે ખોટું બોલીને ડોલ્ફિન પર આવવાનો હેતુ શું છે ?'' એનો જવાબ મેળવવા કપ્તાન વેધક નજરે એ યુવાન ભત્રીજાને જોઈ રહ્યો. એની એવી તીરછી નજરથી કાંઈક ક્ષોભ પામી યુવાને બોલવાની શરૂઆત કરી.

''હું તમને બધી જ હકીકત કહીશ, પણ અહી બધાની વચ્ચે નહી. હું એકાંતમાં તમારી સાથે વાત કરવા ઇચ્છું છું.''

જ્હોનની એકાંતમાં વાત કરવા અંગેની માગણી સાંભળીને કપ્તાન તેની સામે ધ્યાનથી જોઈ રહ્યા હતા. તેનો સુંદર ચહેરો, મીઠો અવાજ અને તેના બાળક જેવા કોમળ હાથ વગેરે ધ્યાનથી જોતા તેના મગજમાં અનેક રહસ્યમય પ્રશ્નો ઊઠ્યા. થોડી ક્ષણો ચૂપ રહ્યા પછી જ્હોનને હકારાત્મક ઉત્તર આપતા હોય તે રીતે તેને પોતાની કૅબિનમાં આવવા કહ્યું અને ક્રોકસ્ટોન સામે ગુસ્સાભરી નજર નાખતાં પોતાની કૅબિન તરફ જ્હોનને દોરી ગયા.

કૅબિનનો દરવાજો ખોલી અંદર પ્રવેશતા જ કપ્તાન બોલ્યા, ''બોલો... મેડમ...! તમારે હવે શું કહેવાનું બાકી છે !''

કપ્તાન જેમ્સના શબ્દો સાંભળી જ્હોન શરમથી ક્ષોભ અનુભવી રહ્યો. પોતે એક યુવતી હોવાનું રહસ્ય ખુલ્લું થઈ ગયું હતું. તેની સાથે જ આંખોમાંથી આંસુ વહેવા માંડ્યાં.

કપ્તાને તેને શાંત સ્વરે કહ્યું,

''તારે ડરવાની જરૂર નથી, પરંતુ આવા સ્વરૂપે જહાજ પર ચઢવાનું સાચું કારણ હું તારી પાસે જાણવા માગું છું.''

પોતાની સાચી ઓળખાણ છતી થતાં દિગ્મૂઢ બનેલો જ્હોન ધીમેધીમે ક્ષોભમાંથી બહાર આવ્યો. આંસુ લૂછ્યાં. શરૂમાં એક પણ શબ્દ મોંમાંથી નીકળ્યો નહી, પરંતુ થોડી વારે સ્વસ્થ થઈ તેણે બોલવાની શરૂઆત કરી.

''મારે ચાર્લસ્ટનમાં મારા પિતાને મળવું છે, પરંતુ ચાર્લસ્ટનની જમીન અને દરિયાઈ મોરચે અમેરિકી દળોએ નાકાબંધી કરી છે અને ત્યાં જવાના બધા રસ્તા બંધ છે. જ્યારે ગ્લાસગોમાં મને સમાચાર મળ્યા કે ડોલ્ફિન નામનું જહાજ તેની દરિયાઈ નાકાબંધી તોડી ચાર્લસ્ટન જવાનું છે, ત્યારે અમે આ જહાજમાં જવાનું વિચાર્યું મારે કોઈ પણ કિંમત પર ચાર્લસ્ટન પહોંચી મારા પિતાને મળવું હતું. હું સ્વીકારું છું કે અમે ખોટી રીતે તમારી આ સ્ટીમરમાં પ્રવેશ મેળવ્યો હતો, પરંતુ હું ભગવાન ઈસુની સોગંદ ખાઈને કહું છું કે એમાં અમારો કોઈ ખરાબ ઇરાદો ન હતો.''

કપ્તાન જેમ્સ યુવતીનાં આવા ઉત્તરથી થોડા ઠંડા પડ્યા અને વિચારમગ્ન બની કૅબિનમાં જ આંટા મારવા લાગ્યા.

કપ્તાને પૂછ્યું, ''તમારું નામ ?''

''જેની... જેની હેલીબર્ટ...''

''મને જ્યાં સુધી ખ્યાલ છે ત્યાં સુધી પેલા પત્રો તમારા પિતાના હતા ?''

''હા જી.''

''શું તેઓ બોસ્ટનના છે ?''

જેનીએ ફરી સંમતિસૂચક ડોક હલાવી.

''તો પછી આવી ગૃહયુદ્ધની પરિસ્થિતિમાં તેઓ ચાર્લસ્ટન શા માટે ગયા ? યુદ્ધના સમયમાં એવું જોખમ કેમ ઉઠાવ્યું ?''

''જ્યારે આંતરવિગ્રહની આગ ચંપાઈ અને દક્ષિણનાં રાજ્યોએ સુમેરના કિલ્લા પર આક્રમણ કરી અમેરિકી સૈન્યને હાંકી કાઢ્યું ત્યારે મારા પિતા ચાર્લસ્ટનમાં જ હતા. દક્ષિણના ગુલામીપ્રથાના હિમાયતીઓનો તેમણે ખુલ્લો વિરોધ કર્યો હતો અને આ

કારણે તેમણે જનરલ બ્યોરગાર્ડની નારાજગી વહોરી લીધી. જનરલે તેમને કેદી તરીકે જેલમાં નાખ્યા. એ સમયે હું મારા એક નજીકના સગાને ત્યાં ઇંગ્લેન્ડમાં રહેતી હતી. એ સગાનું થોડા સમય પહેલા જ અવસાન થયું છે. મારા પિતા સિવાય હવે આ દુનિયામાં મારું કોઈ સગું રહ્યું નથી. હું મારા પિતાને મળવા માગતી હતી અને તેમની સાથે જ રહેવા માગતી હતી. એ માટે મારે કોઈ પણ કિંમત ચૂકવવી કેમ ન પડે ?! યુદ્ધની સ્થિતિમાં ચાર્લસ્ટન જવું અશક્ય હતું અને મને આવા સમયે કોઈ મદદ પણ કરે તેમ નહોતું. અમારા કુટુંબના વફાદાર સેવક ક્રોકસ્ટોનની હું આભારી છું કે તેણે મને અહીં સુધી સાથ આપ્યો. એણે ખોટી રીતે જહાજ પર પ્રવેશ મેળવ્યો હતો. એણે જે કંઈ પણ ખોટું કર્યું એ મારા માટે જ હતું. તેનો પોતાનો એમાં કોઈ જ સ્વાર્થ ન હતો. હું માનું છું કે અમે તમારા ગુનેગાર છીએ અને તમે જે સજા આપશો તે મને સ્વીકાર્ય છે, પણ ક્રોકસ્ટોનને તમે માફ કરો એવી મારી વિનંતી છે.''

જેમ્સ પ્લેફેર પૂછ્યું, ''તમારા પિતા શું કરે છે ?''

''મારા પિતા અમેરિકાના સુવિખ્યાત સમાચારપત્ર ટ્રિબ્યુનના તંત્રી છે. ગમે તેવી ખરાબ પરિસ્થિતિમાં પણ તેમણે પોતાની ફરજ નિષ્ઠાથી બજાવી છે. તેમણે હંમેશા સત્યને જ સાથ આપ્યો છે. ભલે તેના માટે ગમે તેટલી મોટી કિંમત ચૂકવવી પડે ! તેઓ ગુલામીપ્રથા નાબૂદીના પણ હિમાયતી છે તેથી જ તેમની ધરપકડ થઈ છે.''

''મને આવા ગુલામીપ્રથા નાબૂદીના હિમાયતીઓ પ્રત્યે નફરત છે. તેમણે આવા તુચ્છ ગુલામોના નામે પોતાનો રાજકીય સ્વાર્થ સાધવા સમગ્ર અમેરિકાને હિંસક અને વિનાશક યુદ્ધમાં હોમી દીધું છે.'' કપ્તાને અણગમો દર્શાવતા કહ્યું.

તરત જ જેનીએ વચ્ચે બોલતાં કહ્યું, ''તમે મારા પિતાનું અપમાન કરી રહ્યા છો. તમે ભૂલી રહ્યા છો કે તેમની પુત્રી હજુ તમારી સામે ઊભી છે. હું મારા પિતાનું આવું અપમાન ક્યારેય સહન ન કરી શકું !''

વાત વાતમાં વચ્ચે જ બોલાયેલા જેનીના આવા કડક શબ્દો કપ્તાન માટે અસહ્ય હતા છતાં તેમણે પોતાના ગુસ્સાને કાબૂમાં રાખ્યો. થોડો સમય કંઈ પણ બોલ્યા વગર કૅબિનનો દરવાજો ખોલી બહારથી એક નાવિકને અંદર બોલાવ્યો.

ખલાસી અંદર આવતા કપ્તાન જેમ્સ બોલ્યા,

''હવેથી મારી આ કૅબિન જેનીની છે.'' આટલું બોલી જેની તરફ હાથથી ઇશારો કર્યો, ''મારે માટે જહાજના પાછલા ભાગમાં બીજી એક કૅબિનની વ્યવસ્થા કરો, હવેથી હું એ કૅબિનમાં જ રહીશ.''

કપ્તાન જેમ્સની આવી વાતથી ખલાસીને આશ્ચર્ય થયું. થોડી મિનિટોમાં કૅબિનમાં જે બન્યું હતું તે એની સમજ બહાર હતું. કપ્તાન જેમ્સ ક્રોકસ્ટોનના ભત્રીજાને

સ્ત્રીસૂચક સ્વરોમાં બોલાવી રહ્યા હતા અને જે ગદ્દારને ભયંકરમાં ભયંકર સજા કરવાની હોય તેને સજા કરવાને બદલે કપ્તાને પોતાની કૅબિન જ એ વ્યક્તિને આપી રહ્યા હતા. કપ્તાન જેમ્સનો બહાર જવાનો ઇશારો થતાં તે કૅબિન છોડી બહાર તેને સોંપાયેલા કાર્ય માટે જતો રહ્યો. એના મનમાં પ્રશ્નો તો ઘણા હતા, પરંતુ કપ્તાન જેમ્સના આદેશ સામે કંઈ પણ બોલી શકે તેમ ન હતું.

કૅબિનમાંથી બહાર નીકળતા કપ્તાને જેની તરફ ફરીને કહ્યું, ‘‘આ કૅબિન હવે તારી છે. તું ડોલ્ફિનને પોતાનું ઘર સમજી શકે છે.’’

આ શબ્દો સાથે કપ્તાન જેમ્સ પણ કૅબિન છોડી નીકળી ગયા. જેનીએ કપ્તાન જેમ્સના શબ્દો બે વાર સાંભળ્યાં છતાં એને વિશ્વાસ બેસતો ન હતો. તેણે કપ્તાન જેમ્સના આવા વર્તનની આશા જ રાખી ન હતી.

❒

*(VI). સ્વિવેલ તોપ : ત્રણ ફૂટ જેટલી લંબાઈ ધરાવતી અને ૩.૫ સે.મી. જેટલા પહોળા નાળચાનો વ્યાસ ધરાવતી આ જૂની ઢબની તોપો હતી. આવી તોપોના ઉપયોગની શરૂઆત ૧૫મી અને ૧૬મી સદીમાં થઈ હતી. તોપની પ્રહારમર્યાદા પણ ટૂંકી હતી.*

# ક્રોકસ્ટોનની કરામત

## ૪

ક્રોકસ્ટોન અને જેનીની વાત થોડા જ સમયમાં જહાજના ખલાસીઓ સુધી પહોંચી ગઈ હતી. કપ્તાન જેમ્સના આદેશ મુજબ ક્રોકસ્ટોનને પણ છોડી મૂકવામાં આવ્યો હતો. એના વાંસાની ચામડી ઊતરડી નાખવા તૈયાર એવી ચામડાની પેલી ચાબુક પાછી એના સ્થાને લટકતી થઈ ગઈ. એને જોઈ ક્રોકસ્ટોનને રમૂજ સૂઝી,

‘‘જ્યાં સુધી એના વેલ્વેટનો રંગ દર્શાવતી હોય ત્યાં સુધી ખરેખર સુંદર પ્રાણી છે.’’

આ ઘટના પછી જેની સ્ત્રીઓનાં જ વસ્ત્રોમાં રહેતી થઈ ગઈ. એનાં રહસ્યની હવે બધાને ખબર હતી. તેથી હવે ડોળ કરવાની જરૂર રહી ન હતી. ક્રોકસ્ટોન પણ ખલાસી નથી અને તેનામાં તે અંગે કોઈ ખાસ આવડત પણ ન હતી, તેનો ખ્યાલ આવી જતા તેને ખલાસી તરીકેની ફરજમાંથી પણ મુક્તિ આપવામાં આવી. તે ડોલ્ફિનના તૂતક પર ઘણી વાર આંટાફેરા મારતો દેખાતો, પરંતુ જેની ઘણું કરીને પોતાની કૅબિનમાં જ રહેતી.

જેની અને ક્રોકસ્ટોનની સાચી ઓળખાણ થઈ ત્યાર પછી કપ્તાન તૂતક ઉપર ઝડપથી આંટા માર્યા કરતા. તેમની નજર જેનીને શોધતી, પરંતુ જેની એક પણ વાર તૂતક પર દેખાઈ ન હતી. ઉપરાંત જેની સાથે કૅબિનમાં પણ મુલાકાત થઈ ન હતી. એમણે પણ જેનીને મળવા કે તેની સાથે વાત કરવા પ્રયાસ કર્યા નહોતા. આ બાજુ ડોલ્ફિન પણ પોતાના બંને પડખાંના પંખાઓના બળથી આટલાંટિક પારના લક્ષ્ય તરફ ઝડપથી આગળ વધી રહી હતી. સમુદ્ર પર ચારે બાજુ ચોકસાઈપૂર્વક નજર રાખવા સિવાય કપ્તાન પાસે તાત્કાલિક કોઈ કામ પણ ન હતું. હજુ સુધી એવી કોઈ અનિચ્છનીય ઘટના બની નહોતી અને સફર પર નીકળ્યા પછી કોઈ જહાજ પણ ડોલ્ફિનમાંથી દેખાયું નહોતું.

કપ્તાનના એ રીતના આંટાફેરા દરમિયાન ક્રોકસ્ટોનની વારંવાર બાજુમાંથી પસાર થતાં, કપ્તાન જેમ્સ સાથે એની મુલાકાત થયા કરતી. બંને જણ એકબીજા સામે □□પચારિકતા પૂરતું ભાવવિહીન સ્મિત વેરી ચાલ્યા જતા, પરંતુ ક્રોકસ્ટોન હંમેશા કપ્તાન જેમ્સને કંઈ કહેવા માગતો હોય તેમ તેના હાવભાવ પરથી લાગ્યા કરતું. કપ્તાન જેમ્સના ધ્યાનમાં પણ એ આવ્યું હતું, પરંતુ તેમણે ક્રોકસ્ટોનને તે અંગે કંઈ પણ પૂછ્યું નહી.

આખરે તક મળતા ક્રોકસ્ટોને કપ્તાન જેમ્સ સાથે વાત કરવાની હિંમત કરી. તે બોલ્યો,

"મારે તમને એક વાત કરવી છે."

"તો કહી દે, શું કહેવું છે તારે ?"

"કંઈ ખાસ વાત નથી. મારે તમને માત્ર એટલું જ કહેવું હતું કે તમે ખૂબ જ ભલા અને જિંદાદિલ માણસ છો."

"ક્રોકસ્ટોન મારે તારાં વખાણની જરૂર નથી. "

"હું તમારાં વખાણ નથી કરતો. હું માત્ર રાહ જોઉં છું કે તમે અંતિમ લક્ષ્ય ક્યારે પૂર્ણ કરશો ? મને તેની ખૂબ આતુરતા છે." આવા શબ્દો સાથે જ ક્રોકસ્ટોન મુખ્ય મુદ્દા પર આવ્યો.

"કયું અંતિમ કાર્ય મારે કરવાનું છે ?"

"તમે મને અને જેનીને આ સ્ટીમરમાં જગ્યા આપી ત્યાર બાદ સત્ય ખબર પડ્યા પછી પણ મને માફી આપી છોડી મૂક્યો. તમે તમારી કૅબિન પણ જેનીને આપી દીધી અને હવે તમે અમને ચાર્લસ્ટન પણ લઈ જઈ રહ્યા છો. આટલું બધું અજાણી વ્યક્તિઓ માટે કોણ કરે ?! તમારા જેવો દયાળુ, ઉદારદિલ માણસ જ અજાણ્યાઓ માટે આટલું કરી શકે, પરંતુ આટલું શું પૂરતું છે ?"

"પૂરતું છે ?! એટલે તું કહેવા શું માગે છે ? હજુ તમને બીજી કેટલી આશાઓ છે ?" કપ્તાન જેમ્સે ક્રોકસ્ટોનને આશ્ચર્ય સાથે પૂછ્યું.

"જેનીના પિતા ચાર્લસ્ટનમાં હજુ કેદી તરીકે કેદ છે." થોડી વાર વિચાર્યા પછી શબ્દો ગોઠવતા ક્રોકસ્ટોન બોલ્યો.

"હા, તો તેનું શું છે ? હું તેના માટે શું કરી શકું ?!"

"તમારે તેના પિતાને છોડાવવા પડશે !"

"મારે જેનીના પિતાને છોડાવવા પડશે ?! આ શું બકવાસ કરે છે ?"

"મિસ્ટર હેલીબર્ટ એક હિંમતવાન, સત્યનિષ્ઠ અને ઉમદા વ્યક્તિ છે અને આવી વ્યક્તિને છોડાવવા તમારે આટલું જોખમ તો ખેડવું જ પડશે."

કપ્તાન જેમ્સે કડકાઈથી કહ્યું, "ક્રોકસ્ટોન, હું અત્યારે કોઈ મજાકના મિજાજમાં નથી. મારે તારો આવો બકવાસ નથી સાંભળવો. તું શું બોલી રહ્યો છે તેનું બીજી વખત ભાન રાખજે. કદાચ હવે તને માફીનો બીજો મોકો ન પણ મળે."

“કપ્તાન, તમે મને ખોટો સમજી રહ્યા છો. હું આ વાત મજાકમાં નથી કહેતો. હું મારી આ વાત માટે એકદમ ગંભીર છું અને હું ઇચ્છું છું કે તમે પણ એને ગંભીરતાથી લેશો.”

“એટલે મારે મિસ્ટર હેલીબર્ટને છોડાવવાના છે, એવું તું કહે છે ?”

“હા, અને આ કામ તમારે માટે બહુ અઘરું પણ નથી. તમે હેલીબર્ટની આઝાદી માટે સીધેસીધું જનરલ બ્યોરગાર્ડને પણ કહી શકો છો. મને ખાતરી છે કે એ તમારી વાત ટાળી નહીં શકે.” ક્રોકસ્ટોને કહ્યું.

“અને જો એ મારી આ માગણીને ઠુકરાવી દે તો ?”

“જો એવું બનશે તો પછી આપણે થોડાં કડક પગલાં લેવાં પડશે. આપણે હેલીબર્ટને તેમની કેદમાંથી ભગાડીને મુક્ત કરાવશું.”

ક્રોકસ્ટોનની આવી બિનજવાબદાર વાતો સાંભળી પોતાના ગુસ્સાને કાબૂમાં રાખવાનું કપ્તાન માટે મુશ્કેલ હતું. તે બોલ્યા,

“અમેરિકી નૌકાદળે કરેલી નાકાબંધીને તોડીને મારે ચાર્લસ્ટનના બારામાં પ્રવેશ કરવાનો છે. વળતા ત્યાંથી બહાર આવતાં તેમના જ ગોળાઓ અને હુમલા સામે પોતાનો બચાવ કરવાનો છે. આવી સ્થિતિમાં હું દક્ષિણનાં રાજ્યો સાથે દુશ્મની વહોરવા નથી ઇચ્છતો અને એ પણ એવી વ્યક્તિ માટે કે જેના પ્રત્યે મને નફરત છે. આવી વ્યક્તિઓ કલમમાંથી નીકળતી પોતાની શાહી વડે સમગ્ર દેશમાં લોહીની નદીઓ વહાવવા ઇચ્છતી હોય છે. કલમમાંથી વહેતી શાહી અને લોકોનાં લોહીમાં તેમને કોઈ ફેર નથી લાગતો.”

“આમ પણ આપણે અમેરિકી નૌકાદળના તોપગોળાઓનો સામનો કરવાનો જ છે તો પછી થોડા ગોળાઓ ઓછા કે વધતા તેનાથી શું ફેર પડી જવાનો છે...!”

ક્રોકસ્ટોન રમૂજથી બોલ્યો, “ક્રોકસ્ટોન, તું શું બોલે છે તેનું તને ભાન છે ? મેં તને અગાઉ પણ ચેતવ્યો છે. હવે પછી તેં મારી જોડે આ બાબત અંગે વાત કરી છે તો આ જહાજના ભંડકિયામાં મોકલી દઈશ, નમ્રતા અને રીતભાત શીખવા માટે !”

સખત રીતે ધમકાવ્યા પછી કપ્તાન જેમ્સે ક્રોકસ્ટોનને ત્યાંથી જતા રહેવા કહ્યું.

ક્રોકસ્ટોન કપ્તાન જેમ્સને મનાવવામાં નિષ્ફળ ગયો હતો, પરંતુ તે હજુ હિંમત હાર્યો ન હતો. તે મનોમન બબડી રહ્યો હતો, “એક વાર આ વાત હવે બહાર નીકળી જ છે તો તેનું કંઈક પરિણામ તો આવશે જ. હેલીબર્ટને તમારે ગમે તે ભોગે પણ છોડાવવા જ પડશે.”

કરોકસ્ટોન સાથેની વાતચીત દરમિયાન યુવાકપ્તાન જેમ્સે જ્યારે એમ જણાવ્યું કે, ‘‘ગુલામીપ્રથા નાબૂદીના હિમાયતીઓને હું ધિક્કારું છું’’ ત્યારે સ્પષ્ટ રીતે લાગતું હતું કે ઉત્તરનાં ફેડરલ રાજ્યોનો એ કારણે જ વિરોધ કરતા હતા. ઉત્તરનાં રાજ્યોની સમગ્ર પ્રજા માનવીય કારણે ગુલામી નાબૂદીની તરફેણ કરતી હતી. પ્રમુખ લિંકનની એ સંબંધી જાહેરાત તો, દૃઢ થયેલી એ વિચારસરણીની □□પચારિકતા માત્ર હતી. જનમાનસમાં તો એ વિચાર ઘણા સમયથી ઊંડા ઊતરેલા હતા, પરંતુ કપ્તાન જેમ્સ એ સ્થિતિ ખુલ્લી રીતે સ્વીકારવા તૈયાર નહોતા.

તત્કાલીન અમેરિકાનાં ૩૬ રાજ્યો પૈકીનાં દક્ષિણનાં માત્ર ૮ રાજ્યોએ જ ગુલામી નાબૂદી સામે વિરોધનો વાવટો ફરકાવ્યો હતો. બધાં રાજ્યોએ જ્યારે સ્વૈચ્છિક રીતે અમેરિકી સંઘરાજ્ય એટલે કે ફેડરેશનની રચના કરી હતી ત્યારે આ એક મુદ્દા ઉપર એમાં ભંગાણ પાડવાની ઉત્તરની જીદ એને ગળે ઊતરતી ન હતી. જોકે એ રાજકીય પ્રશ્ન હતો અને તેમાં ઊંડા ઊતરવાની એને ઇચ્છા પણ ન હતી. સાચા અંગ્રેજ તરીકે અમેરિકી સંઘરાજ્યના કુટુંબનું એ ગૌરવ અનુભવતા હતા. એમાંથી આ વિવાદને કારણે દક્ષિણે અલગ થવું પડે, તેવું કરવાનો દોષ એ ઉત્તરને આપતા હતા અને એ કારણે ઉત્તરનાં રાજ્યો એને પસંદ ન હતાં.

ડોલ્ફિન જહાજના વેપારી કપ્તાન જેમ્સ પ્લેફેરનો રાજકીય બાબત અંગેનો એ અંગત અભિપ્રાય હતો, પરંતુ આ યુવાન વેપારીના અણગમાનું મુખ્ય કારણ એની કંપનીનું વેપારીહિત હતું. અમેરિકીઓ વચ્ચેના આ ગૃહયુદ્ધની સીધી વિપરીત અસર એના ધંધા ઉપર થતી હતી. ગૃહયુદ્ધ માટે ઉત્તરનાં રાજ્યોને એ દોષિત માનતા હતા. તેના ઉત્તરનાં રાજ્યો માટેના ભારોભાર રોષનું કારણ રાજકીય નહીં, પરંતુ આર્થિક હતું.

વાસ્તવિક સ્થિતિ એવી હોય ત્યારે ગુલામી નાબૂદીના એક પ્રખર હિમાયતી એવા પત્રકાર, મિસ્ટર હેલીબર્ટને દક્ષિણ રાજ્યો પાસેથી મુક્ત કરાવવા માટે પોતાનું સર્વસ્વ દાવ ઉપર લગાવે તેવી કલ્પના પણ કેવી રીતે કરી શકાય ? અને તે પણ એવા સમયે જ્યારે એ જ દક્ષિણનાં રાજ્યો સાથે તાકીદનો વેપાર કરી લેવાના એકમાત્ર ઉદ્દેશથી ઉત્તરનાં રાજ્યોની નાકાબંધીને તોડવાનું એ જોખમ લઈ રહ્યા હોય.

કરોકસ્ટોને કરેલો આડકતરો ઇશારો કપ્તાન જેમ્સના મગજ પર અસર છોડી જ ગયો હતો. વારંવાર આ વાત મગજમાંથી કાઢી નાખવા છતાં એમના મગજમાં આ જ બાબત વારંવાર ઘુમરાવા લાગી. મિસ્ટર હેલીબર્ટમાં એને કોઈ જ રસ ન હતો. એના જેવા માણસો માટે જેમ્સને નફરત હોવા છતાં એમની દીકરી જેની, કપ્તાનના વિચારોના કેન્દ્રમાં હતી. બીજા દિવસે થોડા સમય માટે જેની તૂતક પર આવી. કપ્તાને એને જોઈ પણ ખરી, પરંતુ તેઓ તેની સાથે પોતાની નજર મેળવી શક્યા નહીં.

કપ્તાન મનોમન જેનીનું દુ:ખ જોઈ દુ:ખી થઈ રહ્યા હતા. આટલી યુવાનવયે આ સુંદર યુવતી કેટલી માનસિક યાતના ભોગવી રહી હતી ! તેના એકમાત્ર હયાત સ્વજન એવા પિતાને પણ તે મળી શકતી ન હતી. તેના પિતાની બાબતમાં પોતે કોઈ પણ પ્રકારનું જોખમ ઉઠાવી શકશે નહીં એવી જે વાત તેમણે ક્રોકસ્ટોનને કરી હતી તે બાબત જેનીને ખબર હશે એવી એની માન્યતા બંધાઈ હતી. પોતાના તરફની આવી અવજ્ઞા માટે જેની શું વિચારતી હશે ? તે પણ એમને માટે ચિંતાની બાબત હતી. જેનીનું મૌન કપ્તાન માટે અકળાવનારું હતું. તે દિવસની ઘટના પછી જેનીએ તેમની સાથે વાત પણ કરી ન હતી. એ સાથે જેનીએ કપ્તાનની અવગણના પણ કરી ન હતી. તે જરૂરિયાત પૂરતાં એકાદ-બે વાક્યોથી જ વાત પૂરી કરી પોતાની કૅબિનમાં ચાલી જતી હતી. જેનીનાં મગજમાં હંમેશા તેના પિતા અંગેના વિચારો જ ચાલતા, પરંતુ તેણે તે બાબતમાં ક્યારેય કપ્તાન સાથે વાત કરી ન હતી.

બીજી બાજુ ક્રોકસ્ટોન પણ દ્વિધામાં હતો. તેના મગજમાં પણ આખો દિવસ જેનીના પિતા હેલીબર્ટને છોડાવવાના જ વિચારો ચાલ્યા કરતા. તે હેલીબર્ટના ઘરમાં જ બાળપણથી મોટો થયો હતો. એમનો એ વફાદાર સેવક હતો. તે પોતાના માલિકની મુક્તિ માટે કંઈ પણ કરવા તૈયાર હતો અને આવા હેતુ માટે જ તે સ્કોટલેન્ડથી આ સ્ટીમર પર ચઢ્યો હતો. ગમે તેવી કપરી પરિસ્થિતિમાં પણ પોતાની હોશિયારી અને આગવી સૂઝબૂઝને કારણે તેમાંથી માર્ગ કાઢવાની તેનામાં શક્તિ હતી, પરંતુ અહીં મુશ્કેલીઓ પાર પાડી હેલીબર્ટને છોડાવવાનો એને રસ્તો દેખાતો ન હતો. કારણ સ્પષ્ટ હતું. કપ્તાન જેમ્સે તેને એ બાબતમાં ફરીથી વાત કરવાની જ મનાઈ ફરમાવી હતી. આથી એ હવે આગળ કંઈ પણ કહી શકે એમ ન હતો.

જેની અને કપ્તાન જેમ્સ પણ ભાગ્યે જ વાત કરતા. ક્રોકસ્ટોન તો ઇચ્છતો હતો કે બંને વાતો કરે. તેમાં આ મુદ્દો પણ ચર્ચાય અને બંને વચ્ચે એ બાબતમાં સામસામી દલીલો થાય. ભલે એ વાત બંને વચ્ચે ઝઘડા સુધી પહોંચે. કોઈ પણ રીતે આ વાત બંને વચ્ચે ચર્ચામાં આવે તે જરૂરી હતું. તેને વિશ્વાસ હતો કે કપ્તાન જેમ્સે ભલે હેલીબર્ટને છોડાવવાની બાબતમાં તેને સ્પષ્ટપણે ધુત્કારી કાઢ્યો હોય, પરંતુ જેની દ્વારા થયેલી રજૂઆતને તે નજરઅંદાજ કરી શકશે નહીં. બંનેનાં એકબીજાં પ્રત્યેના આવા અકડું વર્તનથી ક્રોકસ્ટોન સખત અકળાઈ રહ્યો હતો. છેવટે એણે એક દાવ રમવાનું વિચારી લીધું.

સફરના ચોથા દિવસે સવારે તે જેનીની કૅબિનમાં ગયો. ખૂબ જ ઉલ્લાસી સ્વરે જેનીને કહેવા લાગ્યો,

‘‘જેની, ખૂબ સારા સમાચાર છે. આપણા કપ્તાન જેમ્સ દુનિયાનો સૌથી સારો અને ઉદાર દિલ માણસ છે. આપણે એમનું ઋણ કેવી રીતે ચૂકવીશું... તું આ સમાચાર

સાંભળીને વિશ્વાસ પણ નહી કરી શકે ?''

''શું વાત છે ? તું બહુ જ ખુશ જણાય છે. એવા તો શું સમાચાર છે ?'' આતુરતાથી જેનીએ પૂછ્યું.

કપ્તાન જેમ્સે આજે કહ્યું કે, ''ચાર્લસ્ટનમાંથી જેનીના પિતાને કૉનફેડરેટ્સની કેદમાંથી છોડાવીશું અને વળતા પ્રવાસમાં સ્કોટલેન્ડ પાછા લઈ જઈશું. તે માટે થોડું જોખમ ઉઠાવવું પડશે, પરંતુ આ કાર્ય જરૂરથી પાર પાડીશું જ.''

પોતાના પિતાને તે મળી પણ શકશે કે નહી તેની પણ તેને પૂરી ખાતરી ન હતી ત્યાં કેદમાંથી છોડાવવાની આવી વાત સાંભળી જેની ખુશીથી ઝૂમી ઊઠી. ક્રોકસ્ટોનની વાત ઉપર તેને વિશ્વાસ આવતો નહોતો. તેણે ફરીથી ક્રોકસ્ટોનને પૂછ્યું,

''તું સાચું કહે છે ? મને હજુ વિશ્વાસ આવતો નથી. શું હું સપનું તો નથી જોતીને ?''

''ના... જેની ના, આજે જ એમણે મને કહ્યું હતું. પહેલા તો મને પણ આ વાત પર વિશ્વાસ આવતો નહોતો, પણ આ એક હકીકત છે. અંગ્રેજોનું તો કહેવું પડે. તેઓ સંપૂર્ણ રીતે સારા હોય છે અથવા એટલા જ ખરાબ.''

''મેં ક્યારેય વિચાર્યું ન હતું કે કપ્તાન જેમ્સ અમેરિકામાં પોતાની જિંદગી, પોતાના ખલાસીઓ અને જહાજને આપણા માટે જોખમમાં મૂકશે.'' જેનીએ ઉત્સાહથી જવાબ આપ્યો.

''જેની, એ જ આ કપ્તાન જેમ્સની મહાનતા છે. અજાણી વ્યક્તિઓ માટે કોણ આટલું કરી શકે ? મને લાગે છે કે તારે એનો ઋણ સ્વીકાર કરી હૃદયથી આભાર માનવો જોઈએ.''

''અરે ! કેવળ આભારની વાત કરે છે તું ? એ માટે તો આજીવન મૈત્રીસંબંધ બાંધી શકાય. કોઈ પણ સ્વાર્થ વિના એવું ભારે જોખમ આવો નિ:સ્વાર્થી મિત્ર જ લઈ શકે.'' ઉત્સાહિત બનીને જેનીએ જવાબ આપ્યો.

એ સાથે જ જેની ઝડપથી બહાર નીકળી, કપ્તાનને મળવા તૂતક તરફ દોડી. એ જોઈ ક્રોકસ્ટોન મનોમન બોલી રહ્યો, ''પાસો સીધો પડયો લાગે છે.''

જેનીની આંખો કપ્તાનને જ શોધતી હતી. કપ્તાન જેમ્સ અત્યારે પોતાના રોજિંદાક્રમ મુજબ તૂતક પર જ આંટા મારતા હતા. કપ્તાન જેમ્સ પણ તેને આવી રીતે આવતી જોઈ આશ્ચર્યમાં પડી ગયા. જેનીની આંખોમાં આંસુ હતાં. ઝડપથી દોડીને આવવાને કારણે અને ઉત્સાહમાં તેના મોંઢામાંથી શબ્દો પણ નીકળતા ન હતા. તેણે કપ્તાન જેમ્સનો હાથ પકડી લીધો અને હર્ષનાં આંસુ સાથે બોલી,

‘‘હું જીવનભર તમારી ઋણી રહીશ, હું વિચારી નથી શકતી કે તમારા આ ઉપકારોનો બદલો કેવી રીતે ચૂકવીશ. હું તમારો ખરા દિલથી આભાર માનું છું.’’ તેની આંખોમાંથી આંસુ અટકતાં ન હતાં.

કપ્તાન જેમ્સ જેનીની અચાનક આવી વર્તણૂકથી સમજી ન શક્યા કે જેની શું કહેવા માગે છે ? તેમણે આશ્ચર્યભાવ સાથે જેનીને પૂછ્યું, ‘‘તું શું કહેવા માગે છે મને કંઈ ખ્યાલ નથી આવતો ?’’

‘‘તમે અમારા માટે શું નથી કર્યું ? પહેલાં અમને જહાજમાં આશરો આપ્યો. તમે મને તમારી કૅબિન પણ રહેવા આપી દીધી અને હવે આ સમાચારે તો મને વિશ્વાસ જ નથી આવતો કે કોઈ વ્યકિત અજાણ્યા માણસ માટે પણ આટલું કરી શકે !!’’

‘‘મેં શું કર્યું ? હા, જહાજ પર આવવાવાળી અને કૅબિનવાળી વાત હું સમજી શકું છું, પરતું તું હમણાં શું કહી રહી છે તે અંગે મને કંઈ ખ્યાલ આવતો નથી. જેના માટે તું તારી કૅબિનમાંથી આટલી આનંદીત થઈને મારો આભાર વ્યક્ત કરવા આવી છે. તું એક સ્ત્રી છે અને સ્ત્રી દાક્ષિણ્ય બતાવવું એ એક અંગ્રેજ તરીકે મારા સંસ્કારમાં જ છે. મેં એથી વિશેષ કંઈ જ કર્યું નથી કે જે માટે તારે મારો આભાર માનવાનો હોય.’’

‘‘કપ્તાન, મારાથી હવે કંઈ જ છૂપું નથી. ક્રોકસ્ટોને મને બધી જ વાત કરી દીધી છે.’’

‘‘ક્રોકસ્ટોને ?!’’

‘‘હા, કપ્તાન.’’

ક્રોકસ્ટોન અંગેની વાત સાંભળતાં જ કપ્તાનને આશ્ચર્ય થયું. એમણે તો માન્યું હતું કે જેનીના પિતાને માટે પોતે ક્રોકસ્ટોનને જે જવાબ આપ્યો હતો તે જેનીને ખબર પડશે તો તે દુ:ખી થઈ જશે, પરંતુ તેમને સમજાતું ન હતું કે જેની તો તેનાથી સાવ વિપરીત વર્તન કરી રહી હતી. તે હજુ કંઈ વધુ વિચારે કે જેનીને કંઈ કહે તે પહેલા જ જેની બોલી ઊઠી,

‘‘હું જ્યારે ડોલ્ફિન પર આવી ત્યારે મને વિશ્વાસ ન હતો કે હું ચાર્લસ્ટન જઈ મારા પિતાને મળી શકીશ. મેં સપનેય નહોતું વિચાર્યું કે કોનફેડરેટ્સની કેદમાંથી હું મારા પિતાને છોડાવી શકીશ અને તેમને સ્કોટલેન્ડ પરત લઈ જઈ શકીશ, પરંતુ એ કાર્યમાં તમે મદદરૂપ થવાનું જણાવ્યું છે તે જાણીને મને વિશ્વાસ નથી આવતો. હું આજે ખૂબ ખુશ છું. તમે બહાદુર છો. મને વિશ્વાસ છે કે તમે મારા પિતાને છોડાવશો અને સલામતીપૂર્વક સ્કોટલેન્ડ લઈ જશો. અમે જીવનભર તમારા કૃતજ્ઞ રહીશું.’’ આટલું બોલી જેનીએ મિત્રતા માટે પોતાનો હાથ લંબાવ્યો.

જેનીની આ વાત તથા વર્તનથી કપ્તાન આશ્ચર્યમાં મૂકાઈ ગયા હતા. ક્રોકસ્ટોને તેમને એવી પરિસ્થિતિમાં મૂકી દીધા હતા કે શું કરવું, તે નક્કી કરવું મુશ્કેલ હતું. સ્કોટલેન્ડથી એટલે દૂર ચાર્લસ્ટનમાં પ્રવેશવા માટે એમ પણ તેમણે અમેરિકી નૌકાદળની નાકાબંધી તોડવી પડે તેમ હતી. મિસ્ટર હેલીબર્ટને છોડાવવા માટે વધારામાં દક્ષિણનાં રાજ્યો સાથે ખટરાગ ઊભો કરી જોખમ ખેડવું પડે તેમ હતું. જે એ કરી શકે તેમ નહોતા. તેમાં તેમનો પોતાનો જીવ, પોતાના ખલાસીઓ તથા પોતાની આ ડોલ્ફિન સ્ટીમર સૌને માટે જોખમી દાવ ખેલવો પડે એમ હતો. ચાર્લસ્ટનના બારામાં અંદર જઈને ઉત્તરી અને દક્ષિણી અમેરિકી બંને જૂથો સાથે દુશ્મનાવટ કરવી એ સિંહની ગુફામાં જઈ સિંહને છંછેડવા બરાબર હતું, પરંતુ ઘણા દિવસો પછી જેનીના મુખ પર આવેલા આનંદને જોઈને જેનીને નાખુશ કરવાનું પણ મુશ્કેલ હતું. હવે આ સ્થિતિમાં જેનીને ના પાડવાનું પરિણામ સ્પષ્ટ હતું. માનસિક રીતે જેની તૂટી જશે. તેઓ જેનીએ મૂકેલા મિત્રતાના પ્રસ્તાવને પણ કેવી રીતે ઠુકરાવે તે વિચારી રહ્યા હતા. જેનીનાં ખુશીનાં આંસુઓને દુ:ખનાં દરિયામાં ફેરવી નાખવાની હિંમત તેમનામાં ન હતી.

છેવટે કપ્તાને હાથ મિલાવી કહ્યું,

‘‘જેની, હું તારા પિતાને છોડાવવા શક્ય તેટલા બધા જ પ્રયત્ન કરીશ.’’

એટલું બોલીને મૈત્રી માટે લંબાયેલા જેનીના બંને હાથ પોતાના હાથમાં લીધા. હળવેથી તેને દબાવ્યા. એમાં એમણે જેનીના હૃદયના ધબકારા અનુભવ્યા. એમનું પોતાનું હૃદય પણ પીગળતું હોય તેમ લાગ્યું. બે હૃદયોનું એ મિલન હતું. ઘણું બોલવાની ઇચ્છા છતાં કપ્તાનના મોંમાંથી માંડ માંડ થોડા શબ્દો જ નીકળ્યા.

‘‘જેની... જેની, તારે માટે હું...’’

જેની અને કપ્તાનની વાતો છુપાઈને જોતો ક્રોકસ્ટોન પોતાનો દાવ સફળ થયેલો જોઈને મનોમન પોતાને શાબાશી આપતો હતો.

આ પ્રકારની અસમંજસ સ્થિતિમાંથી કેવી રીતે બહાર આવવું તેની કપ્તાનને મૂંઝવણ થતી હતી, પરંતુ એમના સદ્ભાગ્યે જહાજના આગલા કૂવાસ્તંભની ઊંચી બેઠક ઉપરથી ખલાસીએ બૂમ પાડી, ‘‘એ હૉય...! પવનની દિશામાંથી કાંઈક આવે છે.’’

એ અવાજ સાંભળીને જેનીના કોમળ મૃદુ હાથ છોડીને કપ્તાને ઝડપથી એ દિશામાં ચાલવા માંડ્યું.

❐

# ઈરોકવોઇસનો હુમલો

## ૫

ડોલ્ફિન અત્યારે આટલાંટિકમાં ૩૨° ૫૧' ઉત્તર અક્ષાંશવૃત્ત અને ૫૭° ૪૩' પશ્ચિમ રેખાંશવૃત્ત પર હતી. સ્કોટલેન્ડથી નીકળ્યા બાદ અત્યાર સુધીની સફર દરમિયાન સદ્નસીબે ડોલ્ફિનને એક પણ જહાજ દેખાયું ન હતું. આટલાંટિકમાં શિયાળાને કારણે ડોલ્ફિનને બીજી પણ એક વાતે શાંતિ હતી. ઉનાળા દરમિયાન તાપમાનનો પારો ઊંચે જતા ઉત્તર ધ્રુવ પ્રદેશનો બરફ પીગળતા ઉત્તરથી દક્ષિણ તરફ વહેતાં પ્રવાહમાં આટલાંટિક મહાસાગરમાં અનેક વિશાળકાય હિમશીલાઓ તણાઈ આવતી હતી. ૧/૮ ભાગ જેટલી માંડ બહાર દેખાતી અને ૭/૮ જેટલી પાણીમાં ડૂબેલી રહેતી આ હિમશિલાઓ આ વિસ્તારમાં સફર ખેડતાં જહાજો માટે સૌથી મોટું જોખમ હતું. દર વર્ષે કેટલાંય જહાજો આવી હિમશિલાઓ સાથે અથડાઈને સમુદ્રના તળિયે પહોંચી જતાં હતાં, પરંતુ હમણાં કારમો શિયાળો હોવાને કારણે ડોલ્ફિનને આવી હિમટેકરીઓનો ભય ન હતો. ઉપરાંત છેલ્લે બે દિવસથી છવાયેલા ધુમ્મસને કારણે પણ ડોલ્ફિન અન્ય જહાજોથી પોતાનું સ્થાન છુપાવી શકતી હતી. જોકે એને લીધે સામેનું જહાજ સાવ નજીક આવી જાય ત્યાં સુધી એને ઓળખવાનું પણ મુશ્કેલ બને તેમ હતું. દુશ્મન દેશનું એવું જહાજ સાવ નજીક આવી ગયા બાદ તેનાથી ભાગી છૂટવાનું મુશ્કેલ બને તેમ હતું. છેલ્લા બે દિવસથી છવાયેલાં ધુમ્મસનું આવરણ આજે પણ વધુ ઘટ્ટ બન્યું હતું. એને કારણે ચોમેરના જળવિસ્તાર ઉપર નજર રાખવાનું મુશ્કેલ હતું.

મુખ્ય કૂવાસ્તંભ ઉપરના નિરીક્ષકનો પોકાર સાંભળી જેનીનો હાથ છોડીને કપ્તાન તૂતક પર કૂવાસ્તંભ પાસે આવી ગયા. નિરીક્ષકે ચીંધેલી પવનની દિશામાં ધ્યાનથી જોતા સમુદ્રમાં જહાજ જેવું દેખાયું. જહાજ માત્ર ત્રણ માઈલ જેટલા અંતરે જ હતું અને પૂરી ઝડપે ડોલ્ફિનનો પીછો કરી રહ્યું હોય તેમ જણાયું. કપ્તાને ત્યાં હાજર મેથ્યુને પૂછ્યું,

''તમને આ જહાજ વિશે શું લાગે છે ?''

''કપ્તાન, મારા મતે આ અમેરિકી નૌકાદળનું કોઈ યુદ્ધ જહાજ લાગે છે. જેને આપણી સફરના હેતુ બાબતે શંકા ગઈ લાગે છે.''

''એમાં તો કોઈ શંકા જ નથી કે આપણો પીછો કરી રહેલું જહાજ અમેરિકી નૌકાદળનું જ છે.''

દરમિયાન એ જહાજના ઉપરના ભાગે તારાંકિત અમેરિકી ધ્વજ ચઢાવવામાં આવ્યો અને એની ઓળખ સ્પષ્ટ કરતું હોય તેમ તોપનો ધડાકો પણ સંભળાયો.

"હા, તારાંકિત ધ્વજ એની સાબિતી આપે છે કે આ જહાજ અમેરિકી છે અને તોપનો ધડાકો આપણને સંકેત આપે છે કે આપણે પણ આપણા દેશનો ધ્વજ ચઢાવીને આપણી ઓળખ સ્પષ્ટ કરવી."

"આપણે બ્રિટિશ ધ્વજ ફરકાવવો છે ?" મેથ્યુએ પૂછ્યું,

"મને નથી લાગતું કે બ્રિટિશ ધ્વજ ફરકાવવા છતાં આપણે સલામત રહી શકીશું. મારા ખ્યાલથી એક જ રસ્તો છે. ઝડપથી આગળ વધવાનો." કપ્તાને ઝડપથી નિર્ણય લીધો.

યુદ્ધજહાજનું ધ્યાનથી અવલોકન કરી રહેલા મેથ્યુ અચાનક બોલ્યા, "હવે હું ખાતરીપૂર્વક કહી શકું કે આ અમેરિકી નૌકાદળની મારકણી મનવાર ઈરોક્વૉઈસ જ છે. આ મનવારને મેં લીવર પુલના બારા પાસે જોઈ હતી. આ મનવાર આપણે ત્યાં ખાસ તપાસ કરવા આવી હતી કે અહીં કેવાં પ્રકારનાં જહાજો બંધાઈ રહ્યા છે. અમેરિકી નૌકાદળને શંકા હતી કે દક્ષિણી અમેરિકી રાજ્યો પોતાનાં યુદ્ધજહાજોનું બાંધકામ બ્રિટનની ગોદીમાં કરી રહ્યાં છે અને શક્ય છે કે તેણે જાસૂસો મારફતે આપણા પ્રવાસની પણ બાતમી મેળવી હોય."

"તેની ઝડપ કેવી છે ?" કપ્તાને પૂછ્યું.

"ઈરોક્વોઈસ અમેરિકી નૌકાદળની સૌથી ઝડપી મનવાર છે." ઉપકપ્તાને જવાબ આપ્યો.

"અને તેનાં શસ્ત્રો અને તેની પ્રહારક્ષમતા વિશે તમને કંઈ ખ્યાલ છે, શ્રીમાન મેથ્યુ ?"

"મનવારમાં કુલ આઠ તોપ છે."

આ સાંભળતા જ કપ્તાન જેમ્સ થોડા ચિંતિત બની ગયા.

મેથ્યુ વધુ માહિતી આપતા બોલ્યા, "બે નાની રાયફલ તોપો છે. તૂતકની નીચેની ગૅલેરીમાં ૬૦ રતલ[(VII)] ગોળા ફેંકતી એક તોપ અને બાકીની તૂતક પર આગળ અને પાછળ ૧૦૦ રતલના ગોળા ફેંકતી તોપો."

"એના ગોળા ત્રણ માઈલ સુધી જઈ શકે તેવા છે ?"

"એનાથી પણ વધુ, અત્યારે આપણે તેની પ્રહારમર્યાદાની અંદર છીએ." મેથ્યુએ જવાબ આપ્યો.

ડોલ્ફિન પાસે તેનો સામનો કરવા માટે જૂની ઢબની માત્ર બે સ્વિવેલ તોપો હતી. જેના ગોળા પણ ખૂબ દૂર સુધી પહોંચતા ન હતા. આવી તોપોથી ઈરોક્વોઈસ સામે લડવું

કે તેને પડકારવી એ સામે ચાલીને સાક્ષાત મોતને આમંત્રણ આપવા જેવું હતું.

કપ્તાન જેમ્સ બોલ્યા, ''આપણી પાસે માત્ર એક જ રસ્તો છે. શક્ય તેટલી ઝડપથી ઈરોક્વોઈસની તોપોની પ્રહારમર્યાદા ઓળંગી જવાનો.'' તેમણે મેથ્યુને ડોલ્ફિનની ઝડપ વધારવા સૂચના આપી.

મેથ્યુએ બૉઈલર ઈજનેરોને ભઠ્ઠીમાં વધુ કોલસા નાખી ડોલ્ફિનને મહત્તમ ઝડપ પર પહોંચાડવાની સૂચના આપી.

ત્યાં ઈરોક્વોઈસના તૂતક પરથી ફરી સંકેતાત્મક ધડાકો થયો જેનો અર્થ ડોલ્ફિનને પોતાની ઓળખ આપવા ફરીથી તાકીદ થઈ, પરંતુ જેમ્સ પ્લેફેરે એવા ધડાકાઓની અવગણના કરી. ડોલ્ફિનને ઝડપથી આગળ વધારવા જણાવ્યું અને ઈરોક્વોઈસને વળતો જવાબ આપવાની પણ દરકાર ન કરી.

''આજે ઈરોક્વોઈસને પોતાની તોપોની ચકાસણીનો સારો મોકો છે...! પરંતુ હું પણ જોઉં છું કે ડોલ્ફિન સામે તે પોતાની સર્વોપરિતા કેવી રીતે સાબિત કરે છે.'' કપ્તાન વિશ્વાસપૂર્વક બોલ્યા.

''મને લાગે છે હવે તે ચેતવણી નહીં જ આપે. આપણને અટકાવવા હવે તો તે તોપગોળો જ ફેંકશે.''

ત્યાં જ કપ્તાન જેમ્સની નજર જેની પર પડી. જેની તૂતક પર જ ઊભી હતી. કપ્તાન જેમ્સ ઝડપથી જેની પાસે જઈ બોલ્યા, ''મને લાગે છે કે સામે દેખાતી પેલી અમેરિકી નૌકાદળની મનવાર આપણો પીછો કરી રહી છે અને શક્ય છે કે તેની તોપો વડે આપણા પર હુમલો પણ કરે. આવી સ્થિતિમાં તૂતક પર રહેવામાં જોખમ છે. મારી સલાહ છે કે તારે માટે કૅબિનમાં રહેવું વધુ સલામતીભર્યું છે.''

''કપ્તાન, તમારો આભાર. મને ખુશી છે કે તમને મારી સલામતીનો આટલો ખ્યાલ છે, પરંતુ મને આવા તોપમારાનો કોઈ ભય નથી.''

''પરંતુ આવી સ્થિતિમાં તૂતક પર રહેવું ખૂબ જ ભયજનક છે.'' કપ્તાને ચેતવણી આપતા કહ્યું.

''તમારી વાત સાચી છે, પરંતુ મારામાં અમેરિકી લોહી છે અને આવી સ્થિતિમાં નહીં ગભરાવાની હિંમત અમારા લોહીમાં જ છે. આવા તોપગોળાઓ મારી હિંમત ઓછી નહીં કરી શકે.''

''જેની, તું ખરેખર બહાદુર છે.''

''તો પછી કપ્તાન, મને તૂતક પર રહેવા દો.''

“મેં એમ પણ તારી કોઈ પણ વાત ક્યાં ઠુકરાવી છે ?!” હજુ તો કપ્તાનના મોંઢામાંથી આ શબ્દો નીકળ્યા ત્યાં તો ‘ધડામ…’ના અવાજથી સમગ્ર વાતાવરણ ગાજી ઊઠ્યું.

ઈરોક્વોઈસે પોતાનો મિજાજ છતો કરી દીધો હતો. એના તૂતક પરની ૧૦૦ રતલના ગોળા ફેંકતી તોપ ગરજી ઊઠી હતી. તોપનો ગોળો ડોલ્ફિનથી માંડ ૨૦ ફેધમ[(VIII)] જેટલા અંતરે પડ્યો હતો.

ત્યાં તો બીજા બે ધડાકા થયા. હવે વારો હતો ઊપલા તૂતક પરની બીજી ૧૦૦ રતલની તોપનો અને તૂતક નીચેની બાલ્કનીમાં આવેલી ૬૦ રતલની તોપનો. બંનેએ પોતાના કાળમુખી ગોળા ઓકી દીધા. જેમાંનો ૬૦ રતલી ગોળો ડોલ્ફિનના પાછલા કૂવાસ્તંભને અડીને, ડોલ્ફિનને ઓળંગીને આગળ જઈ પાણીમાં પડ્યો. જ્યારે ૧૦૦ રતલી ગોળો લગભગ ૩૦ ફેધમ જેટલો છેટો પડયો હતો. થોડી પળો બાદ ઈરોક્વોઈસની તોપોએ બીજા બે ગોળા છોડ્યા. પાછલા તૂતક પર આવેલી તોપો ડોલ્ફિન સામે નિશાન તાકી શકે એમ ન હતી.

ઈરોક્વોઈસ દ્વારા છોડવામાં આવેલા પાંચ ગોળા પૈકીનો એક પણ ગોળો ડોલ્ફિનને વાગ્યો ન હતો. ડોલ્ફિનના પડખામાં, નિશાન પર વાગેલો ગોળો તેને સમુદ્રના તળિયે પહોંચાડવા સક્ષમ હતો. ડોલ્ફિનના પડખામાં વાપરવામાં આવેલું બખ્તર, યુદ્ધજહાજોની જેમ ખૂબ મજબૂત અને જાડું રાખી શકાય તેમ ન હતું. યુદ્ધક્ષેત્રમાં જવાના હેતુથી તે બાંધવામાં આવી હતી, પરંતુ તેના બાંધકામ વખતે તે મહત્તમ ઝડપ પ્રાપ્ત કરી શકે તેનું જ ખાસ ધ્યાન રખાયું હતું. તેના રક્ષણ માટે પડખાના બખ્તરની જાડાઈ વધુ રાખવામાં જહાજનું વજન વધે તેમ હતું અને આવું સ્થૂળકાય જહાજ મહત્તમ ઝડપ પ્રાપ્ત કરી શકે નહીં. ઉપરાંત ડોલ્ફિનને બીજો પણ ભય હતો. એના ભંડકિયામાં શસ્ત્રો તથા દારૂગોળાનો વિશાળ જથ્થો હતો જે તેમણે અમેરિકા લઈ જવાનો હતો. એક નાની ચિનગારી પણ એને અગનજ્વાળાઓમાં ફેરવવા સક્ષમ હતી.

ત્યાંથી થોડે દૂર ઊભેલા ક્રોકસ્ટોને રમૂજ કરી,

“આ તો આપણા મિત્રોએ આપણને ભેટ મોકલી છે.”

તોપના ગોળાઓની ભરમારથી બચવાનો ડોલ્ફિન પાસે એક જ ઉપાય હતો અને તે હતો તેની ઝડપ. અત્યારની સ્થિતિ કપ્તાન જેમ્સ માટે ચિંતાની બાબત હતી. એમણે ડોલ્ફિનને ઈરોક્વોઈસથી શક્ય તેટલી દૂર લઈ જવા આદેશ આપ્યો. એમની ચિંતાનો જવાબ આપતા હોય તેમ મેથ્યુએ જણાવ્યું,

‘‘અત્યારે ઈરોક્વોઈસની તોપો ખાલી છે. બધી તોપોમાં ફરીથી દારૂગોળો ભરીને તૈયાર કરવામાં થોડો વિલંબ થશે. તે પહેલા આપણે તેની પ્રહારમર્યાદાની બહાર નીકળી જઈશું. ડોલ્ફિનને ઝડપથી આગળ વધારો...’’

ઈજનેરો ડોલ્ફિનનાં બૉઈલરોમાં શક્ય તેટલી વધુ ઝડપે કોલસા પૂરવા નાવિકોને તાકીદ કરી રહ્યા હતા. ચીમનીઓમાંથી કાળો ધુમાડો વધતો ગયો તેમ ડોલ્ફિનની ઝડપ પણ વધી રહી હતી. ઝડપ માપવાનો કાંટો ૧૭ માઈલ પ્રતિકલાકની ઝડપ બતાવી રહ્યો હતો.

દસ મિનિટ જેટલા સમયમાં ઈરોક્વોઈસમાંથી તોપોના ધડાકા ફરી શરૂ થયા, પરંતુ ત્યારે તો ડોલ્ફિન ઈરોક્વોઈસથી ઘણી આગળ નીકળી ગઈ હતી.

ડોલ્ફિનના ઝડપ માપતા કાંટા તરફ જોઈ કપ્તાન જેમ્સ બોલ્યા, ‘‘ઈરોક્વોઈસના ગોળાઓનો આપણે આભાર માનવો જોઈએ...! કે જેથી ડોલ્ફિનની નિર્ધારિત ઝડપની કસોટી થઈ શકી. ડોલ્ફિન અને આપણે સુરક્ષિત છીએ. હવે આપણે કોલસાનો વધુ વ્યય કરવાની જરૂર નથી.’’

અને કપ્તાને ડોલ્ફિનની ઝડપ થોડી ઘટાડવા આદેશ આપ્યો.

‘‘કપ્તાન, તમારી ડોલ્ફિન ખરેખર અદ્‌ભુત છે.’’ હિંમતપૂર્વક સતત ત્યાં હાજર રહેલી જેની બોલી.

‘‘હા જેની, મારી ડોલ્ફિન દુનિયાની સૌથી ઝડપી સ્ટીમર છે. પ્રતિકલાક ૧૭ માઈલની ઝડપે તે દોડી રહી છે. સૂર્યાસ્ત પહેલા તો આપણે અમેરિકી નૌકાદળની ઈરોક્વોઈસની ક્ષિતિજની પેલે પાર હોઈશું.’’

ડોલ્ફિન આથમતાં સૂર્યની દિશામાં ઝડપથી આગળ વધી રહી હતી. આથમતા સૂર્યનાં ત્રાંસાં કિરણોથી આટલાંટિક મહાસાગરની સપાટી સુવર્ણમય બની હતી. કપ્તાન જેમ્સનું અનુમાન સંપૂર્ણ સાચું ઠર્યું હતું. સૂર્યાસ્ત પહેલા ઈરોક્વોઈસનું ટપકું ક્ષિતિજની પેલે પાર અદૃશ્ય થયું. ડોલ્ફિન અંગે કપ્તાને કરેલાં વખાણમાં સહેજે અતિશયોક્તિ ન હતી. ડોલ્ફિન ખરેખર વિશ્વની સૌથી ઝડપી સ્ટીમર હતી.

ઈરોક્વોઈસ દ્વારા હુમલાની આ ઘટનાએ કપ્તાન જેમ્સ અને જેનીને વધુ નજીક લાવી દીધાં. આ કપરી પરિસ્થિતિમાં કપ્તાને જેનીના સ્વભાવનાં એવાં પાસાંનાં દર્શન થયાં હતાં, જે આ અગાઉ તેમણે અનુભવ્યાં ન હતાં. જેની પોતાના વિચારોમાં દૃઢ અને બહાદુર હતી. અમેરિકાના આંતરવિગ્રહ ઉપર પોતાનો સ્વતંત્ર મત હતો. આમ જેનીની હોશિયારી અને દરેક વિષયને પોતાની દૃષ્ટિથી જોવાની એક આગવી સૂઝ જ કપ્તાન જેમ્સને અજ્ઞાતપણે પ્રભાવિત કરી રહી હતી.

જેનીને તેના દેશ પ્રત્યે પ્રેમ હતો. તે અમેરિકાના આંતરવિગ્રહને કપ્તાન જેમ્સથી બિલકુલ જુદી જ દૃષ્ટિથી જોતી હતી તેથી તે બંને વચ્ચે તે અંગે દલીલબાજી પણ થઈ. ઘણીવાર કપ્તાન જેમ્સને જેનીની દલીલોનો કોઈ જવાબ મળતો ન હતો. જેમ્સ ઉત્તરી રાજ્યોને (ફેડરલ) ધિક્કારતા હતા. સૌ પ્રથમ તો તેમની દલીલો કૉનફેડરેટ્સની ટીકાઓ અંગે જ હતી, પરંતુ જ્યારે વાત વિગ્રહ અને વેપાર અંગે થઈ ત્યારે જેનીએ ખૂબ જ આક્રમકતાથી દલીલ કરી. જેનો કપ્તાન જેમ્સ પાસે કોઈ જવાબ ન હતો. જેની દૃઢપણે માનતી હતી કે ઉત્તરનાં અને દક્ષિણનાં અમેરિકી રાજ્યોના ઘર્ષણનું એકમાત્ર કારણ રાજકીય કરતા પણ વધુ તો માનવતાવાદી અને નીતિમત્તાનાં વલણો અંગે જ હતું. જેની સામે કપ્તાન જેમ્સ પાસે બચાવ માટે કોઈ દલીલ કે પક્ષ ન હતો.

જેમ્સ અને જેનીની દલીલબાજીમાં એ કહેવું મુશ્કેલ હતું કે કપ્તાન જેમ્સ જેનીની હોશિયારી અને આક્રમક દલીલબાજીઓથી પ્રભાવિત થયા કે જેનીની બોલવાની આકર્ષક છટાને કારણે, પરંતુ એક વસ્તુ કપ્તાન જેમ્સે સ્વીકારી હતી કે આંતરવિગ્રહનું મુખ્ય કારણ ગુલામીપ્રથા હતું. પુરાણા કાળથી ચાલી આવેલી એ અમાનવીય પ્રથાનો નિર્ણાયક રીતે અંત લાવવો જોઈએ.

પરંતુ કપ્તાન જેમ્સ અને જેની વચ્ચે દલીલબાજીનો મુખ્ય મુદ્દો આંતરવિગ્રહનાં રાજકીય કારણો કરતા આંતરવિગ્રહમાં કપ્તાન દ્વારા દક્ષિણી રાજ્યોને કરવામાં આવનારી મદદ અંગે હતો. કપ્તાન જેમ્સ દ્વારા પોતાના વેપારી ફાયદાને માટે યુદ્ધના એક પક્ષકારને શસ્ત્રો વેચવાના કૃત્યને જેની અયોગ્ય ગણતી હતી. જ્યારે જેમ્સ તેમાં કશું ખોટું ગણતા ન હતા.

ડોલ્ફિનના આવા સાહસની યોગ્યાયોગ્ય બાબતે જેનીએ પોતાના ઉપર ઉપકાર કરનાર વેપારી કપ્તાન જેમ્સને પ્રથમ વાર સ્પષ્ટ રીતે જણાવ્યું, ‘‘જુઓ મિ. જેમ્સ, તમે અમોને જે રીતે મદદ કરી રહ્યા છો તેથી અમે તમારા ખરેખર કૃતજ્ઞી અને આભારી છીએ, પરંતુ એક કડવું સત્ય તમને જણાવતા એ ઉપકાર મને રોકી શકશે નહી. તમે બહાદુર કપ્તાન છો અને વેપાર અંગેની આગવી સૂઝબૂઝ એ તમારી વેપારી તરીકેની પણ હોશિયારી છતી કરે છે, પરંતુ આવી સ્થિતિમાં તમારા દ્વારા દક્ષિણી રાજ્યોને થતી મદદ એ તમને અને તમારી પેઢીને આર્થિક દૃષ્ટિએ ફાયદો કરાવી શકશે, પરંતુ નૈતિક દૃષ્ટિએ આ પગલું ખરેખર ખોટું છે.’’

જેનીની આવી ટીકાઓ કપ્તાનને ઉશ્કેરી મૂકે તે સાહજિક હતું. એમને માટે વેપાર અને નફો જ મહત્ત્વના હતા, નીતિમત્તાના સિદ્ધાંતો નહી. જેનીની વાત સાંભળી તેઓ એકદમ બોલી ઊઠ્યા,

‘‘તેમાં ખોટું શું છે ? હું એક વેપારી છું અને મને જ્યાં આર્થિક વળતર મળે ત્યાં હું વેપાર કરી રહ્યો છું. એમાં મને કંઈ જ ખોટું નથી જણાતું.’’

જેની બોલી, ‘‘તમે આવા બળવાખોરોને મદદ કરી તેમને વધુ મજબૂત બનાવો છો. પરિણામે આ આંતરવિગ્રહને નવી હવા મળશે. આ વિગ્રહમાં વધુ લોહી રેડાશે. આવા વિગ્રહને વધુ ભડકાવવામાં તમે સીધી રીતે જવાબદાર બની રહ્યા છો. ચીનમાં પણ તમારા દેશના વેપારીઓએ એવા હેતુથી જ અફીણનો વેપાર કર્યો હતો. એને કારણે ચીની પ્રજા પાયમાલ થઈ ગઈ હતી. તે બાબતે પણ આવી દલીલો તમારા દેશવાસીઓએ કરી હતી, પરંતુ તમારે આ બાબતે જવાબદારી સ્વીકારવી જ પડશે.’’

જેનીના આવા સીધા આક્રમણને કારણે કપ્તાન અકળાઈ ઊઠ્યા અને બોલ્યા, ‘‘જેની, તારી આ દલીલો હું કદી સ્વીકારીશ નહીં. મારા દ્વારા પૂરા પડાયેલા દારૂગોળો અને ચીજવસ્તુનો શી રીતે ઉપયોગ થાય તે વિચારવું મારો વિષય નથી. મારો આ અંગે એક જ ધર્મ છે અને એ છે મારી અને મારી પેઢીનાં આર્થિક લક્ષ્યો સિદ્ધ કરવાનો અને શક્ય તેટલો વધુ આર્થિક લાભ પ્રાપ્ત કરવાનો અને હું એ કરવા જઈ રહ્યો છું.’’

પરંતુ જેની પોતાની વાતમાં સ્પષ્ટ અને મક્કમ હતી. જેનીનાં પ્રશ્નો અને દલીલોનો કપ્તાન પાસે કોઈ યોગ્ય જવાબ ન હતો તેથી તે એક રિસાયેલા બાળકની જેમ પોતાની કેબિન છોડી ચાલ્યા ગયા, પરંતુ એક કલાકમાં જ પાછા આવી જેનીને મળ્યા. જેનીનું સમગ્ર વ્યક્તિત્વ કપ્તાનના મગજ ઉપર છવાઈ ગયું હતું. સસ્મિત ચહેરા સાથેની જેનીની સ્પષ્ટ વાતોથી જેમ્સ સંપૂર્ણ રીતે જીતાઈ ગયા હતા.

ટૂંકમાં, કપ્તાન જેમ્સ અને જેનીનાં આ વૈચારિક ઘર્ષણમાં જેનીએ કપ્તાન ઉપર પૂરેપૂરું પ્રભુત્વ જમાવી દીધું હતું. જેની અને કપ્તાન જેમ્સ વચ્ચે કેળવાયેલી આ મિત્રતા ક્રોકસ્ટોન માટે વધુ આનંદનું કારણ બની. ક્રોકસ્ટોનને ખાતરી હતી કે જેનીનો કપ્તાન પરનો શક્ય તેટલો વધુ પ્રભાવ એના પિતા હેલીબર્ટની સ્વતંત્રતા માટે વધુ ફાયદાકારક સાબિત થવાનો હતો. કપ્તાનના હૃદયમાં જેનીએ વિશિષ્ટ સ્થાન જમાવ્યું હતું. તેને પરિણામે જેમ્સ પોતાનાં, ખલાસીઓનાં અને જહાજનાં હિતોને નજરઅંદાજ કરી કે જોખમમાં મૂકીને પણ હેલીબર્ટને છોડાવવા પ્રયત્ન કરશે એવી આસ્થા બંધાઈ હતી. એને કારણે એની કંપનીને થતા નુકસાન માટે એના અંકલ વિન્સેન્ટ પ્લેફેરનો રોષ પણ વહોરવો પડે તો પણ કપ્તાન જેમ્સ હવે પાછી પાની નહીં જ કરે એમ લાગ્યું.

❐

*(VII)* ૧ રતલ = ૪૫૩ ગ્રામ

*(VIII)* ફેધમ (FATHOM) = છ ફૂટ જેટલું માપ

# સુલિવાન ટાપુની ચેનલ

## ૬

ઈરોક્વોઈસ સાથેના ઘર્ષણને બે દિવસ વીતી ગયા. ડોલ્ફિન બર્મુડા ટાપુની સમાંતર મુસાફરી કરી રહી હતી. દરિયો તોફાની તેમ જ હવામાન વિષમ હતું. આમ પણ આટલાંટિકનો આ ભાગ ભયંકર વાવાઝોડા માટે કુખ્યાત હતો. દર વર્ષે અનેક જહાજો આવા વાવાઝોડાંનો ભોગ બનતાં હતાં.

કપ્તાન જેમ્સ પ્લેફેરને શેક્સપિયરના નાટક ‘ધ ટેમ્પેસ્ટ’ના એરિયલ અને કેલીબાનનાં પાત્રો યાદ આવી ગયાં. દરિયામાં તોફાન વધી રહ્યું હતું. બર્મુડા ટાપુ ઉપર બ્રિટનનું લશ્કરી થાણું હતું. તોફાનનું જોખમ લેવાને બદલે થોડો સમય ડોલ્ફિનને અહીં રોકવા કપ્તાને વિચાર કર્યો, પરંતુ એટલો સમય પણ ગુમાવવાનું એમને જરૂરી ન લાગ્યું. એવા તોફાનમાં પણ ડોલ્ફિનની મુસાફરી ચાલુ જ રહી. બર્મુડાની મુલાકાત ન લઈ શકવાનું કપ્તાનને દુખ પણ હતું. ભયંકર સમુદ્રી તોફાન છતાં ડોલ્ફિન અવિરતપણે અમેરિકાના કાંઠા તરફ આગળ વધતી જ રહી. તેને કોઈ મોટી મુશ્કેલીનો સામનો ન કરવો પડયો.

કપ્તાન જેમ્સ પોતાની ડોલ્ફિનની અદ્‌ભુત ક્ષમતાથી ખુશ હતા. જ્યારે બીજી બાજુ જેનીના વિચારો પણ તેમના મનમાંથી ખસતા ન હતા. ભયંકર સમુદ્રી તોફાનના સમય દરમિયાન સતત તે કપ્તાનની પડખે જ રહી હતી. જેનીની એવી બહાદુરી અને પોતાના પ્રત્યેની લાગણીએ તેમના મન પર ઘેરી અસર છોડી હતી. કપ્તાનના દિલમાં જેની માટેનો પ્રેમ, તેમને ગમે તેવું જોખમ ઉઠાવવા માટે તૈયાર કરી શકે તેમ હતું. કપ્તાન પોતે જેનીની બધી ઈચ્છાઓ પૂરી કરવા હંમેશા આતુર રહેતા હતા. એમના મનમાં જેની એવી છવાઈ ગઈ હતી કે જો જેની કહે કે ડોલ્ફિનના ભંડકિયાનો બધો શાપિત માલસામાન સમુદ્રમાં ફેંકી દો..! તો તેઓ તેવું પગલું પણ ખચકાટ અનુભવ્યા વિના ભરવા તૈયાર હતા. પોતાના વેપારી અંકલ મિ. વિન્સેન્ટનો પણ વિચાર આવી જતો કે તેઓ આ બધું જાણ્યા પછી તેમના ઉપર ખરેખર ગુસ્સે થવાના હતા, પરંતુ તેમને તેની પરવા ન હતી. તેમના મગજ અને હૃદયમાં માત્ર જેની જ છવાયેલી હતી. પ્લેફેર એન્ડ કંપની માટે રાહતની સ્થિતિ એટલી હતી કે હજી સુધી જહાજમાંનો એ શાપિત માલસામાન દરિયામાં ફેંકવા માટે જેનીએ આગ્રહ કર્યો ન હતો. એ સિવાય કપ્તાન જેમ્સ બધી રીતે જેનીના કેદી જેવા જ બન્યા હતા. કપ્તાનની જેની પ્રત્યેની આ લાગણીઓ જેની સમજી કે નહીં તે કહી શકાય તેમ ન હતું, પરંતુ ક્રોકસ્ટોન કપ્તાનની આવી લાગણીઓ ખૂબ સારી રીતે સમજી ગયો હતો અને મનોમન ખુશ થતો હતો. કપ્તાનનો જેની પ્રત્યેનો આ પ્રેમ જ જેનીના પિતા મિ. હેલીબર્ટને છોડાવવામાં

મદદરૂપ થવાનો હતો તે એ જાણતો હતો. કપ્તાનને જેની પ્રત્યે આટલા મોહિત થયેલા જોઈ તેને વિશ્વાસ થઈ ગયો હતો કે હવે મિ. હેલીબર્ટને ચોક્કસ છોડાવી શકાશે. તે મનોમન વધુ પડતો ઉત્સાહ અને આત્મવિશ્વાસથી બબડી રહ્યો હતો.

"મારા માલિક... તમે એક અઠવાડિયામાં ડોલ્ફિનમાં હશો... સંપૂર્ણ સ્વતંત્ર !"

ડોલ્ફિન શક્ય તેટલી ઝડપથી પશ્ચિમમાં આગળ વધી રહી હતી. ૧૩મી જાન્યુઆરીનો દિવસ ઉગ્યો. પશ્ચિમમાં ક્ષિતિજ પર જમીન દેખાઈ. જહાજ તેનાથી આશરે ૧૦ માઈલ જેટલા અંતરે હતું. જમીન સમુદ્રની સપાટીથી બહુ ઊંચી ન હોવાને કારણે સમુદ્રની સપાટીની કાલ્પનિક રેખા સાથે ભળી જતી હતી. ક્રોકસ્ટોન ત્યારે તૂતક પર જ હતો અને ક્ષિતિજ પરની જમીન ઉપર તેની નજર મંડાયેલી હતી. જમીનનું ચિત્ર ધીમે ધીમે સ્પષ્ટ થવા લાગ્યું. અંતર પણ હવે ઓછું રહ્યું હતું. એકદમ ઉત્સાહિત સ્વરમાં તેણે બૂમ પાડી,

"કપ્તાન જુઓ, ચાર્લસ્ટનની દીવાદાંડી... હું ખાતરી સાથે કહું છું કે એ ચાર્લસ્ટનની દીવાદાંડી જ છે."

ડોલ્ફિન હવે ચાર્લસ્ટન નગરથી બહુ દૂર ન હતી. ચાર્લસ્ટનના બારામાં પ્રવેશ માટે કપ્તાને પોતાનો અંતિમ વ્યૂહ નક્કી કરી લેવાનો હતો. ડોલ્ફિનને ચાર્લસ્ટનના અખાતમાં પ્રવેશ માટે કઈ ચેનલનો રસ્તો પકડવો તે મહત્ત્વનું હતું. ત્યાં પ્રવેશ માટે એકથી વધુ રસ્તા હતા.

કપ્તાન જેમ્સ અનુમાન લગાવતા બોલ્યા, "જો આપણી સામે કોઈ મોટો અવરોધ ન ઉદ્ભવે તો આપણે બપોરે ૩ વાગ્યા પહેલા ચાર્લસ્ટન બંદરમાં લંગર નાખીશું."

ચાર્લસ્ટન નગર ૭ માઈલ લાંબા અને ૨ માઈલ પહોળા ચાર્લસ્ટન બંદર પાસે જ વસેલું હતું. ચાર્લસ્ટન બંદર એ ચાર્લસ્ટન નગરનું દરિયાઈ પ્રવેશદ્વાર હતું. આ ચાર્લસ્ટન બંદરની ખાડીમાં પ્રવેશ એ જ ડોલ્ફિન માટે પાયાનો પ્રશ્ન હતો. ચાર્લસ્ટન બંદરની ખાડીનું આ મુખ ઉત્તરે સુલિવાન ટાપુ અને દક્ષિણ મોરિશ ટાપુની વચ્ચે હતું. જેમાં મોરિશ ટાપુ ફેડરલ સૈન્યના અધિકારક્ષેત્રમાં હતો. એના સેનાપતિ જનરલ ગીલમોરે તોપખાનાઓ સ્થાપી ત્યાં અભેદ કિલ્લેબંધી રચી હતી. ડોલ્ફિને આ ચેનલમાં પ્રવેશ માટે આ મોરિશ ટાપુથી શક્ય એટલું દૂર રહીને હંકારવાનું હતું. જ્યારે ઉત્તરે આવેલો સુલિવાન ટાપુ હજુ પણ દક્ષિણી રાજ્યોના કબજામાં હતો. તેમના સૈન્યનું મુખ્ય મથક ટાપુની મધ્યે આવેલા મોલટ્રાયના કિલ્લામાં હતું. ડોલ્ફિને ચેનલમાં પ્રવેશ માટે દક્ષિણના મોરિશ ટાપુ પરના ફેડરલ સૈન્યથી બચવા શક્ય તેટલું ઉત્તરે સુલિવાન ટાપુ પાસે હંકારવાનું હતું.

ચાર્લસ્ટન બંદર સુધી પહોંચવા માટે નહેર જેવી પાંચ સાંકડી અને છીછરી ચેનલો હતી. સુલિવાન ટાપુની ચેનલ, નોર્ધન ચેનલ, ઓવરઑલ ચેનલ, પ્રિન્સિપાલ ચેનલ અને લાફોર્ડ ચેનલ આ મુખ્ય પાંચ ચેનલમાંથી ડોલ્ફિને પોતાના માર્ગની પસંદગી કરવાની હતી, પરંતુ આ ચેનલો આશરે ૭ ફૂટ જેટલી જ ઊંડાઈ ધરાવતી હતી. આ ખાડીના જાણકાર બાહોશ પાઈલોટ વગર કોઈ પણ અજાણ્યા માટે પ્રવેશવાનું મુશ્કેલ હતું. નોર્ધન ચેનલ, ઓવરઑલ ચેનલ આમ પણ ડોલ્ફિનના પ્રવેશ માટે સુરક્ષિત ન હતી. આ બંને ચેનલો ફેડરલ તોપખાનાની પ્રહારમર્યાદાની અંદર હતી અને ડોલ્ફિનનો આ ચેનલમાં પ્રવેશ એ સામે ચાલીને મોતના મુખમાં જવા જેવો હતો. ફેડરલ તોપખાનાનો એક જ ગોળો તેને ડુબાડવા માટે પૂરતો હતો. ડોલ્ફિનના કપ્તાન માટે બાકીની ત્રણ ચેનલોમાંથી પ્રિન્સિપાલ ચેનલ પર પસંદગી ઉતારવાનું ઘણી રીતે અનુકૂળ હતું. કપ્તાન આ ચેનલથી સારી રીતે પરિચિત હતા. ડોલ્ફિનનો પીછો કરી શકે તેવી મનવારો માટે તેમાં પ્રવેશ મુશ્કેલ હતો માટે આ ચેનલમાં ડોલ્ફિનનો પ્રવેશ તેના માટે સલામત હતો, પરંતુ મુખ્ય પ્રશ્ન ચેનલના પ્રવેશદ્વાર સુધી પહોંચવાનો હતો.

સમુદ્રમાં અમેરિકી નૌકાદળની બે વિનાશિકાઓ દેખાઈ. ઉપકપ્તાન મેથ્યુએ કપ્તાન જેમ્સનું તે તરફ ધ્યાન દોર્યું અને બોલ્યા,

''આ યુદ્ધજહાજો અજાણ્યા જહાજને આ વિસ્તારમાં પ્રવેશતું જોઈ આપણી પાસે ઓળખાણ આપવા માગણી કરશે, શક્ય છે કે તેઓ હુમલો પણ કરે.''

બંને વિનાશિકાઓ પૂરઝડપે ડોલ્ફિન તરફ આગળ વધતી હતી. આ સ્થિતિમાં કપ્તાને શક્ય તેટલું દક્ષિણ-પશ્ચિમ હંકારવાનો આદેશ આપ્યો. એ રસ્તો આમ તો મોરિશ ટાપુની નજીક લઈ જતો હતો. ખુલ્લી રીતે એ તરફ જવાનો હેતુ તેની પાછળ આવતી વિનાશિકાઓમાં એવો ભ્રમ ઊભો કરવા માટે હતો કે ડોલ્ફિન, મોરિશ ટાપુની ચેનલમાં પ્રવેશ માટે જઈ રહ્યું છે, જ્યાં ફેડરલ દળોનું આધિપત્ય હતું. આ ચેનલમાં પ્રવેશ એ ડોલ્ફિન માટે ખરેખર સામે ચાલીને મોતના મુખમાં જવા જેવું હતું. બંને વિનાશિકાઓ પણ તે હેતુથી ડોલ્ફિનને એ તરફ શક્ય તેટલી વધુ આગળ વધવા દેવા માગતી હતી. કોઈ પણ પ્રકારનાં અન્ય પગલાં લીધાં વિના વિનાશિકાઓ ડોલ્ફિનથી સમાંતરે આગળ વધતી રહી.

એકાદ કલાક એ જ સ્થિતિ બની રહી. ડોલ્ફિન તથા વિનાશિકાઓ એ જ સ્થિતિમાં રહ્યા બાદ કપ્તાન જેમ્સે પોતાનો વ્યૂહ એકાએક બદલ્યો. શરૂમાં ઝડપ ઘટાડવા માટે સૂચના આપી, છતાં બૉઈલરમાં વધુ ને વધુ કોલસા ઠાંસવાની શરૂઆત કરાવી. એની ચીમનીઓમાંથી નીકળતા કાળા ધુમાડાના ગોટેગોટા ઉપરથી સમજી શકાય તેમ હતું કે ગમે તે પળે વિરુદ્ધ દિશામાં ભાગી છૂટવા તૈયારી કરી રહી હતી. એ

માટે વરાળનું દબાણ મહત્તમ જાળવી રાખવાની એ કસરત હતી. એવું દબાણ હોય તો ગમે તે પળે ડોલ્ફિનને તેની મહત્તમ ઝડપે મૂકી શકાય તેમ હતું.

કપ્તાન હળવાશથી બોલ્યા, ''અમેરિકી નૌકાદળ આશ્ચર્ય તો ત્યારે પામશે જ્યારે તેમને ખ્યાલ આવશે કે મોં સુધી આવેલો કોળિયો છીનવાઈ ગયો...!''

જ્યારે કપ્તાનને લાગ્યું કે હવે મોરિશ ટાપુ નજીક આવી ગયો છે અને તેઓ તેની તોપોની પ્રહારમર્યાદામાં પ્રવેશવાના છે ત્યાં કપ્તાને ડોલ્ફિનનું સુકાન અચાનક ફેરવી ઉત્તર તરફ ઘુમાવ્યું. ડોલ્ફિન શક્ય તેટલી વધુ ઝડપથી ઉત્તર તરફ આગળ વધવા માંડી. તેનો પીછો કરતી વિનાશિકાઓ અને મોરિશ ટાપુ પરના તોપખાનાને ખ્યાલ આવી ગયો કે આ જહાજ તેમનાથી દૂર ભાગી રહ્યું હતું. ખરેખર એમ જ હતું. બમણી ઝડપે ડોલ્ફિન ઉત્તર તરફ હંકારી ચૂકી હતી. તેની પાછળ મોરિશ ટાપુ પરના તોપખાનાએ થોડા ગોળા છોડ્યા. વિનાશિકાઓએ પણ ઝડપ વધારી પીછો કરવા પ્રયત્ન કર્યો, પરંતુ ડોલ્ફિનનો દાવ સીધો પડ્યો હતો. આવા ગોળાઓ હવે ડોલ્ફિન સુધી પહોંચી શકે તેમ ન હતા. ડોલ્ફિન છટકી ગઈ હતી અને હવે તેઓ કાંઈ પણ પગલાં ભરી શકે તેમ ન હતા. તેનો પીછો કરવો પણ શક્ય ન હતો. વધુ ઉત્તરે સુલિવાન ટાપુ ઉપર હજુ પણ કૉનફેડરેટ્સ સૈન્યનો કબજો હતો અને ત્યાંનું તોપખાનું આવી વિનાશિકાઓના સ્વાગત માટે તૈયાર હતું. ઉપરાંત સુલિવાન ટાપુની ચેનલનાં છીછરાં પાણીમાં આવી વિનાશિકાઓએ પ્રવેશ કરવો અશક્ય હતો.

સવારે લગભગ ૧૧ વાગ્યાના સુમારે ડોલ્ફિન સુલિવાન ટાપુની લગોલગ આગળ વધતી રહી. તેને ફેડરલ નૌકાદળનો હવે ડર ન હતો. સાંકડી અને છીછરી ચેનલમાં પ્રવેશેલી ડોલ્ફિન સંપૂર્ણ સલામત હતી. આ ચેનલના છીછરાં તળિયાંને લીધે ફેડરલ નૌકાદળના કોઈ પણ યુદ્ધજહાજનો પ્રવેશ શક્ય ન હતો.

ડોલ્ફિનના ચેનલમાં સલામત પ્રવેશથી ક્રોકસ્ટોન ખુશીથી ઝૂમી ઊઠ્યો. તેણે કપ્તાનને પૂછ્યું, ''શું હવે આપણે બધી મુશ્કેલીઓમાંથી ઊગરી ચૂક્યા છીએ ? હવે આપણને અમેરિકી નૌકાદળના જહાજોનો કોઈ ડર નથી ?''

''ના, હજુ મુશ્કેલીઓ પૂરી થઈ નથી. આ ચેનલમાં પ્રવેશ સરળ બન્યો, પરંતુ નીકળવું વધુ મુશ્કેલ હશે.'' કપ્તાને જવાબ આપ્યો.

ક્રોકસ્ટોન ઉત્સાહમાં બોલી ઊઠ્યો, ''મને એમાં કોઈ શંકા નથી. ડોલ્ફિન જેવી આધુનિક સ્ટીમર હોય અને કપ્તાન જેમ્સ જેવો તેનો કપ્તાન હોય તો આ કાર્ય મને બિલકુલ અઘરું નથી લાગતું. ડોલ્ફિન સાથે કપ્તાન જેમ્સ ધારે ત્યાં જઈ શકે છે અને ધારે ત્યાંથી સફળતાથી આવી પણ શકે છે.''

કપ્તાન ટેલિસ્કોપથી આ ચેનલની સાંકડી નેળને જોવામાં વ્યસ્ત રહ્યા. સ્ટીમરનું સુકાન પણ તેમના હાથમાં જ હતું. ડોલ્ફિન સલામત રીતે આગળ વધી. ચેનલમાં પ્રવેશ બાદ અમેરિકી નૌકાદળનો હવે સહેજ પણ ભય ન હતો. તેમણે ડોલ્ફિનની ઝડપ તો પહેલા જ થોડી ઓછી કરાવી દીધી હતી. મહત્તમ ઝડપે ચેનલમાં આગળ વધવું સલામતીભર્યું ન હતું.

ડોલ્ફિન સુલિવાન ટાપુની સમાંતરે આગળ વધી રહી હતી. ત્યાં સુલિવાન ટાપુ પરનો મોલટ્રાયનો કિલ્લો દેખાયો. વધુ આગળ જતા શ્યૂટ ફોલી નામના ટાપુ પરનો પિકાનીનો કિલ્લો તેણે વટાવવાનો હતો. ચેનલની બીજી બાજુએ જ્હોનસનનો કિલ્લો અને તેની ઉત્તરે સુમેરના કિલ્લાનાં યુદ્ધમથકો હતાં. તે તમામ સ્થળો કૉનફેડરેટ્સ સૈન્યની હકૂમત નીચે હતાં.

એ દરમિયાન મોરિશટાપુ પર આવેલાં ફેડરલ સૈન્યનાં તોપખાનાંએ ડોલ્ફિન ઉપર થોડા ગોળા છોડ્યા, પરંતુ ડોલ્ફિન હવે તે ગોળાની પ્રહારમર્યાદાની સંપૂર્ણ બહાર હતી. કોઈ પણ પ્રકારના ડર વગર તે પોતાના નિર્ધારીત રસ્તે આગળ વધી રહી. થોડા જ સમયમાં સુલિવાન ટાપુ પરની મોલટ્રાય વસાહતને પસાર કરતી ચાર્લસ્ટન બંદરની ખાડીમાં પ્રવેશી. ખાડીમાં પ્રવેશ્યા બાદ સુમેરનો કિલ્લો આડકતરી રીતે ડોલ્ફિનને આવા તોપગોળાઓથી રક્ષણ આપી રહ્યો હતો. સુમેરના કિલ્લાને કારણે ડોલ્ફિન ફેડરલ તોપખાનાની દૃષ્ટિમર્યાદાની પણ બહાર હતી.

ગૃહયુદ્ધની પહેલી ચિનગારી જ્યાંથી ચંપાઈ એ સુમેરનો કિલ્લો ચાર્લસ્ટન નગરથી સાડા ત્રણ માઈલ દૂર હતો. કિલ્લો બંને તરફથી આશરે એક માઈલ જેટલી છીછરી ખાડીની વચ્ચે બાંધવામાં આવ્યો હતો. મેચેચ્યુએટ્સથી મંગાવાયેલા ખાસ ગ્રેનાઈટના માનવનિર્મિત ટાપુ ઉપર પંચકોણ આકારે કિલ્લાનું બાંધકામ કરવામાં આવ્યું હતું. જેનું નામ ભૂતપૂર્વ અમેરિકી જનરલ થોમસ સુમેરની યાદમાં આપવામાં આવ્યું હતું. આ કિલ્લાના બાંધકામે લગભગ ૧૦ વર્ષ જેટલો સમય લીધો હતો અને આશરે નવ લાખ ડૉલરથી વધુ ખર્ચ કરવામાં આવ્યો હતો.

૧૨મી એપ્રિલ, ૧૮૬૧ના દિવસે એન્ડરસન અને તેના ફેડરલ સૈન્યને કૉનફેડરેટ્સ સૈન્યે હાંકી કાઢયું અને અમેરિકાના ભયાનક ગૃહયુદ્ધની આગ ચંપાઈ. સુમેરનો કિલ્લો કૉનફેડરેટ્સ સૈન્યે એ રીતે સરળતાથી જીતી લીધો હોવાથી તેને પાછો મેળવવાનો પ્રશ્ન ફેડરલ સૈન્ય માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો. એને પાછો જીતી લેવા ફેડરલ સેના તરફથી મરણિયા હુમલાઓ થતા રહ્યા. તેમના તરફની ગોળાબારીમાં એમણે વાપરેલા લોખંડના ગોળા તથા સીસાની ગોળીઓનો હિસાબ પણ માંડી શકાય તેમ ન હતો. આમ છતાં સતત દોઢ વર્ષ સુધી અડીખમ બનીને કૉનફેડરેટ્સ સૈન્યે એનો

કબજો જાળવી રાખ્યો હતો. ફેડરલ સૈન્યની ઘેરાબંધી તોડીને સુમેરના કિલ્લા સુધી પહોંચનાર ડોલ્ફિન પહેલું જ વેપારી જહાજ હતું.

સુમેરનો કિલ્લો પસાર થઈ ગયા બાદ સામે જ એશલે અને કુપર નદીની વચ્ચે વસેલું ચાર્લસ્ટન નગર સ્પષ્ટ જોઈ શકાતું હતું. જેમ્સ પ્લેફેર ચાર્લસ્ટનની દીવાદાંડી પાસે થઈને ચેનલમાં પ્રવેશ્યા ત્યારથી તેમાં તરતાં માર્ગસૂચક બોયાંઓને આધારે ડોલ્ફિનને આગળ વધારી રહ્યા હતા. ડોલ્ફિનના તૂતક પર બ્રિટનનો રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો ત્યારે જેની તૂતક પર જ ઊભી હતી. ચાર્લસ્ટન નગર તરફ અશ્રુભરી તેની નજર મંડાયેલી હતી. જ્યાં તેના પિતાને કૉનફેડરેટ્સ સૈન્યએ બંદી બનાવ્યા હતા.

ડોલ્ફિનની ઝડપ હવે એકદમ ઘટાડવામાં આવી. ડોલ્ફિન પૂર્વી અને દક્ષિણના ફેડરલ તોપખાનાની પ્રહારમર્યાદાની સંપૂર્ણ રીતે બહાર હતી. તેને ચાર્લસ્ટનના ઉત્તરી વેપારી ડક્કા પાસે ઊભી રાખવામાં આવી.

❒

# ચાર્લસ્ટનના બારામાં

**૭**

ડોલ્ફિન ચાર્લસ્ટનના બારામાં આવી પહોંચી હતી. તેના લંગરને નીચે ઉતારવામાં આવ્યું. તેના પાછલા ભાગમાં યુનિયન જૅક[IX] લહેરાઈ રહ્યો હતો. આ સાથે ચાર્લસ્ટનના રહેવાસીઓના એક વિશાળ ટોળાએ આવકારની બૂમો સાથે જહાજને વધાવી લીધું. ચાર્લસ્ટનની અમેરિકી નૌકાદળે નાકાબંધી કર્યા પછી છેલ્લા દોઢ વર્ષમાં કોઈ પણ બ્રિટિશ જહાજ આ નાકાબંધી તોડી ચાર્લસ્ટનમાં પ્રવેશી શક્યું ન હતું. એ કારણે ડોલ્ફિનના આગમનથી ચાર્લસ્ટનવાસીઓ અતિ ઉત્સાહિત હતા. દરેકના મોંઢે આ જહાજના જાંબાજ કપ્તાન વિશે જ વાત હતી અને દરેકના મગજમાં આવી સ્ટીમરનો ચાર્લસ્ટનના બારામાં પ્રવેશનો હેતુ કુતૂહલનો વિષય હતો. એના હેતુની ખબર પડી કે ડોલ્ફિન વિશાળમાત્રામાં દારૂગોળો, જીવન- જરૂરિયાતની વસ્તુઓ અને અન્ય માલસામાન સાથે જોખમ લઈ આ બંદરમાં આવી શકે છે, ત્યારે તેમની ખુશી બેવડાઈ હતી.

જેમ્સ પ્લેફેર ડોલ્ફિન પરથી ઊતરી સમયનો વ્યય કર્યા વગર ચાર્લસ્ટનના કૉનફેડરેટ્સ સેનાના વડા જનરલ બ્યોરગાર્ડને મળવા ગયા. જનરલે જરૂરિયાતના સમયે આવેલા કપ્તાનને ખૂબ જ ઉત્કંઠાથી વધાવી લીધા. ડોલ્ફિન એવા સમયે અમેરિકી નૌકાદળની ઘેરાબંધી તોડી ચાર્લસ્ટનમાં પ્રવેશી હતી જ્યારે તેમના સૈનિકોને કપડાં, દારુગોળો અને અન્ય ચીજવસ્તુઓની ખૂબ જ જરૂર હતી. તેમણે કપ્તાન જેમ્સને મળીને તેમની બહાદુરીનાં વખાણ કર્યાં. સ્ટીમર પરનો માલસામાન શક્ય તેટલો ઝડપથી ઉતારી લેવા માટે ખાતરી આપી અને તે માટે ડોલ્ફિનના નાવિકોની મદદે પોતાના માણસો મોકલી આપ્યા.

કપ્તાન જેમ્સ પ્લેફેર ડોલ્ફિન પરથી ઊતર્યા તે પહેલા જ જેનીએ તેના પિતાની મુક્તિ માટે કપ્તાનને યાદ અપાવ્યું હતું. જેમ્સે જેનીને ખાતરી આપતા કહ્યું,

“તારે મારા પર સંપૂર્ણ વિશ્વાસ રાખવો પડશે. હું તારા પિતાને છોડાવવા મારાથી શક્ય હશે તે બધા પ્રયત્ન કરી છૂટીશ. જનરલ બ્યોરગાર્ડને મળીને તારા પિતા અંગે સીધું પૂછવા કરતા હું પહેલા જાતતપાસ દ્વારા જાણી લઈશ કે તેઓ અત્યારે કેવી પરિસ્થિતિમાં છે. કૉનફેડરેટ્સ દ્વારા તેમને કેદખાનામાં કેદી તરીકે રાખવામાં આવ્યા છે કે જામીન પર છોડી મૂકી તેમના પર માત્ર નજર રાખવામાં આવી રહી છે. ત્યાર બાદ જ આગળનાં પગલાં અંગે વિચારી શકાય. આ બાબતમાં ઉઠાવવામાં આવેલું કોઈ પણ ઉતાવળિયું પગલું આપણને તેમ જ તારા પિતાને ખૂબ મોટી મુશ્કેલીમાં મૂકી શકે છે.”

જેનીને ખૂબ ચિંતા થતી હતી. તે દુખી સ્વરે બોલી,

‘‘મારા પિતાને કલ્પના પણ નહી હોય કે તેમની પુત્રી તેમનાથી આટલી નજીક છે. હું એ ઘડીની આતુરતાથી રાહ જોઈ રહી છું. જ્યારે હું તેમને મળી ગળે લગાવી શકીશ.’’ આ શબ્દો સાથે જેનીની આંખો આંસુથી છલકાઈ ગઈ.

‘‘હું માનું છું કે એવી ઘડી બહુ જલદી આવશે જ્યારે તું તારા પિતાને મળી શકીશ, પરંતુ તે પહેલા તારે થોડી ધીરજ અને હિંમત રાખવી પડશે.’’

ડોલ્ફિન પરથી ઉતારવામાં આવેલો દારૂગોળો, માલસામાન યોગ્ય જગ્યાએ પહોંચાડી કપ્તાન જનરલ બ્યોરગાર્ડને ફરીથી મળવા ગયા. બ્યોરગાર્ડને મળી સૌ પ્રથમ કામ કપ્તાને રૂના વિશાળ જથ્થાનો ભાવતાલ નક્કી કરવાનું કર્યું. વળતા પ્રવાસમાં રૂનો મોટો જથ્થો સ્કોટલેન્ડ લઈ જવાનો હતો. વેપારી સોદાની ચર્ચા બાદ જનરલને મળવાના મુખ્ય મુદ્દાને તેમણે છેડયો. જનરલને કોઈ શંકા ન ઉદ્ભવે તે રીતે વાત શરૂ કરતા બોલ્યા,

‘‘તમને લાગે છે કે આ ભયંકર આંતરવિગ્રહમાં ગુલામીપ્રથાનાં હિમાયતી દક્ષિણી રાજ્યોનો વિજય થશે ?’’

‘‘મને એ બાબતમાં લેશમાત્ર પણ શંકા નથી કે આખરે વિજય દક્ષિણનાં રાજ્યોનો જ થશે. જ્યાં સુધી ચાર્લસ્ટનની નાકાબંધીની બાબત છે તો રૉબર્ટ લીની સેના ટૂંક સમયમાં જ તેને મુક્તિ અપાવશે. જ્યારે બીજી બાજુ તમે આ ગુલામીપ્રથા નાબૂદના હિમાયતીઓ પાસે શી આશા રાખો છો ? તેઓ હવામાં મહેલ ચણી રહ્યા છે કે એક દિવસ તેઓ વર્જીનિયા, બંને કેરોલીના, જ્યોર્જિયા, આલબામાં વગેરે રાજ્યો ઉપર કબજો જમાવશે. જે પ્રદેશ જીતવાની તેમનામાં ત્રેવડ નથી તેના ઉપર તેઓ કેવી રીતે રાજ કરી શકવાના હતા ? અને મારા આ ચાર્લસ્ટનનગર અને બંદરનો સંબંધ છે ત્યાં સુધી હું કહીશ કે તેઓ એ કદી જીતી શકવાના નથી અને કદાચ તેઓ વિજયી બને તો પણ શું ? એમની એ જીત માટે એમને એટલી મોટી કિંમત ચૂકવવી પડશે કે જેની સરખામણીમાં એવી જીતનું કોઈ મહત્ત્વ રહેશે નહી.’’ જનરલ બોલ્યા.

કપ્તાને વધારામાં પૂછ્યું, ‘‘તમને તમારા સૈનિકો પર વિશ્વાસ છે ? ચાર્લસ્ટનની નાકાબંધી તેમના મનોબળને તોડી નાખશે એવું તમને નથી લાગતું ?’’

‘‘ના, મને મારા સૈનિકો પર સંપૂર્ણ વિશ્વાસ છે. તેઓ ક્યારેય વિશ્વાસઘાત નહી કરે. પાછી પાની પણ નહી કરે અને જો કોઈ વિશ્વાસઘાત કરશે તો તેને કઠોરમાં કઠોર સજા કરવામાં આવશે. ડેવીસ જેફરસને ચાર્લસ્ટનની રક્ષાની જવાબદારી મારે શિરે નાખી છે અને તમને ખ્યાલ આવશે કે ચાર્લસ્ટન સંપૂર્ણ રીતે સુરક્ષિત હાથોમાં છે અને જ્યારે મને લાગશે કે આ શહેર મારા હાથમાંથી જઈ રહ્યું છે ત્યારે હું અહી ધીખતીધરાની નીતિ અપનાવીશ. તલવાર કે આગથી આ શહેરનો હું જ વિધ્વંશ કરીશ.’’

મુદ્દાની વાત પર આવતા કપ્તાને પૂછ્યું, ''તમે ફેડરલસેનાના સૈનિકો કે તેના હિમાયતીઓને કેદી તરીકે પકડ્યા છે ?''

''હા, કપ્તાન, ચાર્લસ્ટનમાં જ્યારે આંતરવિગ્રહની સૌ પ્રથમ આગ ચંપાઇ ત્યારે અહી ગુલામીપ્રથાની નાબૂદી ઈચ્છતા કેટલાક ફેડરલ યુનિયનના પક્ષધારીઓ હતા. જેમણે અમારો પ્રતિકાર પણ કર્યો હતો, પરંતુ અમે તેમને હરાવી તેમને યુદ્ધકેદી તરીકે પકડ્યા.''

''આવા કેદીઓ તો ઘણા હશે ?''

''હા, આશરે સો જેટલા હશે.''

''તમે એમને શહેરમાં મુક્ત રાખ્યા છે ?''

''સૌ પ્રથમ અમે એમની ધરપકડ કરી ન હતી, પરંતુ તેઓ અમારી વ્યૂહરચના અને નગરની આંતરિક માહિતીની જાસૂસી કરી ફેડરલ સૈન્યને પહોંચાડતા હતા. તેમ જ નગરવાસીઓને પણ અમારી વિરુદ્ધ ભડકાવતા હતા. નાછૂટકે અમારે તેમને કેદી બનાવવા પડ્યા.''

''અત્યારે તેઓ ક્યાં છે ?''

''અત્યારે અમે તેમને ચાર્લસ્ટનનગરની મધ્યે આવેલા કેદખાનામાં કેદ રાખ્યા છે, પરંતુ ટૂંક સમયમાં તેમના પર કડક પગલાં લેવાશે.''

''કડક પગલાં...?'' કપ્તાને આશ્ચર્યથી પૂછ્યું.

''હા, મેં અમારા રિચમોન્ડ ખાતેના મંત્રીમંડળને આવા ગદ્દારોની ફરિયાદ મોકલી આપી છે. એકાદ અઠવાડિયામાં જ તેમને ગોળીએ દેવાશે. માત્ર મંત્રીમંડળની મંજૂરી મળે તેટલી જ વાર છે. મને ખાતરી છે કે આવી મંજૂરી વધુમાં વધુ એક અઠવાડિયામાં આવી જશે.''

''દેહાંત દંડ..?'' કપ્તાને આશ્ચર્ય સાથે પૂછ્યું.

''હા, દેહાંત દંડ. એમાં પણ એના મુખ્ય નેતાને તો ખાસ. બહુ ખતરનાક માણસ છે.''

''એમના સંગઠનનો નેતા કોણ છે ?''

''છે એક બોસ્ટનનો પત્રકાર. મને એના પર બહુ ચીડ છે. મારું ચાલે તો હું મંત્રીમંડળની મંજૂરી લીધા પહેલા જ તેને મૃત્યુદંડ આપી દઉં, પરંતુ હવે એવી મંજૂરીને પણ બહુ વાર નથી.''

''તેનું નામ..?'' કપ્તાનને ખ્યાલ આવી ગયો હતો.

‘‘જોનાથન હેલીબર્ટ. કેવો માણસ છે ! નાલાયક કાળા ગુલામોને ખાતર મોતને વહાલું કરવા તૈયાર થયો છે ! મૂર્ખ.’’

હેલીબર્ટને મૃત્યુદંડ દેવાની તૈયારી કરતા જનરલની વાત સાંભળીને કપ્તાનને આઘાત લાગ્યો છતાં પોતાના મિશન સંબંધી શંકા ન પડે તે હેતુથી તેમણે જાતે ધિક્કારના થોડા શબ્દો કહ્યા. તરત જ તેમને જેનીનો વિચાર આવ્યો. તેના પિતાને એકાદ અઠવાડિયામાં જ થનારી મૃત્યુદંડની સજાની હકીકત કેવી રીતે તેને કહેશે તે અંગે કપ્તાન વિચારી રહ્યા. જોનાથન હેલીબર્ટ ખૂબ મોટી મુશ્કેલીમાં હતા.

જનરલ બ્યોરગાર્ડને શક ન જાય તે રીતે કપ્તાને સંયમ જાળવ્યો અને કોઈ પણ પ્રકારના હાવભાવ વગર બોલ્યા, ‘‘આ બાબતો સાથે મારે કંઈ લેવાદેવા નથી. જ્યારે આવી સજાનો અમલ થશે ત્યારે તો હું અહીંથી નીકળી કેટલોય દૂર પહોંચી ગયો હોઈશ.’’

‘‘કપ્તાન, તમે અહીંથી ઝડપથી પાછા જવાનું વિચારો છો ? તમે બહુ ઉતાવળમાં લાગો છો ?’’

‘‘હા જનરલ. હું અહીં માત્ર વેપારના હેતુથી આવ્યો છું. મારી સ્ટીમરના ભંડકિયામાં રૂની ગાંસડીઓ લાદવાનું કામ પૂરું થાય કે શક્ય તેટલો ઝડપથી હું વળતી સફરની શરૂઆત કરીશ. ચાર્લસ્ટનના બારામાં પ્રવેશ તો મેં આસાનીથી મેળવી લીધો હતો, પરંતુ અહીંથી બહાર નીકળવું ખરેખર બહુ મુશ્કેલ અને જોખમી છે. મને ફેડરલ નૌકાદળના કોઈ પણ જહાજનો ડર નથી. મારી સ્ટીમર વિશ્વની સૌથી ઝડપી સ્ટીમર છે અને એ ઝડપમાં તો ફેડરલ નૌકાદળના કોઈ પણ જહાજને પાછળ પાડી તેનાથી છૂટકારો મેળવી શકે છે, પરંતુ મને ચિંતા છે. મોરિશ ટાપુ ઉપરના ફેડરલ સૈન્યનાં તોપખાનાંની તોપના ગોળા મારા માટે ખૂબ જ જોખમી સાબિત થઈ શકે એમ છે.’’

જનરલ બ્યોરગાર્ડ બોલ્યા, ‘‘કપ્તાન, જેવી તમારી ઈચ્છા. આવી પરિસ્થિતિમાં હું તમને સલાહ નહી આપું કે તમે અહી વધુ રોકાવ. તમે એક વેપારી છો અને તમે તમારી દૃષ્ટિ એ સાચા છો. કદાચ જો હું તમારે સ્થાને હોત તો મેં પણ આવો જ નિર્ણય લીધો હોત. બીજી બાજુ ચાર્લસ્ટનના બારામાં રહેવું પણ એટલું સલામતીભર્યું નથી. બંદરમાં જ્યારે ચાર દિવસમાંથી ત્રણ દિવસ સખત તોપમારો ચાલતો હોય ત્યારે આ બંદર પણ તમારી સ્ટીમર માટે સુરક્ષિત આશ્રયસ્થાન બની શકે નહી તેથી હું તમને તે અંગે વધુ કંઈ નહી કહું. તમે જ્યારે ઈચ્છો ત્યારે તમારી વળતી સફર શરૂ કરી શકો છો, પરંતુ તમે મને એક બાબત કહી શકો કે ચાર્લસ્ટનની બહાર દરિયાઈ નાકાબંધી માટે ફેડરલ નૌકાદળની હરોળ કેવી છે ? અને તેમના દળમાં કેટલાં અને કેવાં પ્રકારનાં યુદ્ધજહાજો છે ?’’

જનરલ બ્યોરગાર્ડના ફેડરલ નૌકાદળ અંગેના પ્રશ્નો અંગે કપ્તાને પોતાની જાણકારી મુજબ શક્ય તેટલો સારો જવાબ આપવા પ્રયત્ન કર્યો. અંતે જનરલ બ્યોરગાર્ડની વિદાય લીધી.

જનરલને મળીને કપ્તાન સ્ટીમર પર પાછા આવી રહ્યા હતા ત્યારે ખૂબ વિચારમગ્ન અને ખિન્ન હતા. તેમના મગજમાં જેનીના પિતા મિ. હેલીબર્ટના જ વિચારો હતા. હેલીબર્ટની સજા અંગે જાણેલી વાત જેનીને કેવી રીતે કહેશે ? તે પ્રશ્ન તેમના મનમાં ઘૂમરાયા કરતો હતો. મૃત્યુદંડની સજાની વાત જાણી તે શું પ્રતિભાવ આપશે ? જેની ઉત્કંઠાથી તેમની રાહ જોઈને ઊભી હશે અને પિતાની સજાના સમાચાર સાંભળતા જ તે તૂટી જશે. આ સજાના સમાચાર જેનીને ન અપાય તે સ્થિતિ પણ એટલી જ વિષમ બને તેમ લાગ્યું. જેની તેના પિતાની ખોટી રાહ જોઈને પણ દુખી થવાની હતી. જેનીની આવી સ્થિતિ અંગેની કલ્પના કપ્તાન માટે અસહ્ય હતી.

હજુ તો કપ્તાન ગવર્નરના ઘરમાંથી બહાર નીકળી માંડ પચાસ ડગલાં પણ નહી ચાલ્યા હોય ત્યાં તેમની સામે ક્રોકસ્ટોન આવીને ઊભો રહી ગયો અને જનરલ સાથેની વાતચીત અંગે પૂછ્યું.

કપ્તાન જેમ્સના મુખમાંથી એક પણ શબ્દ નીકળી શક્યો નહીં. તેઓ ક્રોકસ્ટોનની સામે જ જોઈ રહ્યા.

કપ્તાનના આવા હાવભાવ પરથી ક્રોકસ્ટોનને ખ્યાલ આવી ગયો હતો કે જનરલ સાથેની વાતચીતમાંથી હેલીબર્ટ અંગે કોઈ સારા સમાચાર કપ્તાનને પ્રાપ્ત થયા નથી. કપ્તાનને તેણે ચિંતિત બનેલા જોઈ પૂછ્યું,

"તમે જનરલ બ્યોરગાર્ડને મળ્યા ?"

"હા."

"તમે મિસ્ટર હેલીબર્ટની બાબતમાં એમની સાથે કંઈ વાતચીત કરી ?"

"ના. એમણે જ મને હેલીબર્ટની બાબતમાં સામે ચાલીને કહ્યું."

"તો શું વાત થઈ ?" ક્રોકસ્ટોને ઉત્કંઠાથી પૂછ્યું.

"ક્રોકસ્ટોન, હું તને બધું કહું છું."

"કપ્તાન, જલદી કહો. હું એ જાણવા ખૂબ જ આતુર છું. મારા માલિક ક્યાં છે ? અને તે કેવી સ્થિતિમાં છે ?"

કપ્તાને કંઈક સ્વસ્થ બનતા જવાબ આપ્યો,

''જનરલ બ્યોરગાર્ડે મને જણાવ્યું કે એક અઠવાડિયામાં તારા માલિકને ગોળીએ દેવામાં આવશે.''

આવી વાત સાંભળી શરૂઆતમાં તો ક્રોકસ્ટોન અસ્વસ્થ બની ગયો. તેને ભારે આઘાત લાગ્યો. તેને ખૂબ ગુસ્સો ચઢ્યો છતાં તુરત જ તેણે તેના પર કાબૂ મેળવી લીધો. મોંઢા પર સ્મિતના ભાવ સાથે ક્રોકસ્ટોન બોલ્યો, ''તેમાં શું છે ?!''

આવા હળવા પ્રતિભાવથી કપ્તાનને ગુસ્સો ચઢ્યો,

''શું ? હું તને કહું છું કે તારા માલિક મિસ્ટર હેલીબર્ટને એક અઠવાડિયામાં ગોળીએ દેવામાં આવશે અને તું કહે છે, 'તેમાં શું છે ?' તને આવા સમાચારથી કંઈ જ ફરક નથી પડતો ?''

''ના...! જો છ દિવસમાં મારા માલિક ડોલ્ફિન ઉપર આવી જવાના હોય અને સાતમા દિવસે ડોલ્ફિન આટલાંટિક મહાસાગરમાં હોય તો આવી સજાનો કોઈ અર્થ રહેતો નથી.''

કપ્તાન હવે આશ્ચર્યથી ક્રોકસ્ટોન સામે જોઈ રહ્યા અને બોલ્યા, ''હું સમજી શકું છું કે તારા માલિકની આવી સ્થિતિ અને તેમને થયેલી સંભવિત દેહાંતદંડની સજાને કારણે તને ખૂબ મોટો આઘાત લાગ્યો છે. તેથી તું ભાન ખોઈ બેઠો છે. એ કારણે જે મનમાં આવે તે બોલી રહ્યો છે. તું હિંમત રાખ. મને ખ્યાલ છે કે તું એક વફાદાર સેવક છે અને તારી મનોસ્થિતિ અત્યારે શું છે ? પરંતુ અત્યારે આપણે જેનીનો પણ વિચાર કરવાનો છે. જો તું આવી રીતે ભાંગી પડીશ તો જેનીને સંભાળવી ખૂબ મુશ્કેલ બની જશે. મને તો એની જ ચિંતા થઈ રહી છે. જેની માટે હું કંઈ પણ કરી છૂટવા તૈયાર છું. પછી ભલે મારે તે માટે દરિયામાં કૂદી મારો જીવ પણ કેમ ન આપવો પડે !''

પરંતુ ક્રોકસ્ટોન સ્વસ્થ હતો. એનામાં ભારોભાર આત્મવિશ્વાસ ભરેલો હતો. તે બોલ્યો,

''કોઈએ પણ સમુદ્રમાં કૂદી ડૂબી મરવાની જરૂર નથી. તેનાથી સમુદ્રની માછલીઓ સિવાય કોઈને ફાયદો થવાનો નથી. હવે પછી આપણું મુખ્ય કાર્ય રહેશે મારા માલિકને મુક્તિ અપાવવાનું...!''

''પણ ક્રોકસ્ટોન તને ખ્યાલ છે કે તેઓને મુક્તિ અપાવવી કેટલી મુશ્કેલ છે ?''

''મને ખ્યાલ છે, કપ્તાન.''

''કેદખાનાના કેદીઓને કોઈને મળવાની પણ મંજૂરી નથી અપાતી ત્યાં તું તેમને ત્યાંથી મુક્ત કરાવવાની વાત કરે છે ? મને એ કાર્ય અશક્ય લાગે છે.'' કપ્તાન

બોલ્યા.

‘‘કપ્તાન, તમે તે અંગે બહુ ચિંતા કરશો નહી. ખ્યાલ રાખો કે જેલમાંનો જેલર કેદીને ડબામાં પૂરી રાખવાનું વિચારતો હોય તેના કરતા તેમાંથી ભાગી છૂટવાનું કેદી વધુ વિચારતો હોય છે. તમે આ બાબતે નિરાંત અનુભવો. એ મોરચો હવે હું સંભાળીશ, પણ મને તેમાં તમારી મદદની જરૂર પડશે.’’

‘‘પણ ક્રોકસ્ટોન હવે તું શું કરીશ ? આપણે તે માટે યોગ્ય યોજના બનાવવી પડશે અને તે માટે અગમચેતીનાં પગલાં પણ ભરવાં પડશે.’’

‘‘તે અંગેની સંપૂર્ણ યોજના હું ટૂંક સમયમાં જ બનાવી રાખીશ.’’ ક્રોકસ્ટોને જવાબ આપ્યો.

‘‘પરંતુ જેનીનું શું ?! જેનીને જ્યારે ખબર પડશે કે તેના પિતાને દેહાંતદંડની સજા કરવામાં આવી છે અને આ સજાનો અમલ ટૂંક સમયમાં ગમે ત્યારે કરવામાં આવશે ત્યારે એની સ્થિતિનો વિચાર કર્યો છે તેં ?’’

કપ્તાન કહી રહ્યા હતા ત્યાં જ ક્રોકસ્ટોન વચ્ચે બોલ્યો, ‘‘જેનીને આ અંગે કંઈ જ ખબર નહી પડે.’’

‘‘હા, જેનીને કંઈ જ કહેવામાં ન આવે તે જ તેના માટે સારું રહેશે.’’ કપ્તાને કહ્યું.

‘‘મારા માલિકને કેદી તરીકે ક્યાં પૂરવામાં આવ્યા છે, તે તમે મને જણાવી શકશો ?’’

‘‘શહેરની વચ્ચે આવેલા કેદખાનામાં જ બધા કેદીઓને રાખવામાં આવ્યા છે.’’

‘‘સમજી લો કે મારા માલિક હવે ટૂંક સમયમાં જ ડોલ્ફિનના તૂતક પર હશે.’’ ક્રોકસ્ટોન આત્મવિશ્વાસથી બોલી રહ્યો હતો.

❒

*(IX) યુનિયન જેક = બ્રિટનનો રાષ્ટ્રધ્વજ*

# મુક્તિ

## ૮

જેની આતુરતાથી કપ્તાન જેમ્સની રાહ જોતી સ્ટીમરના તૂતક પર જ હતી. કપ્તાન અને ક્રોકસ્ટોન ત્યાં જ આવી પહોંચ્યા. એને પોતાના પિતાની ચિંતા હતી. તેમની માહિતી લઈને આવેલા કપ્તાનને જોઈને તે ભાવાવેશમાં આવી ગઈ. એના મોંમાંથી એક પણ શબ્દ નીકળી શક્યો નહી, પણ તેના પિતા વિશે જાણવાની પ્રબળ બેચેની તેની આંખમાં વાંચી શકાતી હતી. તે કંઈ પૂછે તે પહેલા જ કપ્તાન અને ક્રોકસ્ટોને જનરલ બ્યોરગાર્ડની કેદમાં રહેલા તેના પિતાની માહિતી આપી. સાથે તે અંગે થોડી વાતચીત થઈ તે પણ જણાવી. મિસ્ટર હેલીબર્ટ માટે તેનો પ્રતિભાવ બહુ સકારાત્મક જણાયો ન હતો. તે હકીકત કહી. તેને માટે અનુકૂળતાએ વિચારશે એવો જવાબ જનરલે આપ્યો હોવાની અડધી સાચી અડધી મનઘડંત વાતો જણાવી. આશ્વાસન આપતા હોય એ રીતે કપ્તાન બોલ્યા,

‘‘તારા પિતા ચાર્લસ્ટનમાં મુક્ત નથી. જનરલની કેદમાંથી છોડાવીને તેમને અહીથી લઈ જવાનું કામ સરળ નથી, પરંતુ હું તને વચન આપું છું કે તારા પિતાને હું ગમે તે ભોગે છોડાવીશ. મિ. હેલીબર્ટને સાથે લીધા વિના ડોલ્ફિનનું લંગર ચાર્લસ્ટનના બારામાંથી નહી ઊપડે.’’

‘‘મને તમારા પર પૂરો ભરોસો છે. તમારી મદદ માટે તમારો ફરી એક વાર આભાર માનું છું.’’ જેની બોલી.

જેનીની આંખમાં આંસુ હતાં અને તે બોલતાં બોલતાં પણ કંપ અનુભવતી હતી. આ ઘડીએ કપ્તાન પણ જેની પ્રત્યેની પોતાની લાગણીને કાબૂમાં રાખી શકે તેમ ન હતા. તે પ્રેમનો એકરાર કરવા જતા હતા ત્યાં ક્રોકસ્ટોન વચ્ચે બોલ્યો,

‘‘જેની, હવે આ રીતે દુખી થવાનો સમય નથી. આપણી પાસે સમય બહુ ઓછો છે અને આપણે હજુ ઘણું કામ બાકી છે. હવે પછી આપણે એમાં કઈ રીતે આગળ વધવું તે અંગે વિચારવું જોઈશે.’’

‘‘ક્રોકસ્ટોન, તારી પાસે કોઈ સારી યોજના છે ?’’ જેનીએ પૂછ્યું.

‘‘મારી પાસે દરેક સમસ્યા માટે ઉકેલ હોય જ છે અને એ જ તો મારી ખાસિયત છે.’’ ક્રોકસ્ટોન આત્મવિશ્વાસથી બોલ્યો.

‘‘પણ યોજના સારી હોવી જોઈએ. આપણને એમાં બીજો મોકો નહી મળે.’’ કપ્તાન જેમ્સે કહ્યું.

‘‘હા જી ! કહેવાનું હોય જ નહી. મારી યોજના એકદમ ટકોરાબંધ છે. મારા જેવું તો ફેડરેટ રાજધાની વૉશિંગ્ટનમાં બેઠેલા સરકારી પ્રધાનો પણ વિચારી શકે નહી ! તમે માની જ લો કે આ યોજનાને અંતે મારા માલિક હેલીબર્ટ આ ડોલ્ફિનના તૂતક પર હશે.’’

ક્રોકસ્ટોને પૂરા આત્મવિશ્વાસ સાથે સરળ શબ્દોમાં પોતાની યોજના સમજાવવાની શરૂઆત કરી એ બોલ્યો,

‘‘કપ્તાન, તમે જનરલ બ્યોરગાર્ડને જઈને મળો અને તેમને ફરિયાદ કરો કે ‘તમારી સ્ટીમર પરના ખલાસીઓમાંથી એક વિદ્રોહી બદમાશ છે. પૂરી સફર દરમિયાન એ બદમાશે અન્ય ખલાસીઓને ભડકાવવા પ્રયત્ન કર્યા છે. તે હંમેશા ખલાસીઓને બળવો કરવા ઉપસાવતો રહે છે. જહાજમાં હાલમાં માલસામાનની હેરફેરના કાર્યમાં બધા જ માણસો રોકાયેલા છે. એને સાચવવામાં મને મુશ્કેલી પડે તેમ છે. એ જો તમારી ભૂમિમાં છટકી ગયો તો તમને પણ તકલીફ આપે તેમ છે. અહી તમારા આ બળવાના કેદીઓને રાખવાનું કેદખાનું મને એને માટે સુરક્ષિત જણાયું છે. માટે મારી આપને વિનંતી છે કે જહાજમાં માલ ભરાવવાનું કામ પૂરું થાય તેટલા દિવસ માટે તમે એને તમારા કેદખાનામાં રાખો તેમ હું ઈચ્છું છું. સ્કોટલેન્ડ પાછા ફરતી વખતે ત્યાંના કાયદા પ્રમાણે એને સજા કરાવવા હું એને પરત લઈ જઈશ.’ મને આશા છે કે જનરલ તમારી આવી માગણીનો ઈનકાર નહી જ કરે.’’

ક્રોકસ્ટોનની આવી વાતથી કપ્તાન થોડા ખુશ દેખાતા હતા. તે બોલ્યા,

‘‘હા, આ તો હું એકદમ સરળતાથી કરાવી શકીશ. જનરલ બ્યોરગાર્ડ મારી આ માગણી તુરંત જ સ્વીકારી લેશે.’’

‘‘હા, એ તો મને પણ ખાતરી છે કે તમે આ કામ ખૂબ સરળતાથી કરી શકશો.’’ ક્રોકસ્ટોન બોલ્યો.

‘‘પરંતુ ક્રોકસ્ટોન આમાં એક સમસ્યા નડશે.’’

‘‘હવે કેવી સમસ્યા ?’’ ક્રોકસ્ટોને આશ્ચર્ય સાથે પૂછ્યું.

‘‘વિદ્રોહી નાવિક તરીકે કોણ તૈયાર થશે ?’’

‘‘કપ્તાન, એવો વિદ્રોહી નાવિક તમારી સામે ઊભો છે.’’

‘‘ક્રોકસ્ટોન, આ ખૂબ જોખમી સાહસ છે. હું નથી ઈચ્છતો કે તું આટલું ભારે જોખમ ખેડે.’’

‘‘કપ્તાન, મને આમાં કંઈ વાંધો નથી. હું મારા માલિકને બચાવવા આથી પણ વધુ જોખમ ખેડવા તૈયાર છું. તમે તે બાબતે ચિંતા ન કરો.’’

કરોકસ્ટોનના આવા શબ્દોથી જેની ભાવુક બની ગઈ અને કરોકસ્ટોનનો હાથ પકડીને બોલી,

"તું એક બહાદુર, વફાદાર અને ઉમદા વ્યક્તિ છે !"

"કરોકસ્ટોન, મને તારા પર પૂરો વિશ્વાસ છે અને હું તારી લાગણીઓને પણ સમજી શકું છું. મને એ વાતનું ખરેખર દુખ છે કે હું તારી જગ્યા લઈ શકું એમ નથી." કપ્તાને કહ્યું.

કરોકસ્ટોને કહ્યું, "દુનિયામાં ઈશ્વરે દરેકનું સ્થાન નિશ્ચિત કરેલું છે અને દરેકે એ મુજબ વર્તવાનું હોય છે અને તે મુજબ કામ બજાવવાનું હોય છે. એમાં હું તમારી કે તમે મારી જગ્યા લઈ શકો નહી. અહી આ કામ મારા નસીબમાં છે અને એના પછી વધુ જોખમી કાર્યો તમારે કરવાના છે અને એ છે તમારે ડોલ્ફિનને ફેડરલ અને કૉનફેડરેટ્સના તોપગોળાઓથી બચાવી આટલાંટિકમાં હંકારી જવાની છે અને એ કાર્ય માત્ર તમે જ કરી શકો છો. એ કાર્ય હું કરવા જાઉં તો એ શક્ય નહી બને. તેથી જ કહું છું કે દુનિયામાં ઈશ્વરે દરેકનું એક સ્થાન નિશ્ચિત રાખ્યું છે."

"કરોકસ્ટોન, મને ખાતરી છે કે તું મિ. હેલીબર્ટને છોડાવવાના કાર્યમાં સફળ થઈશ." એની યોજનાથી કપ્તાન પણ પ્રભાવિત થઈ ગયા હતા.

"હું એક વાર નગરની વચ્ચે આવેલા કેદખાનામાં પહોંચી જઉં, પછી મારે શું કરવાનું છે તે મને ખબર છે. મને ખાતરી છે કે આ કામ હું પૂર્ણ કરી શકીશ. ત્યાં સુધીમાં સ્કોટલેન્ડ લઈ જવા માટેનો માલસામાન તથા ઇંધણ ડોલ્ફિનમાં ભરીને અહીંથી નીકળવાની સંપૂર્ણ તૈયારી તમે કરી રાખજો."

"મારે માટે હવે આ વેપાર મહત્ત્વની વસ્તુ નથી રહી.." ઉત્સાહિત થઈને કપ્તાન બોલી ઊઠ્યા.

"તો પછી તમે સ્કોટલેન્ડ પહોંચી તમારા અંકલ વિન્સેન્ટ પ્લેફેરને શું જવાબ આપશો ? હજુ આપણી પાસે સમય છે. લાગણીઓ સાથે આપણે આપણું કામ પણ કરતા રહેવાની જરૂર છે. અહીના જનરલ તથા તેના માણસોને આપણા ઈરાદા માટે જરા પણ શંકા થવી ન જોઈએ." કરોકસ્ટોને આગળ ચલાવતા પૂછ્યું, "છ દિવસમાં ડોલ્ફિનની વળતી સફરની બધી તૈયારીઓ તમે પૂરી કરી લેશો ?"

"કોઈ પણ રીતે એ કરવાની જ રહેશે." કપ્તાન મક્કમતાથી બોલ્યા.

"તો પછી ૨૨મી જાન્યુઆરીએ તમારી ડોલ્ફિનને આ બારામાંથી વળતા પ્રવાસ માટે ઉપાડવા તૈયાર રાખજો." કરોકસ્ટોને કહ્યું.

"નચિંત રહો. ત્યાં સુધી સંપૂર્ણ તૈયારી થઈ જશે." કપ્તાન બોલ્યા.

‘‘હવે તમે મારી વાત ધ્યાનથી સાંભળો. ૨૨મી જાન્યુઆરીની સાંજે ચાર્લસ્ટનના છેડે આવેલા વ્હાઈટ પૉઈન્ટ ઉપર તમારા ચુનંદા ખલાસીઓ સાથે એક બચાવનૌકા મોકલી આપજો અને તેઓને રાત્રિના નવ વાગ્યા સુધી રાહ જોવા કહેજો. રાત્રે નવ વાગ્યા પહેલા હું ત્યાં મારા માલિક હેલીબર્ટને સાથે લઈને આવી ગયો હોઈશ.’’

‘‘પણ તું, હેલીબર્ટ અને તને પોતાને કેદખાનામાંથી મુક્ત કેવી રીતે કરાવીશ ?’’ કામની ગંભીરતા અને તેમાં રહેલી મુશ્કેલીને ધ્યાનમાં રાખી કપ્તાને ચિંતા વ્યક્ત કરી.

‘‘એ મારું કામ છે. એની તમે ચિંતા ન કરો, કપ્તાન !’’ કરોકસ્ટોન આત્મવિશ્વાસ સાથે બોલ્યો,

‘‘કરોકસ્ટોન, તું મારા પિતાને છોડાવા માટે તારી જિંદગી જોખમમાં નાખી રહ્યો છે.’’

‘‘જેની, તું બહુ ચિંતા ન કર. એમાં મને કોઈ જોખમ નથી !’’

ત્યાં કપ્તાન વચ્ચે બોલ્યા, ‘‘મારે તને કેદમાં ક્યારે પૂરાવવાનો છે ?!’’

‘‘આજે જ... શક્ય તેટલું જલદી. આપણી પાસે વધુ સમય જ નથી કે જેને વાતોમાં વેડફી શકાય. તમારે જનરલને શું કહેવાનું છે તે તો તમે બરાબર સમજી ગયા છો ને ?’’

‘‘હા કરોકસ્ટોન ! મને ખ્યાલ છે, પરંતુ તને કંઈ નાણાંની જરૂર છે, જે તને ત્યાં કામ લાગી શકે ?

‘‘નાણાં... કેમ જેલરને ખરીદવા માટે ?! જો હું જેલરને આ રીતે ખરીદવા જઈશ તો મને ખાતરી છે કે જેલર બધા નાણાં પણ લઈ લેશે અને મને છોડશે પણ નહીં. તેમ છતાં થોડા ઘણા નાણાં કામ લાગી શકે. જરૂર પડે તો કંઈ પીવા માટે.’’

‘‘શું તું જેલરને કંઈ પીવડાવી બેહોશ કરવાનું વિચારી રહ્યો છે ?’’

‘‘ના, એવું કરવામાં મારી બાજી બગડી શકે છે. મારી પાસે એક બીજી જ યુક્તિ છે.’’

‘‘તેમ છતાં તું આ દસ ડૉલર રાખ. ગમે ત્યારે જરૂર પડે...’’ કપ્તાન જેમ્સે કહ્યું.

‘‘આટલા ડૉલર તો બહુ થઈ ગયા, પરંતુ આ પણ હું તમને કામ પૂરું થતા પરત કરી દઈશ. મને નથી લાગતું કે આની જરૂર પડશે.’’

‘‘તો પછી કરોકસ્ટોન તું તૈયાર છે ?’’

કરોકસ્ટોને બિલકુલ હાવભાવ વિના કહ્યું, ‘‘હા, હું તૈયાર છું.’’

ત્યાં જેની એકદમ રડમસ અવાજે બોલી, ‘‘ક્રોકસ્ટોન, તારા કરતા સારા માણસની હું કલ્પના કરી શકતી નથી.’’

ક્રોકસ્ટોન હસતાં હસતાં બોલ્યો, ‘‘જેની, મને તેની ખબર છે જ. હું દુનિયાનો સૌથી ઉમદા માણસ છું ! પણ તેનું અહીં શું છે ?’’ તેણે હળવાશથી રમૂજ કરી અને કપ્તાનને કહ્યું, ‘‘એક બાબતનું ખાસ ધ્યાન રાખજો.’’

‘‘કઈ બાબતનું ?’’

‘‘જો જનરલ તમને વિદ્રોહી ખલાસીને મૃત્યુદંડ આપવા અંગે પૂછે તો તમે તેનો તરત જ જવાબ આપજો. એક લશ્કરી અધિકારીને શોભે તેવો ઝડપી અને નક્કર જવાબ. તમે એ અંગે કરેલી ઢીલથી જનરલને શંકા ઉદ્‌ભવી શકે છે અને આપણી બાજી બગડી શકે છે.’’

‘‘ચિંતા કરીશ નહીં, ક્રોકસ્ટોન. એમને તરત જ કહીશ કે એ અંગે હું ગંભીરતાથી વિચારીશ.’’

કપ્તાને એ જ દિવસે જનરલ બ્યોરગાર્ડને મળીને વિદ્રોહી ખલાસી અંગે ફરિયાદ કરી. તેને કેદમાં નાખવા જણાવ્યું. ક્રોકસ્ટોન જહાજ ઉપર એક કેદીની જેમ બેડીઓમાં જકડાયેલો હતો. ખલાસીઓને તેનાથી જબરું આશ્ચર્ય થયું. તેનું કારણ સ્પષ્ટ હતું. આ ખાનગી યોજના માત્ર કપ્તાન જેમ્સ, જેની અને ક્રોકસ્ટોન વચ્ચે જ હતી. આથી ક્રોકસ્ટોનની અચાનક આવી ધરપકડ ખલાસીઓને ગળે ઊતરતી ન હતી. તે દિવસે સાંજ સુધીમાં તો જનરલના આદેશ મુજબ ક્રોકસ્ટોનને શહેરની મધ્યે આવેલા કેદખાનામાં કેદી તરીકે પૂરી પણ દેવાયો.

આ દિવસો દરમિયાન ડોલ્ફિનમાં યુરોપથી લાવવામાં આવેલો બધો માલસામાન, દારૂગોળો, કપડાં, ઈત્યાદિ ડોલ્ફિન પરથી ઉતારી તેને યોગ્ય સ્થાને પહોંચાડી દેવામાં આવ્યો હતો. આ કાર્યમાં ડોલ્ફિનના ખલાસીઓ ઉપરાંત ચાર્લસ્ટનવાસીઓ પણ પૂરા ઉત્સાહથી જોડાયા હતા. દોઢ વર્ષ બાદ કોઈ જહાજ ચાર્લસ્ટનની નાકાબંધી તોડી તેના બારામાં પ્રવેશ્યું હતું અને તેમને માટે જરૂરિયાતની વસ્તુઓ લાવ્યું હતું તેથી તેમના ઉત્સાહનો પાર ન હતો. આ કાર્યમાં ડોલ્ફિનના ખલાસીઓ સાથે કપ્તાન પણ જ્યારે સમય મળે ત્યારે તેમની સાથે જોડાઈ તેના ઉત્સાહમાં સતત વધારો કરતા. ખલાસીઓનું મનોબળ ટકાવી રાખવા માટે તે ખૂબ જરૂરી હતું.

પહેલા બે-ત્રણ દિવસ સતત કામગીરીને કારણે સાવ ખાલી થયેલા ભંડકિયામાં ૧૮મી જાન્યુઆરીથી રૂની ગાંસડીઓ ભરવાની શરૂઆત થઈ. કપ્તાન તે બાબતે ખુશ હતા. કપ્તાને રૂની ગાંસડીઓનો સોદો બહુ સારા ભાવે કર્યો હતો. એનો પ્લેફેર એન્ડ કંપનીને ખૂબ સારો નફો થવાનો હતો, પરંતુ કપ્તાનના મગજમાં બીજા જ વિચારોનું

ધમસાણ મચ્યું હતું. તેમને મન હવે વેપાર કરતા અન્ય બાબતો વધુ મહત્ત્વની બની ગઈ હતી.

ક્રોકસ્ટોનને ગયાને ત્રણ દિવસ જેટલો સમય વીતી ગયો હતો, પરંતુ તેના કોઈ સમાચાર મળ્યા ન હતા. આ સમય દરમિયાન જેની પોતાની કૅબિનમાં જ રહેતી. તે કોઈની સાથે વાતચીત પણ કરતી ન હતી. એણે કોઈને ફરિયાદ કરી ન હતી, પરંતુ તેના ચહેરા પરથી સ્પષ્ટ જણાઈ આવતું હતું કે તે ચિંતાતુર હતી. ચોવીસ કલાક તેના પિતાના જ વિચારો તેને સતાવતા હતા. હવે તો તેનો માનીતો ક્રોકસ્ટોન પણ એ જ કારાવાસમાં હતો. તે એકદમ એકલતા અનુભવતી હતી. કપ્તાન તેની આ એકલતા દૂર કરવા, ચિંતામાંથી બહાર લાવવા તથા હિંમત આપવા શક્ય તેટલા પ્રયત્નો કરતા હતા.

''જેની, મને ક્રોકસ્ટોન પર પૂરો વિશ્વાસ છે. તે એક વફાદાર સેવક છે અને એની વફાદારી વિશે મારા કરતા તું ખૂબ સારી રીતે જાણે છે. મને ખાતરી છે કે ત્રણ દિવસમાં ક્રોકસ્ટોન તારા પિતાને છોડાવીને લઈ જ આવશે અને તું તારા પિતાને મળી શકીશ.''

''ક્રોકસ્ટોન પર મને પૂરો ભરોસો છે, પરંતુ તમે પણ અમારા જેવી અજાણી વ્યક્તિઓ માટે જે કર્યું છે તે કંઈ ઓછું નથી. હું કલ્પના પણ નથી કરી શકતી કે તમારા આ ઉપકારનો બદલો હું કેવી રીતે ચૂકવી શકીશ ?'' જેનીએ કહ્યું.

''જેની, જ્યારે સમય આવશે અને સલામતીપૂર્વક સ્કોટલેન્ડ પહોંચશું ત્યારે હું તને તે બદલા અંગે સામેથી કહી દઈશ. અત્યારે એ અંગે તું ચિંતા કરે તે મને પસંદ નહી પડે.''

જેની પોતાના પિતાની વહાલસોયી દીકરી હતી. લાંબા સમયથી તે તેને મળી શકી ન હતી. પિતાનું જીવન અત્યારે ભયમાં મૂકાયું હતું. તેવી સ્થિતિમાં તે એક પુત્રી અને સ્ત્રી તરીકે વધુ સમય સ્વસ્થ રહી શકે તે શક્ય જ ન હતું. કપ્તાન તરફના આ માયાળુ તથા આશ્વાસનના શબ્દો સાંભળી એના હૃદયમાં ભરેલી લાગણીના બંધ તૂટી ગયા. એ મોકળા મને મોટેથી રડી પડી. કપ્તાને માંડ માંડ એને શાંત કરી. જેની ફરીથી પોતાની કૅબિનમાં પૂરાઈ ગઈ.

જનરલ બ્યોરગાર્ડે પકડાયેલા યુદ્ધકેદીઓ અંગેની ફરિયાદ કૉનફેડરેટ્સના રિચમોન્ડ ખાતેના મંત્રીમંડળને કરી હતી. તેનો જવાબ લઈ સંદેશવાહક આવી પહોંચ્યો હતો. એ મુજબ મિસ્ટર હેલીબર્ટ અને તેના સાથી યુદ્ધકેદીઓને મૃત્યુદંડ આપવા અંગેનું ફરમાન હતું. આ સમાચાર ઝડપથી સમગ્ર ચાર્લસ્ટનમાં ફેલાઈ ગયા હતા. આ બાજુ કપ્તાન ઈચ્છતા હતા કે આ અંગેની કોઈ પણ માહિતી જેની સુધી ન જ પહોંચે. આવા સમાચાર સાંભળી જેની પોતાને સંભાળી નહી શકે.

પરંતુ કપ્તાનની આવી ઈચ્છા પૂરી થઈ નહી. ચાર્લસ્ટનનગરમાં ગયેલો એક ખલાસી આ સમાચાર જાણી લાવ્યો હતો. જેનીની હાજરીનું ભાન રાખ્યા વગર જ હેલીબર્ટને દેહાંતદંડ આપવાના ફતવા અંગેના સમાચાર તેણે કપ્તાન જેમ્સને જણાવ્યા. જેનીના માથા પર આભ તૂટી પડવા જેવા એ કાતિલ સમાચાર હતા. પોતાના પર એ કાબૂ રાખી શકી નહી. તેને શાંત પાડતા અને આશ્વાસન આપતા કપ્તાન કેબિનમાં લઈ ગયા.

થોડી વાર પછી કેબિનમાં જેનીએ આંખો ખોલી કપ્તાન પોતાના હોઠ પર આંગળી મૂકી તેની સામે ઊભા હતા. કેબિનમાં શાંતિ છવાયેલી હતી. કપ્તાને તેની તરફ વળી નમ્ર અવાજે કહ્યું,

‘‘વિશ્વાસ રાખ, હું માત્ર બે જ કલાકમાં તારા પિતાને લઈને તારી સામે આવીશ. તે માટે મારે ગમે તેટલું જોખમ ખેડવું પડે કે ગમે તે કિંમત ચૂકવવી પડે. તેની હું ચિંતા કરીશ નહી, પરંતુ હું પાછો આવું ત્યાં સુધી તારે મારા પર ભરોસો રાખવો પડશે.’’

આટલું કહી કપ્તાન કેબિનની બહાર નીકળી ગયા. તેઓ મનમાં ને મનમાં બબડી રહ્યા હતા,

‘‘હવે મારે ગમે તે રીતે જેનીના પિતાને છોડાવવા પડશે. એ માટે મારી પોતાની જિંદગી, ખલાસીઓ અને મારી આ ડોલ્ફિનને પણ દાવ પર કેમ ન લગાવવાં પડે ?’’

ડોલ્ફિનના ફાલકામાં રૂની ગાંસડીઓ ભરવાનું કામ સવાર સુધીમાં જ પૂરું થઈ ગયું હતું. લગભગ બે કલાકમાં જ ડોલ્ફિન વળતી સફર શરૂ કરી શકે તેમ હતું. એ સમયે ખાડીમાં ભરતીનું જોર કેવું રહેશે તેનો ખ્યાલ મેળવવા કપ્તાન ઉત્તરના વેપારી ડક્કા પર ગયા. ખાડીમાં એ સમયે જ ભરતીની શરૂઆત થઈ હતી. આ ભરતી રાત્રે નવ વાગે મહત્તમ હશે અને ત્યાર બાદ ઓટની શરૂઆત થવાની હતી. ડોલ્ફિન એ ઓટનો લાભ લઈને વળતી સફરની શરૂઆત કરી શકે તેમ હતી.

બે કલાકમાં જેની તેના પિતાને મળી શકશે એવી હૈયાધારણ કપ્તાને તેને આપીને ગયા હતા. એ વાતને સાંજના સાત વાગ્યા હતા. ડોલ્ફિનનાં લંગર ઉપાડવા માટે બધી તૈયારીઓ કરી લેવા ઉપકપ્તાન મેથ્યુને કપ્તાને જણાવ્યું.

‘‘નવ વાગ્યા સુધી ડોલ્ફિન વળતી સફર માટે તૈયાર થઈ જશે.’’ મેથ્યુએ વળતો જવાબ આપ્યો.

‘‘ડોલ્ફિનનાં બૉઈલરોમાં કોલસા પૂરવાનું ચાલુ કરી દો. વરાળના દબાણને મહત્તમ સપાટીએ લઈ જાવ. રાત્રે નવ વાગે આપણે ડોલ્ફિનનું લંગર ઉપાડવાનું છે.’’

જેનીના પિતાને છોડાવવા માટેની યોજનાની અત્યાર સુધી કપ્તાન, ક્રોકસ્ટોન અને જેનીને જ માહિતી હતી. જહાજના પ્રથમ અધિકારી એવા મેથ્યુને પણ એ સંબંધે

વિશ્વાસમાં લેવાનું હવે જરૂરી હતું. ખરો કસોટીનો સમય હવે જ શરૂ થવાનો હતો. કપ્તાને સંપૂર્ણ યોજના મેથ્યુને જણાવી. એ યોજનાની સફળતા માટે હવે મેથ્યુના સહકારની ખાસ જરૂર પડવાની હતી !

''રાત્રે નવ વાગે ડોલ્ફિનનું લંગર ગમે તે રીતે ઉપાડવાનું છે અને તે અંગેની જવાબદારી તમને સોપું છું. તેમાં થોડો પણ વિલંબ ન થવો જોઈએ.'' કપ્તાને તાકીદ કરી.

''હા જી ! એમાં એક ઘડીનો વિલંબ નહી થાય.'' મેથ્યુએ જવાબ આપ્યો.

''આપણા છ ચુનંદા ખલાસીઓ અને એક બચાવનૌકા તૈયાર કરો. હું તેમાં જેનીના પિતાને બચાવવા વ્હાઈટ પૉઈન્ટ જઈશ રાત્રે ૯ વાગે સ્ટીમરના આગલા તૂતકના મુખ્ય કૂવાસ્તંભ પર એક ફાનસ સળગતું રાખવાનું છે. જેથી અમોને પાછા ફરતા ડોલ્ફિનને શોધવામાં તકલીફ ન પડે. રાત ઘણી અંધારી છે સાથે ધુમ્મસ પણ બહુ ગાઢ છે. તેથી ખાડીમાંથી બહાર નીકળતા ધ્યાન રાખવું પડશે. નાની ગફલત પણ આપણને બહુ મોંઘી પડી શકે છે. આ સિવાય તમો જ્યારે ૯ વાગે સ્ટીમર ઉપાડો ત્યારે એના સંકેતરૂપે સ્ટીમરનું ભૂંગળું વગાડશો કે જેથી અમને ખબર પડે.'' કપ્તાન બોલ્યા.

''કપ્તાન, તમારા બધા જ આદેશોનો અમલ એકદમ ચોકસાઈથી થશે.''

''અને હા, જેનીને હું તમારી પાસે છોડીને જાઉં છું. ભગવાન તમારી રક્ષા કરશે.''

મેથ્યુએ કપ્તાનના આદેશોનો તુરંત જ અમલ શરૂ કર્યો. સૌ પ્રથમ તેમણે ડોલ્ફિનનાં બૉઈલરોમાં કોલસા નાખવાનો આદેશ આપ્યો. છ ચુનંદા ખલાસીઓની પસંદગી કરી એક બચાવનૌકા તૈયાર કરવામાં આવી. કપ્તાને છેલ્લે જેનીને મળી તેને ધીરજ રાખવા કહ્યું. નૌકામાં પોતાનું સ્થાન લીધું. તેમણે જોયું કે ડોલ્ફિનની ચીમનીઓમાંથી કાળા ધુમાડાના ગોટા નીકળી ધુમ્મસમાં વિલીન થઈ રહ્યા હતા.

ધુમ્મસઘેરી અંધારી રાતે વ્હાઈટ પૉઈન્ટનો રસ્તો શોધવો એટલો આસાન ન હતો. આખો દિવસ કપ્તાને તે અંગેનો વ્યૂહ અને રસ્તાની જાણકારી મેળવી લીધી હતી. કપ્તાન નૌકાના આગળના ભાગમાં બેઠા બેઠા ખલાસીઓને રસ્તા અંગે દોરવણી આપી રહ્યા હતા. ખાડીમાં ભરતી વધતા ખાડીનાં પાણીની સપાટી ઊંચી આવતી જતી હતી.

રાત્રે ૮ વાગે જ્યારે નૌકા વ્હાઈટ પૉઈન્ટ પહોંચી ત્યારે સેન્ટ ફિલિપ્સ દેવળનો ઘંટારવ સંભળાયો. કરોકસ્ટોને ૯ વાગ્યાનો સમય આપ્યો હતો. તેને હજુ એક કલાક બાકી હતો. ત્યાં સુધી તેમણે અહી તેની રાહ જોવાની હતી. વ્હાઈટ પૉઈન્ટનો ડક્કો એકદમ ભેંકાર હતો. અહી દક્ષિણ અને પૂર્વે આવેલા તોપખાનાના સૈનિકો સિવાય

કોઈની અવરજવર રહેતી ન હતી. કપ્તાન જેમ્સ અને તેના છ ખલાસીઓ નૌકામાં બેઠા રાહ જોઈ રહ્યા હતા. કપ્તાન જેમ્સને એક-એક મિનિટ એક એક કલાક જેવી લાંબી લાગતી હતી.

૮.૩૦ના સુમારે કોઈનાં પગલાંનો અવાજ નજીક આવતો સંભળાયો. અવાજ સતત વધતો જતો હતો. કોઈક વ્યક્તિઓ આ તરફ આવતી હોય તેનો તે સ્પષ્ટ અણસાર હતો. કપ્તાને ખલાસીઓને હલેસાં સાથે તૈયાર રહેવા જણાવ્યું. કોણ આ તરફ આવી રહ્યું છે તેની ખાતરી કરવા તેઓ નૌકા પરથી ઊતરી ડક્કા ઉપર ગયા. હજુ તો માંડ દસેક ડગલાં જેટલા આગળ ગયા હશે ત્યાં સામેથી આશરે ૨૦ માણસોની ટુકડી તેમની તરફ આવતી દેખાઈ. સલામતી માટે કદાચ ઉપયોગ કરવો પડે તે માટે તેમનો હાથ તરત જ તેમની કમર પરની રિવૉલ્વર ઉપર ગયો, પરંતુ તે નાની શી ફટાકડી આટલી મોટી સંખ્યામાં આવતા સૈનિકો સામે નિરર્થક હતી.

સૈનિક ટુકડીનો નેતા હોય તેવો માણસ જેમ્સને જોઈ તરત જ તેમની પાસે આવ્યો. નૌકાને જોઈને કપ્તાનને પૂછ્યું,

''આ નૌકા કોની છે ?''

''આ ડોલ્ફિન સ્ટીમરની બચાવનૌકા છે.'' કપ્તાન બોલ્યા.

''અને તમે કોણ છો ?'' સૈનિકે રુક્ષતાથી પૂછ્યું.

''કપ્તાન જેમ્સ પ્લેફેર.''

''કપ્તાન, મને લાગ્યું કે તમે અત્યાર સુધી ડોલ્ફિનનું લંગર ઉપાડી લીધું હશે અને તમે ચાર્લસ્ટનની ખાડીમાં હશો.''

''હું નીકળવા માટે તૈયાર જ છું અને કદાચ અત્યાર સુધી નીકળી પણ ગયો હોત, પરંતુ...''

''પરંતુ શું ? કપ્તાન...'' સૈનિકે પૂછ્યું.

કપ્તાનના મગજમાં સરસ બહાનું સૂઝી ચૂક્યું હતું. તેમણે તરત જ જવાબ આપ્યો, ''મારો એક ખલાસી ચાર્લસ્ટનના કેદખાનામાં છે. તેણે પ્રવાસ દરમિયાન ખલાસીઓને ભડકાવી બળવો કરાવવા પ્રયત્ન કરેલો તેથી મેં જ જનરલને અમે પાછા ન જઈએ ત્યાં સુધી કેદીને કેદમાં રાખવા વિનંતી કરી હતી. ખરું કહું તો સ્ટીમરમાં માલસામાન ઉતારવા અને ચઢાવવાની કામગીરીમાં હું તેને ભૂલી જ ગયો હતો. છેલ્લે સ્ટીમર ઉપાડવાના સમયે મને તેની યાદ આવી. તેથી હું અહીં તેને લેવા આવ્યો છું. મેં મારા એક માણસને તેને કેદખાનામાંથી છોડાવી અહીં લઈ આવવા મોકલ્યો છે.''

''ઓહ ! તો એ વ્યક્તિને કારણે તમારે ડોલ્ફિનનું લંગર ઉપાડવામાં વિલંબ થયો. તમે ખરેખર એને પરત લઈ જવા માગો છો ?''

''હા.'' કપ્તાને કહ્યું.

''કપ્તાન, તમે એવા વિદ્રોહીને અહી મૃત્યુદંડ આપો કે સ્વદેશ લઈ જઈ મૃત્યુદંડ આપો શું ફેર પડે છે ? બધું સરખું જ છે ને ! આવા વિદ્રોહીને પાછા લઈ જવાની ખોટી ઉપાધિ તમે વહોરી રહ્યા છો.'' સૈનિક બોલ્યો.

''તમારી વાત ખરી છે, પરંતુ તે બ્રિટનનો નાગરિક છે અને તેના પર ત્યાંના કાયદા મુજબ જ મુકદ્દમો ચલાવી સજા થાય એ જ યોગ્ય છે.''

સૈનિકે હવે વાત બદલતા કહ્યું, ''કપ્તાન, જ્યારે તમે મોરિશ ટાપુ પરના તોપખાનાના તોપગોળાઓનો સામનો કરી અહીંથી નીકળશો ત્યારે તમને ખ્યાલ આવશે. એ તમારે માટે ખૂબ જોખમકારક નીવડશે.''

''મને એનો ડર લાગતો નથી. હું એ જ તોપખાના અને ફેડરલ નૌકાદળના હાથમાંથી છટકી સલામત રીતે ચાર્લસ્ટનના બારામાં આવ્યો હતો અને આમાંથી સલામત રીતે હું પાછો પણ જઈશ.''

''તમારી યાત્રા મંગલમય રહે !'' સૈનિકે વળતી મુસાફરીની સફળતા માટે શુભેચ્છા પાઠવી.

''તમારો ખૂબ ખૂબ આભાર.'' કપ્તાન બોલ્યા,

કપ્તાન જેમ્સ સાથે આટલી વાતચીત કરીને સૈનિકો એમના રસ્તે અદૃશ્ય થયા. કિનારો ફરીથી નિર્જન બની ગયો. ચારેબાજુ ફરીથી સ્મશાનવત્ શાંતિ પથરાઈ ગઈ.

નવ વાગી ગયા હતા. ક્રોકસ્ટોને નક્કી કરેલો સમય થઈ ગયો હતો, પરંતુ ક્યાંય ક્રોકસ્ટોન અને હેલીબર્ટ દેખાતા ન હતા. મેથ્યુને ૯ના ટકોરે ડોલ્ફિનનું લંગર ઉપાડી લેવા સૂચના અપાઈ હતી. તેનો ઉપડ્યાનો સંકેત આપતો ભૂંગળાનો અવાજ સંભળાયો. હવે કપ્તાનના હૃદયના ધબકારા વધી ગયા. જાણે નસોમાં વહેતું લોહી થીજી ગયું. તે ખૂબ જ ચિંતાતુર બની ગયા. એમના મગજમાં એક જ વિચાર હતો કે હેલીબર્ટને લીધા વિના એ જેની પાસે કયા મોંઢે જશે ? બરાબર એ જ સમયે કોઈ વ્યક્તિ તેમની તરફ આવતી હોય તેવો અવાજ આવ્યો. એક ખૂલતો ઝભ્ભો પહેરેલો માણસ આ તરફ આવી રહ્યો હતો. કપ્તાન ઝડપથી તેની તરફ દોડ્યા અને તેને પૂછ્યું, ''મિસ્ટર હેલીબર્ટ ?!''

''હા જી ! હું જોનાથન હેલીબર્ટ છું.'' નવા આગંતુકે કહ્યું.

‘‘ભગવાનની કૃપા છે કે તમો સમયસર અને સહીસલામત રીતે અહી પહોંચી ગયા, પરંતુ ક્રોકસ્ટોન ક્યાં છે ?’’ કપ્તાને પૂછ્યું.

હેલીબર્ટ એકદમ આશ્ચર્યમાં મૂકાઈ ગયા, ‘‘ક્રોકસ્ટોન ! એટલે તમારો કહેવાનો મતલબ શું છે ?’’

‘‘જેણે તમને આ કેદખાનામાંથી મુક્તિ અપાવી અને અહી સુધી સહીસલામત લઈ આવ્યો એ તમારો માનીતો સેવક ક્રોકસ્ટોન !’’ કપ્તાને કહ્યું.

‘‘પરંતુ મને તો કેદખાનાના જેલરે મુક્ત કરાવ્યો અને તે જ મને અહી સુધી સલામત રીતે લઈ આવ્યો. ક્રોકસ્ટોન વિશે મને કશી ખબર નથી.’’

કપ્તાન જેમ્સ હવે વધુ આશ્ચર્યમાં મૂકાઈ ગયા. હેલીબર્ટ સમયસર સલામત નિશ્ચિત કરેલા સ્થળે કેદખાનામાંથી છટકી પહોંચી ગયા હતા. આ યોજના માત્ર કપ્તાન, ક્રોકસ્ટોન અને જેનીની વચ્ચે હતી તો પછી.. તેમને કંઈ સમજાતું ન હતું.

‘‘મિસ્ટર હેલીબર્ટ ખરા છે, જેલરે જ તેમને છોડાવ્યા છે.’’ બાજુમાંથી પરિચિત અવાજ આવ્યો, ‘‘જેલર અત્યારે મારી કોટડીમાં બેભાન અવસ્થામાં પડેલો છે.’’

‘‘ક્રોકસ્ટોન તું ?! ખરેખર મને વિશ્વાસ નથી આવતો કે તું અહી આ જેલરના કપડાંમાં હોય ! આ બધું શું છે ?’’ જોનાથન હેલીબર્ટ આશ્ચર્યથી બોલી ઊઠ્યા.

‘‘મારા માલિક, હવે આ વાતો કહેવા માટે હમણાં સમય નથી. હમણાં આપણે શક્ય તેટલી ઝડપથી ભાગવું પડશે. હવે આપણા માટે જીવન-મરણનો પ્રશ્ન છે.’’ ક્રોકસ્ટોન બોલ્યો.

કપ્તાને કહ્યું, ‘‘ચાલો ઝડપથી...’’

આ સાથે જ ત્રણે જણાં બચાવનૌકામાં ગોઠવાઈ ગયાં.

‘‘નૌકા ચલાવો ઝડપથી... ડોલ્ફિન તરફ લઈ લ્યો.’’ કપ્તાને આદેશ આપ્યો.

છએ ખલાસીઓ ઝડપથી હલેસાં મારવા માંડ્યા. બચાવનૌકા તીરની ઝડપે ચાર્લસ્ટનની ખાડીમાં ડોલ્ફિન તરફ આગળ વધી...

❐

# બે જ્વાળાઓની વચ્ચે

૯

રાત્રિના સવા નવનો સમય હતો. ગાઢ રાત્રિના આ સમયે, ગાઢ ધુમ્મસમાં નૌકાને ડોલ્ફિન સુધી લઈ જવામાં ભારે મુશ્કેલી હતી. ડોલ્ફિન હવે બારામાં નિશ્ચિત સ્થાને ઊભી ન હતી, પરંતુ કપ્તાનની સૂચના મુજબ મેથ્યુએ તેનું લંગર ઉપાડ્યું હતું. ચાર્લસ્ટનની ખાડીમાં જ અનુમાન લગાવી તેને શોધવાની હતી. કપ્તાન પોતાના અનુમાનને આધારે નૌકાને આગળ દોરી રહ્યા હતા. નૌકામાં સંપૂર્ણ શાંતિ હતી. એક શબ્દ પણ કોઈ ઉચ્ચારી રહ્યું ન હતું. મિસ્ટર હેલીબર્ટના મગજમાં અનેક પ્રશ્નો ઘૂમરાઈ રહ્યા હતા.

નૌકા ચાર્લસ્ટન બંદરની મધ્યમાં પહોંચી ત્યારે ક્રોકસ્ટોને પોતાના માલિકના મગજમાં ઘૂમરાતા પ્રશ્નોનું સમાધાન કરવા માટે મોં ખોલ્યું,

‘‘મારા માલિક, જેલર અત્યારે કેદખાનામાં મારી કોટડીમાં બેહોશ અવસ્થામાં કેદ છે...’’ વાત આગળ ચલાવતા બોલ્યો, ‘‘રાત્રે જ્યારે વાળુ આપવા એ મારી કોટડીમાં આવ્યો ત્યારે મેં એના મોંઢા અને પેટમાં બે જબરજસ્ત મુક્કા માર્યા, તેને ત્યાં જ તમ્મર આવી ગયાં. ત્યાર બાદ સૌ પ્રથમ કામ મેં તેનાં કપડાં પહેરી, કોટડીની ચાવી લઈ તમને શોધી મુક્ત કર્યા. જેલરના કપડામાં જ બધા સૈનિકોની વચ્ચેથી તમને સલામતપૂર્વક અહીં લઈ આવ્યો.’’

હેલીબર્ટે પોતાના વફાદાર સેવકની બહાદુરીને બિરદાવી. કેદમાંથી મુક્તિ મળતા જ એમને પોતાની દીકરી જેનીની યાદ આવી, ‘‘મારી પુત્રી જેની... એ ક્યાં છે ?’’

તેમને શાંત પાડતા ક્રોકસ્ટોને જણાવ્યું,

‘‘જે જહાજમાં અમે આવ્યા, એમાં જ જેની અત્યારે સલામત છે અને તમારી રાહ જુએ છે... થોડી જ મિનિટોમાં આપણે જેની પાસે પહોંચી જઈશું.’’

પોતાની પુત્રી તેને બચાવવા માટે અહીં સુધી આવી તે જાણી મિ. હેલીબર્ટ ગદ્ગદિત થઈ ગયા.

ગાઢ અંધકાર અને ધુમ્મસથી ઘેરાયેલા વાતાવરણમાં જ્યારે દસ ફૂટ દૂરની વસ્તુ જોવામાં પણ મુશ્કેલી પડતી હોય ત્યારે આટલા મોટા બંદરમાં ડોલ્ફિનને તેના તૂતક ઉપર સળગતા ફાનસને આધારે શોધવાનું કામ મુશ્કેલ હતું. એના આગળના ભાગમાં સળગતું ફાનસ લટકાવવાની સૂચના કપ્તાને પહેલેથી આપી રાખી હતી. કપ્તાને દિવસ દરમિયાન ડોલ્ફિનના આટલા સમયમાં થયેલા પ્રવાસ અને સ્થાન અંગેનું અનુમાન

મૂકી જ રાખ્યું હતું. અનુભવ અને આંતરસૂઝને આધારે કપ્તાન જાતે જ નાની નૌકાને ઝડપથી આગળ ધપાવતા હતા. એમને પણ લાગતું હતું કે એઓ અંધારામાં જ આંધળો ગોળીબાર કરતા હતા, પરંતુ કપ્તાન પોતાના ડોલ્ફિન પરના અનુભવને આધારે ડોલ્ફિનની ઝડપનું અનુમાન લગાવી આગળ વધી રહ્યા હતા.

‘‘કપ્તાન, આપણે ઘણા આગળ આવી ગયા છીએ.’’ અંધારામાં ફાંફાં મારતો હોય એ રીતે ક્રોકસ્ટોન બોલ્યો,

‘‘હા, ક્રોકસ્ટોન. તને કંઈ ફાનસ જેવું દેખાય છે ખરું ?’’ કપ્તાને પૂછ્યું.

‘‘મારી આંખો આમ તો તેજ છે, પરંતુ એનાથી પણ કંઈ જ દેખાતું નથી.’’

ક્રોકસ્ટોનના આ શબ્દો હજુ માંડ પૂરા થયા હશે એ જ સમયે અંધારામાં ચાર્લસ્ટનનગર તરફથી તોપના અવાજો સંભળાયા. ગોળો તેમની ઉપર થઈને આગળ નીકળી ગયો હોય તેવું ક્રોકસ્ટોને અનુભવ્યું.

‘‘કેદીઓ કેદખાનામાંથી નાસી છૂટ્યા છે તેની આ લોકો જાહેરાત કરતા હોય તેમ લાગે છે. તેઓને આપણાં પરાક્રમોનો ખ્યાલ આવી ગયો છે.’’ કપ્તાને કહ્યું.

ત્યાં ઉપરાઉપરી બીજા બે ધડાકા થયા. આ ધડાકા નૌકાની સામેની બાજુ થયા હોય તેમ લાગ્યું. ક્રોકસ્ટોને પોતાની આંગળી ચીંધી સુમેરના કિલ્લા તરફ નિર્દેશ કર્યો. ચાર્લસ્ટનમાં થયેલા સંકેતાત્મક ધડાકાને કારણે કેદીઓ નાસી છૂટ્યા હોવાની ખબર ત્યાં પણ પડી ગઈ હતી.

આ ધડાકાઓને કારણે કપ્તાનને ડોલ્ફિનના સ્થાન અંગે ખ્યાલ આવી ગયો. ખલાસીઓને શક્ય હોય તેટલી ઝડપ કરવા પ્રોત્સાહિત કરતા બોલ્યા,

‘‘ખાતરી રાખો આપણી ડોલ્ફિન આપણાથી માત્ર ૮૦૦ વારના અંતરે જ છે અને તેનો ઘંટ પણ વાગી રહ્યો છે. તેનો અવાજ હું સાંભળી શકું છું. પાંચ મિનિટમાં આપણી આ નૌકાને ડોલ્ફિન પાસે પહોંચાડી શકો ? તો તમને દરેકને મારા તરફથી ૨૦ પાઉન્ડનું ઈનામ.’’

નૌકા ઝડપથી ડોલ્ફિન તરફ આગળ વધી રહી. ચાર્લસ્ટનમાં તોપોના ધડાકાના અવાજો પણ શરૂ થઈ ગયા. ડોલ્ફિન ઉપરના ઘંટનો અવાજ વધુ ને વધુ નજીક આવતો જતો હતો. કપ્તાન જોરથી બોલ્યા,

‘‘હવે માત્ર થોડી જ ક્ષણો અને આપણે ડોલ્ફિનના તૂતક પર હોઈશું અને જેની એના પિતા પાસે...’’

થોડી જ ક્ષણોમાં નૌકા ડોલ્ફિનની નજીક પહોંચી ગઈ. ડોલ્ફિનના ખલાસીઓ નૌકાની રાહ જોતા તેના તૂતક પર જ હતા. બચાવનૌકામાંથી તમામ ઝડપથી

ડોલ્ફિનના તૂતક ઉપર પહોંચી ગયા. એ સાથે નૌકાને પણ જહાજની ઉપર ખેંચી લેવામાં આવી. તૂતક ઉપર પગ મૂકતાની સાથે જ કપ્તાને ઉપકપ્તાન મેથ્યુને સીધો જ સવાલ પૂછ્યો,

‘‘બૉઈલરમાં વરાળનું દબાણ યોગ્ય સપાટીએ છે ને ?’’

‘‘હા, કપ્તાન.’’

‘‘તો ડોલ્ફિનને ઝડપથી આગળ વધારો.’’

બીજી જ પળે શરૂ થઈ ડોલ્ફિનની ગૃહયાત્રા. ડોલ્ફિન સુમેરના કિલ્લાથી શક્ય તેટલું દૂર રહીને પ્રિન્સિપાલ ચેનલ તરફ આગળ વધી.

‘‘મિસ્ટર મેથ્યુ, હવે સુલિવાનની ખાડીમાંથી જવું આપણા માટે હિતાવહ નહી હોય. એ માર્ગે જવામાં આપણે સીધા કૉનફેડરેટ્સ સૈન્યના તોપખાનાની મર્યાદાની અંદર થઈને પસાર થવું પડશે અને એ માર્ગ આપણે માટે ખૂબ જોખમી સાબિત થશે. ફેડરલ તોપખાનાની તોપોના ગોળા પહોંચી શકે નહી એ રીતે જમણી બાજુના માર્ગે જવાનું ઠીક રહેશે.’’

‘‘હું તમારી વાત સાથે સમંત છું, આપણે એ જ રસ્તે આગળ વધીએ છીએ.’’ મેથ્યુએ જવાબ આપ્યો.

‘‘તૂતક પર સળગતા ફાનસ તથા અન્ય દીવાઓ બુઝાવી દો. તેને સળગતા રાખવામાં વધુ જોખમ છે. અંધકારમાં એનું લક્ષ્ય આપણને ડૂબાડી શકે તેમ છે. બૉઈલરમાં સળગતા અગ્નિનો પ્રકાશ થોડો બહાર આવે છે, પરંતુ એ માટે આપણે કંઈ કરી શકીએ એમ નથી.’’ કપ્તાને કહ્યું.

ડોલ્ફિન ચાર્લસ્ટનની ખાડીમાં ઝડપથી આગળ વધી રહી હતી. થોડી જ મિનિટોમાં તેણે પ્રિન્સિપાલ ચેનલમાં પ્રવેશ કરવાનો હતો. હવે સુમેરનો કિલ્લો ત્યાંથી એકદમ નજીક જ હતો. ડોલ્ફિન અડધા માઈલ જેટલી માંડ આગળ વધી હશે ત્યાં તો સુમેરના કિલ્લા ઉપરની બધી જ તોપો એક સાથે ગરજી ઊઠી. બધા ગોળા ડોલ્ફિનની આજુબાજુમાં જ પડ્યા, પરંતુ એનું નિશાન અંધારામાં છોડાયેલા તીર જેવું જ હતું. કોઈ ચોક્કસ લક્ષ્ય હતું જ નહી. ડોલ્ફિન આવા ગોળાઓના મારાથી સાંગોપાંગ આગળ વધી રહ્યું. દરમિયાન કપ્તાને બૉઈલર ઈજનેરને જોરથી બૂમ પાડી,

‘‘ઝડપ વધારો... આપણે બે જ્વાળાઓની વચ્ચે ફસાયા છીએ... આપણા માટે આ જીવનમરણનો પ્રશ્ન છે...’’

બૉઈલરમાં કોલસા નાખનાર ખલાસીઓ અવિરત કોલસા ઠાલવી રહ્યા હતા. સતત વધતી આગથી વરાળનું દબાણ ઊંચું ને ઊંચું જતું હતું. ડોલ્ફિનનાં બૉઈલરોમાં

ગરમી મહત્તમ સપાટી પર હતી. તેના પિસ્ટનો ઝડપથી ઉપરનીચે થઈ રહ્યા હતા અને એનાં એન્જિનો મહત્તમ શક્તિથી કામ કરતાં હતાં. પરિણામે આખી ડોલ્ફિન સ્ટીમરમાં એક ધ્રુજારી અનુભવાતી હતી.

સુમેરના કિલ્લામાં ફરી એક વાર તોપો એકીસાથે ગરજી ઊઠી. આ વખતે પણ બધા ગોળા ડોલ્ફિનની આજુબાજુમાં પડ્યા. કપ્તાન ખુશી અને જુસ્સા સાથે ગરજી ઊઠ્યા,

''મૂર્ખ કૉનફેડરેટ્સ, નિશાન લેતા પણ હજી નથી શીખ્યા !!''

ત્યાં ઊભેલા ક્રોકસ્ટોન બોલી ઊઠ્યો, ''હવે માત્ર થોડી મિનિટો પછી આપણે આ કૉનફેડરેટ્સની તોપોના ગોળાની મર્યાદાની બહાર નીકળી જઈશું !''

''તને ખાતરી છે કે ત્યાર પછી આપણે જોખમની બહાર હોઈશું ?''

''ના. સંપૂર્ણ જોખમ નહી ટળે. આપણે માત્ર સુમેરના કિલ્લાના તોપખાનાથી બચી શકીશું, પરંતુ સુલિવાન ટાપુ પરના મોલટ્રાયના કિલ્લામાં કૉનફેડરેટ્સના સૈન્યનો મોટો જમાવ છે, પરંતુ તેની તોપોને આપણા પર આક્રમણ માટે માત્ર એકાદ મિનિટ જેટલો સમય માંડ મળશે. માત્ર એટલા જ સમયમાં તેઓ આપણા પર આક્રમણ કરી શકે તેમ છે. તે પછી તેમને બીજો મોકો મળે તેમ નથી.'' ક્રોકસ્ટોન બોલ્યો.

''ક્રોકસ્ટોન, તારી જાણકારી સાચી છે. એક વખત મોલટ્રાયના કિલ્લાની તોપોથી બચી નીકળી જઈએ પછી તો આપણે સીધા પ્રિન્સિપાલ ચેનલનો જ માર્ગ પકડવાનો છે. જે આપણા માટે વધુ સલામત છે.'' કપ્તાને કહ્યું.

બરાબર એ જ સમયે સુમેરનો સમગ્ર કિલ્લો પ્રકાશથી ઝળહળી ઊઠ્યો. એક ભયંકર ધડાકો સંભળાયો અને સ્ટીમર પર કંઈ અથડાયું હોય તેવો અવાજ થયો. નિશાન ડોલ્ફિનને બરાબર લાગ્યું હોય તેવું સૌ પામી ગયા.

ક્રોકસ્ટોને બૂમ પાડી, ''આ વખતે તોપગોળો ડોલ્ફિનને વાગ્યો છે.''

કપ્તાને મેથ્યુને બૂમ મારી પૂછ્યું, ''ગોળો સ્ટીમરને ક્યાં વાગ્યો છે ? સ્ટીમરને કેટલું નુકસાન પહોંચ્યું છે તે ઝડપથી તપાસ કરી જણાવો.''

''કપ્તાન, પાછલા કૂવાસ્તંભને ગોળો અથડાયો છે. તે સંપૂર્ણપણે તૂટી ગયો છે, પરંતુ ચિંતાનો વિષય નથી. ડોલ્ફિન સલામત છે.''

''કોઈ ખલાસીને ઈજા તો નથી થઈ ને ?''

''ના. કપ્તાન, બધા જ સહીસલામત છે.''

હાશ અનુભવતો હોય તે રીતે ક્રોકસ્ટોન બોલ્યો,

‘‘હવે આપણે કૉનફેડરેટ્સની પ્રહારમર્યાદાની સંપૂર્ણ બહાર છીએ. એમના તરફથી આપણને હવે કોઈ ખતરો નથી. આપણે જો એ લોકોના તોપગોળાનો જવાબ સામા તોપગોળાઓથી આપવાનો હોત તો મેં પહેલા ફેડરલ સૈન્ય પર નિશાન તાક્યું હોત.’’

પરંતુ ડોલ્ફિન હજુ સંપૂર્ણ સલામત ન હતી. મોરિશ ટાપુ પરના ફેડરલ નૌકાદળ અને તેનાં તોપખાનાઓ પસાર થવાનાં બાકી હતાં. ફેડરલ સૈન્યની તોપોની મારણ ક્ષમતા ડોલ્ફિનને ડૂબાડવા માટે પૂરતી હતી. સુમેરના અને મોલટ્રાયના કિલ્લા પરથી થયેલા તોપોના ધડાકાઓને લીધે અહીના ફેડરલ થાણાં પણ સાબદાં બની ગયાં હતાં. તેમને આવો પ્રહાર ડોલ્ફિન પર થઈ રહ્યો છે તેવો ખ્યાલ ન હતો, પરંતુ કૉનફેડરેટ્સ સૈન્યના આક્રમણને કારણે વળતો જવાબ આપવા તેઓ તૈયાર જ હતા.

ડોલ્ફિન મોરિશ ટાપુ પાસેથી પસાર થઈ ત્યારે ફેડરલ સૈન્યનું તોપખાનું પણ તેના પર વરસી પડયું હતું. માત્ર પંદર મિનિટ જેટલા સમયમાં અનેક ગોળાઓ અને અતિજ્વલનશીલ એવા ટેટા ફેડરલ તોપોએ ઓકી કાઢ્યા. જેમાંના કેટલાક ગોળાઓએ ડોલ્ફિનને થોડું નુકસાન પણ પહોંચાડયું હતું, પરંતુ કોઈ જાનહાનિ થઈ ન હતી. ઉપરાંત ડોલ્ફિનના બંને પડખાં પણ સલામત હતા. ડોલ્ફિનને લંગડી બનાવી દે તેવો કોઈ ઘા ડોલ્ફિનને થયો ન હતો.

બંને તરફથી તોપગોળાની આ વર્ષા થવાની જ હતી એવો કપ્તાનને ખ્યાલ હતો જ. તેથી સલામતીના કારણોસર તેમણે જેની તથા તેના પિતાને તેમની કૅબિનમાં જ રહેવાનો આદેશ આપ્યો હતો. તેની અવગણના કરીને તેઓ બંને સ્ટીમરના તૂતક પર દોડી આવ્યાં. કપ્તાને તેમને તૂતક પર ન રહેવા અને ત્વરાએ કૅબિનમાં પાછા જવા કહ્યું, પરંતુ જેનીએ એનો સ્પષ્ટ ઈનકાર કર્યો. તેણે કપ્તાન સાથે તૂતક પર જ રહેવા જીદ કરી. જેનીએ તેના પિતા હેલીબર્ટની મુક્તિ માટે કપ્તાન જેમ્સે કરેલી સહાય અને તેમણે ખેડેલા જોખમ અંગે બધી વાત તેના પિતાને કરી દીધી હતી. હેલીબર્ટ પાસે કપ્તાન જેમ્સનો આભાર માનવા માટે શબ્દો પણ ન હતા. તેમણે માત્ર કપ્તાનનો હાથ પોતાના હાથમાં લઈ હાવભાવથી જ આભાર વ્યક્ત કર્યો.

ડોલ્ફિન ચાર્લસ્ટનની ખાડીમાં ઝડપથી આગળ વધતી હતી. હવે તે ખુલ્લા આટલાંટિક મહાસાગરમાં પ્રવેશથી માત્ર ૩ માઈલ જેટલી દૂર હતી. એકવાર આટલાંટિકમાં પ્રવેશ બાદ તેને કોઈ રોકી શકવાનું ન હતું. કપ્તાન જેમ્સ પ્લેફેર પોતાના અનુભવ અને હિંમતને કારણે જ ચાર્લસ્ટનની છીછરી ખાડીમાં, જ્યારે દિવસે પણ હંકારવું મુશ્કેલ હોય ત્યારે રાત્રિના કાળા અંધકારમાં, યોગ્ય સંચાલન કરી તેને અહી સુધી દોરી લાવ્યા હતા. આ કોઈ સામાન્ય કપ્તાનનું કામ ન હતું. તે માટે કપ્તાન જેમ્સ જેવો બહાદુર અને બુદ્ધિશાળી કપ્તાન જ સક્ષમ હતો. હવે કપ્તાનને આ જોખમી

દાવમાં વિજય નિશ્ચિત દેખાતો હતો. ડોલ્ફિન આટલાંટિક મહાસાગરમાં પ્રવેશે પછી તેને રોકવી લગભગ અશક્ય હતી. આ વિચારો કપ્તાનના મગજમાં ચાલતા હતા ત્યાં જ તૂતક પરથી ખલાસીએ બૂમ પાડી,

''કપ્તાન... જહાજ... કપ્તાન ફેડરલ નૌકાદળનું જહાજ...''

આવા શબ્દો સાંભળતા જ કપ્તાન જેમ્સ ચોંકી ઊઠ્યા અને જોરથી પૂછ્યું, ''જહાજ... ક્યાં છે જહાજ ?''

''સ્ટીમરની ડાબી બાજુ'' ખલાસીએ જવાબ આપ્યો. નૌકાદળની વિનાશિકા તેની સમાંતર આગળ વધી રહી હતી. ડોલ્ફિન માટે આ એક નવી જ મુસીબત હતી. ડોલ્ફિન આનાથી પીછો છોડાવવામાં અસફળ રહે તો તેને માટે આ વિનાશિકા ઘાતક નીવડે તેમ હતી. તેની તોપો પણ ડોલ્ફિન સામે ગોળાઓ ઝીકવા તૈયાર હતી. હવે ડોલ્ફિન માટે એક જ રસ્તો હતો, પોતાની ઝડપ હજુ વધારી વિનાશિકાથી સલામત અંતરે નીકળી જવાનો.

કપ્તાને આદેશ આપ્યો, ''જહાજનું સુકાન જમણી બાજુ ફેરવો.''

ખલાસીઓએ સ્ટીમરનો મોરો તે તરફ ફેરવ્યો અને ડોલ્ફિન સામે ચેનલના મુખ તરફ ઝડપથી આગળ વધળા માંડી, પરંતુ અમેરિકી નૌકાદળની વિનાશિકાની ચીમનીઓમાંથી નીકળતા કાળા ધુમાડા સૂચક હતા કે વિનાશિકા પણ તેની મહત્તમ ઝડપે આગળ વધી રહી હતી.

કપ્તાને ઈજનેરને પૂછ્યું, ''એન્જિનો અત્યારે કેટલી ક્ષમતાથી કાર્યરત છે ?''

''બંને એન્જિનો તેની મહત્તમ ક્ષમતા ઉપર કાર્યરત છે. અત્યારે જહાજનો દરેક વાલ્વ વરાળો ઓકી રહ્યો છે.'' ઈજનેરે ઉત્તર આપ્યો.

''પરંતુ હજુ ઝડપ વધારો. તેમનાથી વધુ આગળ નીકળી જવાનું ખૂબ જરૂરી છે.'' કપ્તાનનો આદેશ છૂટ્યો.

તેમના આદેશનો તુરંત અમલ થયો. વધુ ને વધુ કોલસા ડોલ્ફિનનાં બૉઈલરોમાં પૂરાવા લાગ્યા. એન્જિનનો પિસ્ટનો ભયજનક ઝડપે ઉપર નીચે થઈ રહ્યા હતા. એન્જિન જે પાયા ઉપર બેસાડવામાં આવ્યું હતું તે પણ દરૂજી રહ્યા હતા. ડોલ્ફિનની ઝડપ થોડી વધુ વધી હતી. તેની મહત્તમ ઝડપ પર હોવા છતાં તે વિનાશિકાથી વધુ અંતર જાળવી શકતી ન હતી. આવા ઝડપે તેનાથી પીછો છોડાવી શકાય તેમ ન હતું અને આવી સ્થિતિમાં ડોલ્ફિન માટે જોખમ વધુ હતું.

કપ્તાને પાછો આદેશ આપ્યો, ''હજુ વધુ કોલસા નાખો. હજુ વધુ ઝડપે આગળ વધો...''

''સલામતી માટેના વાલ્વમાંથી નીકળતી વધારાની વરાળને પણ નીકળતી બંધ કરી દેવામાં આવી છે. ઇંધણની ભઠ્ઠીઓ પણ સંપૂર્ણ ભરાયેલી છે. તેમાં હવે વધુ કોલસા નાખી શકાય તેમ નથી.'' ઈજનેરે નિરાશાવાદી જવાબ આપ્યો.

હવે ડોલ્ફિન અને તેની ઉપરની દરેક વ્યક્તિનો જીવ જોખમમાં મૂકાયો હતો ત્યારે કપ્તાન જેમ્સે છેલ્લે અતિ જોખમીદાવ ખેલવાનું નક્કી કર્યું. જોરથી બોલ્યા,

''સ્ટીમરના ભંડકિયામાં રહેલી રૂની ગાંસડીઓને તેલમાં ઝબોળીને એન્જિનની ભઠ્ઠીમાં નાખો.''

ખલાસીઓ કપ્તાનના આવા આદેશથી ચોંકી ઊઠ્યા, પરંતુ એ કપ્તાનનો આદેશ હતો. એનો તુરંત અમલ કરવામાં આવ્યો. રૂની થોડી ગાંસડીઓ તોડીને તેના ગાભા બનાવી, તેલમાં ઝબોળીને બૉઈલરમાં નાખવામાં આવ્યા. અતિજ્વલનશીલ તેલને કારણે બૉઈલરમાં ભયજનક પ્રમાણ કરતા પણ ગરમી વધી ગઈ. ભઠ્ઠીમાં આગની જ્વાળાઓ ભડભડ અવાજ સાથે લપકારા લેતી હતી. એવા આતંકિત અવાજમાં ખલાસીઓની વાતચીતનો અવાજ પણ ડૂબી ગયો. બૉઈલરની બહારનું રક્ષાકવચ પણ ગરમીથી લાલચોળ થઈ ગયું. ખલાસીઓએ પણ એન્જિનરૂમની ગરમીથી ત્રાસી થોડા થોડા સમયે તૂતક પર ખુલ્લામાં આવવું પડતું હતું. કપ્તાનનું જોખમ સફળ થયું હોય તેમ ડોલ્ફિનની ઝડપ વધી ગઈ તે આટલાંટિકની દિશામાં તીરની ઝડપે આગળ વધતી રહી. તેની ચીમનીઓમાંથી કાળા ધુમાડાના ગોટેગોટા બહાર નીકળતા હતા અને માત્ર દસ મિનિટમાં ચેનલના મુખમાંથી નીકળીને ડોલ્ફિન આટલાંટિકમાં પ્રવેશી. વિનાશિકાથી તે હવે સલામત અંતરે હતી. અતિજ્વલનશીલ એવા તેલનો ઉપયોગ ડોલ્ફિન માટે જોખમી નીવડવાની પૂરેપૂરી શક્યતા હતી. તેનાથી વધુ પડતી ગરમી અને વરાળના વધુ પડતા દબાણથી બૉઈલર ફાટવાના અથવા દરૂજી રહેલા એન્જિનના મિજાગરા ઊખડી જતા, એન્જિન ખોટકાવાનો ભય હતો. જોકે આવું જોખમ ખેડ્યા વિના આવી મુશ્કેલીમાંથી ડોલ્ફિનનો ઉગારો શક્ય ન હતો. કપ્તાન જેમ્સનો અંતિમ જોખમી દાવ સફળ રહ્યો.

''બચી ગયા...! આપણે વિનાશિકાથી હવે સલામત અંતરે છીએ.'' કપ્તાને ખુશીથી બૂમ પાડી.

સ્ટીમરના અન્ય ખલાસીઓએ પણ હર્ષના પોકારો પાડ્યા.

ડોલ્ફિન હવે સંપૂર્ણ રીતે સલામત હતી એવો ખલાસીઓને વિશ્વાસ બેઠો, પરંતુ એવી આશા ઠગારી નીવડી. હજી પણ પીછો કરતી એક નાની તોપનૌકાએ એની ઉપર છેલ્લો પ્રહાર કર્યો. એમાંથી છોડાયેલો એક ગોળો હવાના સૂસવાટા બોલાવતો, ડોલ્ફિનની દિશામાં ઊંચે ચડતો દેખાયો. એની ઊંચાઈએ પહોંચ્યા બાદ એણે કમાનાકારે ડોલ્ફિન તરફની દિશા પકડી. તીવ્ર ઝડપે આવી રહેલા આ ગોળાને અટકાવવાનો કોઈ પણ ઉપાય ડોલ્ફિન પાસે ન હતો. સૌ અવાક્ બનીને એમની તરફ

ધસમસી રહેલા ગોળાને ભયભીત નજરે જોઈ રહ્યા. નીચે આવતો એ ગોળો આખરે તૂતક પર પડ્યો. એ સાથે એની જામગરી સળગી રહી હતી. ભયભીત ખલાસીઓ ત્યાંથી દૂર ખસવા લાગ્યાં ત્યાં એક બહાદુર એકાએક ત્યાં ધસી ગયો. તે હેલીબર્ટનો વફાદાર સેવક ક્રોકસ્ટોન હતો. કાંઈ પણ વિચાર કર્યા વિના તેણે બંને હાથે સળગતા ગોળાને ઊંચકી બહાર પાણી તરફ ઘા કર્યો.

આ રીતે ઘા કરાયેલો ગોળો સમુદ્રની સપાટી સુધી માંડ પહોંચ્યો હશે ત્યાં ધડાકાભેર ફાટ્યો. ક્રોકસ્ટોનની આવી બહાદુરીને કારણે ડોલ્ફિન તેની છેલ્લી મુસીબતમાંથી પાર ઊતરી હતી. ક્રોકસ્ટોનના બંને હાથ દાઝી ગયા હતા. જેને તે પંપાળી રહ્યો હતો. બધા ખલાસીઓ હર્ષના પોકારો પાડી ઊઠ્યા, ''શાબાશ ક્રોકસ્ટોન ! શાબાશ.''

ચાર્લસ્ટનની દીવાદાંડી દક્ષિણ પશ્ચિમમાં દેખાતી અદૃશ્ય થઈ હતી. ડોલ્ફિન આટલાંટિકમાં કોઈ પણ ભય વગર આગળ વધી રહી હતી. તોપખાના દ્વારા છોડવામાં આવતા તોપગોળાના વિસ્ફોટોના અવાજોની તીવ્રતા પણ ઘટી હતી.

ક્ષિતિજ પર તોપગોળાઓની આતશબાજીએ સર્જેલા લીસોટા હજુ એ વાતનું સમર્થન કરતા હતા કે ઉત્તરી રાજ્યો અને દક્ષિણી રાજ્યોનાં દળો વચ્ચે હજુ તોપમારો ચાલુ હતો. થોડા સમય પછી અમેરિકાનો કાંઠો કાળા અંધકારમાં ઓગળી ગયો.

❐

# સંત મંગો

## ૧૦

દિવસ દરમિયાન જોખમી દોડાદોડી પછી રાતભર ડોલ્ફિન એકધારી ગતિથી ઉત્તરમાં ધસતી રહી. ગઈ કાલના તણાવથી સૌ મુક્ત હતા. સૂર્યોદયે અમેરિકાનો કાંઠો દેખાતો બંધ થયો. ડોલ્ફિન હવે આટલાંટિકના પાણીમાં સ્કોટલેન્ડની દિશામાં આગળ વધી રહી. ક્ષિતિજ ઉપર અન્ય કોઈ જહાજ દેખાતું ન હતું. ડોલ્ફિન હવે સંપૂર્ણ સલામત વિસ્તારમાં હતી. હવે તેને આગામી વળતી સફરમાં કોઈ મોટું જોખમ ન હતું. ભયજનક હદ કરતા પણ વધુ ઝડપને હવે હળવી કરી દેવામાં આવી. દસ દિવસ ચાલેલી આવી હળવી અને શાંતિભરી સફરમાં કોઈ અકસ્માત કે અન્ય નવાજૂની થઈ ન હતી.

એ દરમિયાન પિતા-પુત્રી બહાદુર અને યુવા કપ્તાન જેમ્સની ઉષ્માભરી મહેમાનગતિ માણતાં રહ્યાં. મિસ્ટર હેલીબર્ટ સાથે પણ એ અંગે વાતો થતી રહી. કેદમાંથી મુક્તિ અને પોતાની પુત્રી સાથેના પુનર્મિલનથી હેલીબર્ટ પણ ખૂબ ખુશ હતા. કપ્તાન જેમ્સ જેની પ્રત્યેની પોતાની લાગણીઓને લાંબો સમય છુપાવી શકે તેમ ન હતા. તેમણે જેની સમક્ષ પ્રેમનો એકરાર કર્યો. જેનીએ પોતે પણ તેમના પ્રેમમાં હોવાનો સ્વીકાર કર્યો.

હેલીબર્ટને છોડાવવા માટે ક્રોકસ્ટોને જેની જોડે રમત કરી હતી. તેનો પણ તેણે એકરાર કર્યો. જેનીએ પણ સસ્મિત ચહેરે તેને માફી આપી. જેની જાણતી હતી કે આવા જૂઠમાં ક્રોકસ્ટોનનો કોઈ અંગત સ્વાર્થ ન હતો. એને કારણે જ એના પિતા મોતની સજાની છાયામાંથી પરત આવ્યા હતા અને પોતે પણ કપ્તાન જેમ્સ પ્લેફેર જેવા બહાદુર યુવાનની નજીક જઈ શકી હતી.

૧૪મી ફેબ્રુઆરી, ૧૮૬૩ના દિવસે ગ્લાસગોના પ્રાચીન સંત મંગો દેવળમાં વિશાળ જનમેદની એકઠી થઈ હતી. જેમાં ગ્લાસગોના બધા વેપારીઓ, ઉત્પાદકોથી માંડી શહેરના મોટા અગ્રણીઓ પધાર્યા હતા. સંત વેલેન્ટાઈનની યાદમાં વેલેન્ટાઈન દિવસ તરીકે પ્રેમના પ્રતીક રૂપે ઉજવાતા આ દિવસે દેવળમાં પ્રસંગ હતો, કપ્તાન જેમ્સ પ્લેફેર અને જેની હેલીબર્ટના લગ્નનો. જેની દુલ્હનનાં શ્વેત વસ્ત્રોમાં સુંદર લાગતી હતી. એની બાજુમાં અણવર તરીકે ઊભો હતો ક્રોકસ્ટોન. જ્યારે દુલ્હા જેમ્સ પ્લેફેર સાથે આવ્યા હતા તેના અંકલ વિન્સેન્ટ પ્લેફેર. ગ્લાસગોના પ્રાચીન દેવળમાં યોજાયેલા આ લગ્નમાં દરેકના મોંઢે કપ્તાન જેમ્સ પ્લેફેરની બહાદુરીની જ એકમાત્ર વાત હતી. લોકો અજાણી વ્યક્તિઓ માટે ઉઠાવેલા આ જોખમને કપ્તાનની દરિયાદિલી, પરોપકાર અને નિસ્વાર્થભાવે ખેડેલા જોખમને વખાણતા હતા. ડોલ્ફિનના ઈતિહાસની હવે બધાને જાણ હતી.

આ બાબતે કપ્તાન જેમ્સના વિચારો એકદમ જુદા હતા. તેમના મતે તેમણે ઉઠાવેલા જોખમ અને ખેલેલા દાવના બદલામાં તેમને મળેલું વળતર અનેકગણું વધારે હતું. તેમને આ સફરમાં જેની જેવી સુંદર, હોશિયાર અને બહાદુર જીવનસાથી મળી હતી. જેનું મૂલ્ય તેમને મન આંકી શકાય તેમ ન હતું.

સાંજે ગ્લાસગોની ગોર્ડન સ્ટ્રીટમાં આવેલા વિન્સેન્ટ પ્લેફેરના નિવાસસ્થાને ભવ્ય મિજબાનીનું આયોજન કરવામાં આવ્યું. આ મિજબાનીનું આયોજન ડોલ્ફિનની સફળ સફર ઉપરાંત જેમ્સ અને જેનીના લગ્નની ઉજવણી અર્થે કરવામાં આવ્યું હતું. સમારંભમાં હાજર દરેક વ્યક્તિ ખુશ હતી. મોડી રાત્રે આ મહેફિલ પૂરી થતા અને આવેલા મહેમાનો ઘરે ચાલ્યા જતા કપ્તાન જેમ્સ પ્લેફેર તેના અંકલ વિન્સેન્ટ પાસે આવ્યા અને બોલ્યા,

“અંકલ વિન્સેન્ટ…”

જેમ્સના આવા સંબોધન અને મુખના હાવભાવ પરથી તે કંઈ વાત કરવા ઈચ્છતો હોય તેવું લાગ્યું. તેમણે તેને તે અંગે પૂછ્યું,

કપ્તાન જેની સમક્ષ ઈશારો કરતા બોલ્યા,

“અમેરિકાની આ સફરમાં સાથે આવેલી આ ખૂબસુંદર ભેટ તમને કેવી લાગી ?” તેમનો નિર્દેશ જેની અંગે હતો.

મિસ્ટર વિન્સેન્ટ પ્લેફેર આનંદિત થઈ બોલ્યા,

“મારી પુત્રવધૂ તરીકે તે જેનીની આપેલી ભેટ એ અત્યાર સુધી તેં મને આપેલી સૌથી મોટી અને અમૂલ્ય ભેટ છે. જેની જેવી પત્ની તને મળી તે બદલ હું ખૂબ ખુશ છું અને આજીવન તમે ખુશ રહો તેવી મારી શુભકામનાઓ તમારી સાથે છે.”

એ સિવાય આ સફરથી પ્લેફેર એન્ડ કંપનીને થયેલા આર્થિક લાભ અંગેની વાત કરતા મિસ્ટર વિન્સેન્ટ પ્લેફેરે આગળ ચલાવ્યું, “ડોલ્ફિન પર અમેરિકાથી લાવવામાં આવેલી રૂની ગાંસડીઓના વેચાણથી પણ પ્રત્યેક ગાંસડીએ આપણને ત્રણસો પંચોતેર સેન્ટ જેટલો જંગી નફો પ્રાપ્ત થયો છે.”

●●